'नारी अत्यंत संवेदनशील है या होती है.' यह बात मैं जब से समझने बूझने लगी हूँ तब से सुनती आ रही हूँ. न केवल मैं, अपितु आप भी. जाने कब से चला आ रहा होगा ? घीसा-पिटा भी हो गया होगा. लेकिन फिर भी इस कदर चलता आ रहा है जैसे नारी के अतिरिक्त इस सृष्टि का कोई प्राणी संवेदनशील होता ही नहीं. अगर होता भी होगा तो बची-कुची संवेदना ही उसके हिस्से आ पाई होगी. ख़ैर, विषय पर आगे बढ़ने से पहले संवेदना का अर्थ समझ लेते हैं- 'संवेदना मनुष्य के व्यक्तिगत अनुभवों या किसी के दुखों को देखकर उठने वाला सहानुभूति का भाव है.' अब यह शब्द, जब नारी जाति के साथ जुड़ता हैं तो नारी संवेदना हो जाता है फिर इसका अर्थ संकुचित होकर केवल और केवल नारी मन में उपजी समस्याओं, दुःखों, कष्टों, आशा और निराशा के भावों का बोध कराती हैं. अर्थ को जान लेने के बाद आप इतना तो समझ ही गये होंगे कि संवेदना शब्द केवल नारी के हिस्से का नहीं हैं. फिर प्रश्न यह है कि जब-जब इस शब्द का जिक्र होता है तो नारी की प्रतिमा हमारे मन में क्यों बनने लगती है ठीक वैसे ही जैसे

पद्मावती नाम लेते ही सुंदर राजकुमारी की कल्पना करने लगते है. इस प्रश्न के बारे में विचार करें तो मेरा मत यह है कि सृष्टि की रचना भले ही किसी दैवीय शक्ति से हुई हो. परन्तु इस सृष्टि को चलायमान रखने में नर और नारी दोनों का महत्वपूर्ण अवदान है. अब बात आती हैं नारी-संवेदना कि तो नारी वह हैं जिसकी कोख में सृष्टि का हर मनुष्य बीज रूप में अंकुरित होता है और उनके लिए संवेदना के भाव एक नारी मन में आना स्वाभाविक है.

मनुष्य एक सामाजिक प्राणी है और वह जैसे ही समाज में प्रवेश करता है वैसे ही उसके सुख दुःख का विस्तार होने के साथ-साथ वह एक दूसरे पर आश्रित हो जाते हैं. चूँकि पहले कहा जा चुका है कि नारी-संवेदना एक स्वाभाविक क्रिया है. हालांकि पुरुष भी इससे अछूते नहीं है पर नारी अपेक्षाकृत अधिक संवेदनशील होती हैं. यही कारण है कि दया, करुणा, सहानुभूति, सहनशीलता, परोपकार आदि भावों से उसका हृदय हमेशा अलंकृत रहता है. कहते है न कि किसी भी चीज की अति हमेशा घातक होती है -

**" अति रूपेण वै सीता ह्यतिगर्वेण रावण:**

**अतिदानाद् बलिर्बद्धो ह्यति सर्वत्र वर्जयेत्."**

उसके हृदय के शोभाकारक इन गुण-तत्वों की आड़ में समाज उसे कमजोर बनाने लगा. समाज का एक हिस्सा अर्धनारीश्वर की संरचना को तोड़कर नारी को हीनता की बेड़ियों के बीच धकेलने का प्रयास करता आया है. उसके

इन प्रयासों में वह कहाँ और कितना सफल हुआ है और कितना असफल ये तो आप और मैं जानते ही हैं. बात नारी-बीच संवेदना की हो रही हैं तो संवेदनाएँ कोमल होती हैं, नाजुक होती हैं और स्त्री भी. इसका अर्थ हुआ कि नारी के बीच संवेदनाएँ अपने सहज भाव में रहती हैं.

अब तक हम एक ही पहलू की चर्चा कर रहे थे. आइये, दूसरे पहलू को भी देख लें जैसा कि ऊपर कहा है कि संवेदनाएँ नाजुक होती हैं, तो नाजुक चीजें तो संभालकर रखने की होती हैं न; फिर हमने स्त्री के सन्दर्भ में भी तो यही बात कही थी. अब काँच जैसी नाजुक चीज टूटेगी तो उसकी किरचें घातक तो होगी ही न. और आप ये कैसे भूल सकते हो कि जो ममता की मूरत हैं वो शक्ति स्वरूपेण भी तो है. नारी की सम्वेदनाओं से केवल पुरुष ही खेलते हैं ऐसा नहीं हैं एक नारी भी.... .

ख़ैर, हम सब वाकिफ है समाज की स्थितियों-परिस्थितियों से लेकिन कुछ भी हो इस जकडन के बीच भी नारी ने अपनी सशक्तिकरण की राह तलाश ली हैं जिस पर चलने के लिए वह अपनी सकारात्मक ऊर्जा और सोच के साथ जुटी हुई हैं.

# महिला सशक्तिकरण बनाम स्त्री संवेदनाएँ

**डॉ. वनमाला बाविस्कर,**
**डो. बाबासाहेब अंबेडकर ओपन युनिवर्सिटी.**

या देवी सर्वभूतेषु शक्ति-रूपेण संस्थिता।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नम;

आज विश्वभर में महिला सशक्तिकरण शब्द बहुत ही प्रचलित है। खास करके 8 मार्च अंतर्राष्ट्रीय महिला दिवस , इस मौके पर विविध संस्थाओ मेँ महिलाओं के सन्मान मे अलग अलग कार्यक्रमों का आयोजन किया जाता है। दिल्ही मे तीसरी महिला पोस्ट ऑफिस का शुभारंभ हुआ। नई दिल्ही में नीति आयोग ने अंतर्राष्ट्रीय महिला दिवस के उपलक्ष में वुमेन ट्रान्स्फ़ोर्मिंग इंडिया अवार्ड्स के चौथे संस्कारण का आयोजन किया गया जिसमें  रक्षा मंत्री राजनाथ सिंह ने वाणिज्यिक और सामाजिक दोनों क्षेत्र में महिलाओं को पुरस्कार प्रदान किए गए।

महिला सशक्तिकरण को दो शब्दों मेँ कहा जाए तो इससे महिलाओं को उनकी शक्ति से परिचित करवाया जाता है। 1911 से अब तक हम 109 बार महिला दिवस मना चुके है और मनाना भी चाहिए इसमें कोई दोराय नहीं है। किन्तु महिला सशक्तिकरण एक पहलू है दूसरा पहलू स्त्री की सवेदनाओं से जुड़ा हुआ है।

नारी अबला तो नहीं है पर मैथिली शरण गुप्त जी की दूसरी पंक्ति आज भी प्रासंगिक है ,ज्यादा तर परिस्थितियोमें नारी की आंखे संवेदनशील होने के कारण छलक जाती हैं ।

**अबला जीवन हाय तुम्हारी यही कहानी,**

**आँचल में है दूध और आँखों में पानी।**

नारी प्रेम, त्याग और दया की मूर्ति है और जहां भाव हैं वहीं संवेदनाएं भी होती हैं । नारी जितनी कठोर है उतनी ही मृदु भी है। उसे कोई नहीं समज पाता है वह अपने आप को ही यह समजा पाती है जब कभी ऐसे मौके आते हैं . जिनमे उसे सशक्त बताया जाता है। जब संवेदना और सशक्तिकरण के बीच  टकराव होता है तब संवेदनाएँ जीत जाती है। नारी अपने आपको कभी भी कमजोर नहीं पड़ने देती । लेकिन संवेदनाएँ उभर कर आने पर वह कमजोर दिखने लगती है । जब कि संवेदनाएँ उसकी ताकत है कमजोरी नहीं । क्योकि स्त्री, एक माँ है, बेटी है, बहन है, पत्नी है, बहू है। वह अपने भीतर की संवेदनाएँ दबा कर रखती है। सब कुछ सहती है।  जब पूरा हृदय रूपी सागर भर जाता है तब वह छलक पड़ता है। सशक्त होने के बावजुत वह कुछ नहीं कर पाती तब उसे ठेस पहुँचती है। आज के दौर मे स्त्री की संवेदनाओं को मजबूत बनाना होगा।  इसीलिए सशक्तिकरण के दौरान भौतिक , आध्यात्मिक शारीरिक और मानसिक सभी स्तर पर माहिलाओं में आत्मविश्वास जागृत करना सबसे महत्वपूर्ण है । महिला सशक्तिकरण

एक अभियान है। इसके अंतर्गत महिलाओं को जागृत कर उनकी सामाजिक और आर्थिक प्रगति और भागीदारी को प्रोत्साहित किया जाना चाहिए यह उसके सर्वांगी विकास के लिए अतिशय महत्वपूर्ण है। एक सशक्त समाज की रचना हेतु महिलाओं का सभी क्षेत्र में सक्षम होना बहुत ही जरूरी है। हर रोज उन्हें उतनाही सन्मान मिलना चाहिए जितना 8 मार्च को मिलता है उनके लिए हर रोज महिला दिन होना चाहिए। इसकी शुरवात घर से शुरू होते हुए समाज, देश और दुनिया तक पहुंचनी चाहिए।

अस्तु

# કોરોના અને તેનાં જેવા અનેક રોગોને થતાં રોકવામાં ભારતીય નારીનું તથા ભારતીય સંસ્કૃતિનું આગવું મહત્વ

ડૉ. કિંજલ અમીન દેસાઈ

ભારતીય પરંપરામાં, સાંસ્કૃતિક રિતરિવાજોમાં અને ધાર્મિક વિધિવિધાનમાં વિજ્ઞાન ને સાહજિક રીતે જ સમાવિષ્ટ કરવામાં આવેલ છે. ભારતીય સમાજમાં નારીને કુટુંબના મહત્વનાં ઘટક તરીકે અને સામાજિક રિવાજોમાં અગત્યના સ્તંભ તરીકે સૈકાઓથી મહત્વ મળેલ છે.

આજનાં સમયમાં વિશ્વ જ્યારે કોરોનાની મહામારીનો સામનો યુદ્ધનાં ધોરણે કરી રહ્યું છે. સ્વાસ્થ્ય સાચવવામાં ભારતીય સ્ત્રીની ભૂમિકા અને વિજ્ઞાન ની દ્રષ્ટિએ ખૂબ જ અગત્યની કેટલીક દિનચર્યા છે જે ભારતે સદીઓથી જીવન જીવવાની રીત તરીકે સ્વીકારી છે અને એનાથી અનેક રોગો અને મહામારીઓથી આપણને સૌને રક્ષણ મળી રહ્યું છે. આજના સમયનાં સંદર્ભમાં જેનો ઉલ્લેખ અને પ્રચાર પ્રસાર અતિઆવશ્યક છે.

આપણી સંસ્કૃતિમાં સ્વચ્છતાનું મૂલ્ય અને મહત્વ છે અને ઘરની સ્વચ્છતામાં અને બાળકોની કેળવણીમાં નારીનો ફાળો અનોખો છે. સવારે પ્રાતઃ કાળમાં જ સ્નાનાદિથી

પરવારીને જ રસોઈઘરમાં જવું એ નિયમ એ ખોરાકની શુદ્ધતા માટે જ તો છે. રોજ માટલાં વિચ્છળીને જ સ્વચ્છ પાણીનો સંગ્રહ કરવો અને પાણિયારે દીવો કરવો અને દીવો-પૂજા કરીએ એ જગ્યા સ્વચ્છ જ રાખવી એ પાણીની શુદ્ધતા માટે જ તો છે. ઘર માં ટાંકા બનાવડાવીને વરસાદનું સ્વચ્છ પાણી સંગ્રહ કરવાની પધ્ધતિ બારેમાસ પીવાલયક પાણીની વ્યવસ્થા એ સ્વાસ્થ્ય જાળવવા અને સંકટ સમયે તકલીફનાં પડે એના માટે જ તો છે.

સ્ત્રી સવાર-સાંજ ઘરમાં આરતી કરીને એમાં કપૂરનો ઉપયોગ વાયરસનો નાશ કરે છે. ઘરમાં તુલસીનો છોડ અને ત્યાં સંધ્યા ટાણે દીવો અને પુજા, પીપળાનાં વૃક્ષની પુજા અને જતન, આંબાના તોરણ, આંબાના લાકડાનો ઉપયોગ કરીને વિવિધ ઔષધિઓનો ઉપયોગ કરીને નાના- મોટા દરેક પ્રસંગે યજ્ઞ કરવો કે જે રોગકારક જંતુનો જેવા કે વાયરસ અને બેક્ટેરિયાનો નાશ કરીને હવાનું શુધ્દિકારણ જ તો કરે છે.

બહારથી આવીને હાથ પગ ધોવા, દિવસમાં 2-3 વાર સ્નાન કરવું એ આપણી માતા નાનપણથી જ શીખવાડે છે. ઘરનાં અને બહારનાં કપડાં જુદા રાખવા, રસોઈ કરતાં પહેલા સ્નાન કરવું, કુદરતી હાજતેથી આવીને સ્નાન કરવું , સ્મશાનથી આવીને સ્નાન કરવું વગેરે સદીઓથી ચાલતી પરંપરા છે અને એ સ્વાસ્થ્ય અને સ્વચ્છતા જાળવવા માટે

જ તો દૈનિક અને લૌકિક ક્રિયાઓ સાથે જોડવામાં આવ્યા છે.

ગૃહિણીઓ વર્ષભરનું અનાજ, કઠોળ, મસાલા ભરે છે એ કુદરતી હોનારતોનાં સમયે ખવાપીવાની અગવડ નાં પડે એના માટે તથા બીજી કોઈ તકલીફના સમયે સંકટ સામાની સાંકળ બને છે. શાકાહારી ભોજન અને પાછી એ ભોજનમાં વિવિધતા અને સંતુલિતતા જેમકે બુધવારે મગ, ગુરુવારે પીળી વાનગી જેવી કે દાળ, ઉપવાસ સમયે જુદા પ્રકારનો હળવો ખોરાક, આગિયારસનાં ઉપવાસ, અનેક તહેવારોના તાણાવાણાંમાં ગુંથાયેલું ધાર્મિક આચરણ અને એને અનુસાર ભોજનની વિવિધતાઓ અને પ્રકૃતિને તાલમેલમાં રાખીને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ રચવામાં આવેલા રીતિરિવાજો એ શારીરિક સુખાકારી માટે અને સામાજિક સ્વાસ્થયની જાળવણી માટે જ તો છે.

વૃક્ષોને પૂજવા, પ્રકૃતિને પૂજવી, પશુ પક્ષીઓને દેવ સમાન ગણીને પુજા કરવી અને  એમને ચારો તથા ચણ નાખવું, શાકાહાર અપનાનવવો એ શું છે? વિજ્ઞાન જ તો છે. પ્રકૃતિને સંતુલિત રાખવા માટે ખૂબ જ અગત્યનું છે. હવામાન અને આબોહવાને અનુલક્ષીને અલગ અલગ વિસ્તારોમાં વિવિધ ખાન-પાન ની રીત અને પોષાકની વિવિધતા એ સ્વાસ્થ્યને મજબૂત અને નિરોગી રાખવા માટે જ તો છે જેને આપણે સંસ્કૃતિ સાથે જોડયું છે.

ભારતીય સંસ્કૃતિમાં બે વ્યક્તિ વચ્ચે વાતચીત વખતે 2 થી 3 ફૂટનું અંતર હોય છે જ્યારે વિદેશી સંસ્કૃતિમાં આ અંતર લગભગ 1 ફૂટ જેટલું જ હોય છે અને વળી વિદેશમાં પાછું હાથ મિલાવીને વાતચીતની શરૂઆત થાય છે. જ્યારે ભારતમાં અતિથિને બે હાથ જોડીને આવકારવા અને મર્યાદિત સંપર્ક રાખવો એ આપણી સંસ્કૃતિની ઓળખ છે. કોરોના જેવા રોગ કે જે રોગી વ્યક્તિના પ્રત્યક્ષ સંપર્કમાં અવવાથી ફેલાય છે જે બીજા દેશોમાં અતિ ઝડપે ફેલાઈ રહ્યા છે જ્યારે આપણી રહનસહનની રીતના કારણે ભારતમાં આ રોગ ફેલાવાની ઝડપ ઘણા અંશે મર્યાદિત છે. આજે સમગ્ર વિશ્વએ અભિવાદન કરવા માટે નમસ્કારની મુદ્રા નો સ્વીકાર કર્યો છે.

દૈનિક યોગાભ્યાસ અને પ્રાણાયામની ક્રિયાઓ એ શરીર અને મનને મજબૂત કરવા માટે જ તો છે. આજે આખા વિશ્વએ આ પ્રણાલીઓને સ્વીકારી છે અને એનો અભ્યાસ દરેક દેશમાં થવા લાગ્યો છે.

ભારતની સ્ત્રીનાં રસોડાનાં મસાલિયાનાં ડબ્બામાં વૈદ્ય કક્ષાની સામગ્રીઓનો દૈનિક ઉપયોગ ખૂબ સામાન્ય છે. જેનાથી સામાન્ય રોગો જેવાકે શરદી, ઉધરસ, તાવ, દુખાવો, કબજિયાત, અપચો વગેરેને થતાં પહેલા જ અટકાવી શકાય છે અને સ્વાસ્થ્યની જાળવણી શક્ય બને છે.

ગરમ ખોરાક અને તાજો રાંધેલો ખોરાક જ લેવો અને હવા ઉજાસને ધ્યાનમાં રાખીને વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ઘરની બાંધણી કરાવવી, રાતે વહેલા સૂઈ ને સવારે વહેલા ઊઠવું. કપડાં ધોઈને તડકે નાખવાં, સવારે સૂર્યને અંજલિ આપવી અને થોડો સમય કુમળા સૂર્યપ્રકાશમાં રહેવું એ શું છે? વિજ્ઞાન જ તો છે. વિટામિન ડી-૩ પણ મળે અને શરીર પરના વાયરસ સૂર્યના તાપમાં ટકી પણ નાં શકે.

દિવાળી વખતે સમગ્ર ઘરની સાફસફાઇ, ઘર ધોળાવવું, ગાદલાં તપાવવા, અનાજ અને કઠોળ તપાવવા એ બધુ શું છે!? વાયરસ અને જીવજંતુઓથી મુક્ત કરવા માટે જ તો છે.

કુલ મળીને ભારતીય સંસ્કૃતિ પ્રમાણે જીવાતું જીવન, સામાજિક અને ધાર્મિક રિતરિવાજોનું પાલન કરતાં-કરાવતાં સ્વાભાવિક રીતે જીવાતું જીવન એ એક વૈજ્ઞાનિક ઢબે જ જીવાતું જીવન છે. અને ઘરની શ્રી સમી સ્ત્રીનો આ બધામાં અમુલ્ય ફાળો છે. જગજનાની માં અને નારી તું નારાયણી એ અમથું થોડું કહેવાય છે!

# સ્ત્રી: અસ્તિત્વ વગરની ઓળખ


કિંજલ જી. પરમાર,

આસિસ્ટન્ટ પ્રોફેસર,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

અમદાવાદ.



**સારાંશ**

આજનો યુગ ૨૧મી સદીનો યુગ છે, જેમાં સામાન્ય રીતે સ્ત્રી-પુરુષ ને સમાન ગણવામાં આવતા હોય છે. સમય, સ્થળ અને સમજણની સાથે સ્ત્રીની એક અલગ ઓળખ બનતી હોય છે. સ્ત્રીને સહનશક્તિ, નારી તું નારાયણી, સહાનુભૂતિ, લાગણીસભર જેવા નામોથી ઓળખવામાં આવે છે. વિશ્વભરમાં ૮ માર્ચના રોજ મહિલાદીન તરીકે મનાવવામાં આવે છે. મહિલાદિનની ઉજવણી સ્ત્રીને મહત્વકાંક્ષી બનાવે છે કારણકે ક્યારેય નરદિન જેવા દિવસની ઉજવણી કરવામાં આવતી નથી. એક મહાન લેખક દ્વારા કહેવામાં આવ્યું છે કે એકલી સ્ત્રી ૧૦૦ ઘરોના કામ કરીને પણ પોતાના બાળકોનું ગુજરાન કરી શકે છે પરંતુ એકલો પુરુષ સ્ત્રી વગર હાથ-પગ વિનાનો અપંગ બની જાય છે. એક સમય એવો હતો જયા સ્ત્રીઓને માત્ર ઘરની ચાર દીવાલમાં રેહવાનું ફરમાન હોય છે, સ્વતંત્રતા પહેલાનો સમય પર ધ્યાન દોરીયે તો રાણી લક્ષ્મીબાઈ, સાવિત્રીબાઈ ફૂલે, સરોજિની નાયડુ  જેવી મહિલાઓ દેશ

તેમજ સમાજ સુધારણા માટે પોતાની પરવા નહોતી કરી, તેઓ મહિલાઓ માટે એક વિચાર બનીને આજે પણ જીવંત છે. સ્ત્રી એક ઓળખ  છે પરંતુ તેની ઓળખનું અસ્તિત્વ આજે સમાજની રીત-રીવાજ, પરંપરાઓ માં સમાઈ ગયું છે.

ચાવીરૂપ શબ્દો: શક્તિ, સ્ત્રી, સશક્તિકરણ, અસ્તિત્વ, નર-નારી

**પ્રસ્તાવના**

આજનો યુગ ૨૧મી સદીનો યુગ છે, જેમાં સામાન્ય રીતે સ્ત્રી-પુરુષને સમાન ગણવામાં આવતા હોય છે. સમય, સ્થળ અને સમજણની સાથે સ્ત્રીની એક અલગ ઓળખ બનતી હોય છે. સ્ત્રીને સહનશક્તિ, નારી તું નારાયણી, સહાનુભૂતિ, લાગણીસભર જેવા નામોથી ઓળખવામાં આવે છે. વિશ્વભરમાં ૮ માર્ચના રોજ મહિલાદિન તરીકે મનાવવામાં આવે છે. મહિલાદિનની ઉજવણી સ્ત્રીને મહત્વકાંક્ષી બનાવે છે કારણકે ક્યારેય નરદિન જેવા દિવસની ઉજવણી કરવામાં આવતી નથી. પ્રથમ રાષ્ટ્રીય મહિલા પરિષદમાં સ્ત્રી વિષયક અભ્યાસોના સંદર્ભમાં જણાવવામાં આવ્યું કે “ **Women’s studies in the sense of scientific studies of women’s multiple role in the society must become a component in different subject and find a place in all social sciences.”** આમ સ્ત્રી વિષયક અભ્યાસો એટલે સમાજમાં સ્ત્રીઓની

બહુવિધ ભૂમિકાના સંદર્ભમાં વૈજ્ઞાનિક અભ્યાસો અને જુદા જુદા વિભાગો ન હોવા છતાં સામાજિક વિજ્ઞાનોમાં એનું સ્થાન જોવા મળે છે. એક મહાન લેખક દ્વારા કહેવામાં આવ્યું છે કે એકલો સ્ત્રી ૧૦૦ ઘરોના કામ કરીને પણ પોતાના બાળકોનું ગુજરાન કરી શકે છે પરંતુ એકલો પુરૂષ સ્ત્રી વગર હાથ- પગ વિનાનો અપંગ બની જાય છે. સામાન્ય રીતે જોઈએ તો સ્ત્રીઓને માત્ર ઘરની ચાર દીવાલમાં રેહવાનું ફરમાન હોય છે. ડૉ.ચંદ્રિકા રાવલ અને ડૉ શૈલેજા ધ્રુવ (૨૦૧૩) દ્વારા સ્ત્રીઓ અને સમાજ ઉપર અભ્યાસ કરવામાં આવ્યો હતો જેમાં તેમને જણાવ્યું હતું કે સ્ત્રી અને સમાજ એકબીજાના પર્યાય છે. વર્તમાન સમયમાં નારીવાદી દ્રષ્ટિકોણથી થયેલા સંશોધન એ નવા ખેડાણો અને પડકાર ઊભા કર્યા છે. સમાજના ઉદ્ભવકાળથી સમાજજીવનના વિવિધ પાસા, સબંધ, સમસ્યાઓ વગેરે સાથે સ્ત્રી જીવન અભિન્ન રીતે સંકળાયેલી છે. સ્ત્રી જયારે ઘરની ચાર દીવાલ ને પાર કરી મેદાનમાં તલવાર લઇ ઉભી રહે ત્યારે સ્ત્રી નહિ પરંતુ સ્ત્રી શક્તિ સ્વરૂપે બહાર આવે છે

સ્ત્રી અસ્તિત્વ

સમાજમાં સામાન્ય રીતે જોઈએ તો સ્ત્રીઓ કરતા પુરુષોને વધારે માન આપવામાં આવતું હોય છે. સ્ત્રી એટલે ઘરની રખેવાળી, કુટુંબનો આધાર, પુરુષોનું અર્ધઅંગ આવા વિચારો આજની પેઢીએ પણ અમલમાં

નથી આવ્યા. લોકો વાતો તો મોટી કરી શકે છે કે તેઓ સ્ત્રીઓને સન્માન આપે છે, તેમના હક્કો અને અધિકારો વિષે ચર્ચા કરે છે પરંતુ એ સમાજમાં જયારે સ્ત્રીના ચરિત્રમાં સવાલ ઉઠે છે ત્યારે સમાજની બધી ખરાબ આંગળીઓ સ્ત્રી તરફ જ ચીંધવામાં આવે છે. સંયુક્ત કુટુંબમાં સ્ત્રીઓના બોલવા–ચાલવા, હરવા- ફરવા, કપડા પેહરવા આ બધી વાતોમાં બંધન રહે છે. જયારે સતયુગ ચાલતો હતો ત્યારે ભગવાનને પણ મહિસાસુર જેવા રાક્ષસનો નાશ કરવા એક સ્ત્રીની મદદ લેવી પડી હતી.

દુનિયામાં વિકાસ થતો ગયો વિવિધ પ્રકારના કાયદાઓ પણ આવ્યા પરંતુ ખરેખર જે સ્ત્રીનું અસ્તિત્વ સમાજ સામે રજૂ થવું જોઈએ એ શક્ય ન બન્યું. ધર્મ જુદા જુદા હોય તો શું સ્ત્રીનું અસ્તિત્વ બદલાઈ જાય છે એ મોટો પ્રશ્ન છે. હિંદુ, મુસ્લિમ , શીખ કે પારસી ધર્મ હોય પરંતુ સ્ત્રીનું વર્ચસ્વ ધર્મ નથી જોતું, સમાજ માત્ર જાતિથી જાણે છે. સ્ત્રી પોતાનું અસ્તિત્વ અને ઓળખ જાતે ઊભી કરતી હોય છે પરંતુ સમાજ તેના અસ્તિત્વને બહાર આવવા દેતો નથી. સંયુકત કુટુંબમાં જોઈએ તો એક દિવસ જો ઘરમાં સ્ત્રી ના હોય તો ઘર અસ્ત-વ્યસ્ત થઇ જાય છે. જયારે તે ઘરમાં હાજર હોય તો તેની જરૂરિયાત નથી દેખાતી પરંતુ જયારે ના હોય ત્યારે ખરેખર એની ગેરહાજરીમાં ખબર પડે છે. મોટી ઉમરની વ્યક્તિ સાથે નાની ઉમરની વ્યક્તિઓએ મર્યાદાપૂર્વક વર્તવું પડે છે. એવું કહેવાય છે

કે એક પુરુષ એક કુળનું સન્માન વધારે છે  પરંતુ એક સ્ત્રી બે કુળ, સમાજ, રાજય અને દેશનું સન્માન વધારે છે.

સ્વતંત્રતા પહેલાના સમય પર ધ્યાન દોરીયે તો રાણી લક્ષ્મીબાઈ, સાવિત્રીબાઈ ફૂલે, સરોજીની નાયડુ જેવી મહિલાઓ દેશ તેમજ સમાજ સુધારણા માટે પોતાની પરવા નથી કરી, તેઓ મહિલાઓ  માટે એક વિચાર બનીને આજે પણ જીવંત છે. ભારતીય સમાજમાં સ્ત્રીઓની પરપરાગત અને આધુનિક ભૂમિકા દરજ્જા સાથે અભિન્ન રીતે સંકળાયેલ છે.ભારતની બંધારણ, રાજનીતિના માર્ગદર્શન સિદ્ધાંતો, કાનૂનીકરણ, શિક્ષણ, સમૂહ માધ્યમો ઉપરાંત શહેરીકરણ, વગેરે સમાજના મૂલ્યોમાં પરિવર્તન આવ્યું છે. બંધારણની સમાનતાની વાસ્તવિકતા જુદી છે. આધુનિક વિચારસરણીવાળા કહેવાતા સમાજમાં સ્ત્રીઓ માટેના રીત-રીવાજો અને પ્રણાલીમાં ઓછુ પરિવર્તન આવ્યું છે. દુનિયાની દરેક સ્ત્રી માટે એવું કહી શકાય...

**એક હસતો ચહેરો, અશ્રુ સંતાડતો,**<br>
**બે આંખો જવાબદારીએ ઢળતી,**<br>
**બે અધરો સહનશક્તિ એ મલકતાં**<br>
**અરે આ શું! આ તો સ્ત્રી બની ગઈ**

આમ જ દુનિયાને સમાજની ભીડમાં એક સ્ત્રીનું સાચું, વાત્સલ્ય ભર્યું જીવન છુપાઈ ગયું છે. દરેક નારીનું ઉત્તમ ઘરેણું તેનું સન્માન અને ઈજ્જત હોય છે પરંતુ જયારે સમાજના અમુક નરાધમો દ્વારા એની ખરાબ છાપ

બનાવવામાં આવે છે. દેશના બંધારણમાં ભલે સ્ત્રીઓમાં માટે નવા કાયદા ઘડવામાં આવ્યા હોય પરંતુ એ કાયદાઓ કેટલા અમલમાં મુકાય છે એતો સમાજ જ જાણે છે. કાયદાઓ હોવા છતાં સ્ત્રીઓ સાથે બળાતકાર જેવા કૃત્યો થાય છે, જેમાંથી મોટાભાગના હવશખોરો સમાજમાં આવું કૃત્ય કરવા છતાં ઈજ્જતથી રહેતા હોય છે, ત્યારે મનમાં એક સવાલ ઉઠે છે કે શું ખરેખર સ્ત્રીના ઘરેણાંની કોઈ કિંમત નથી, આ સવાલ સમાજની એ દરેક વ્યક્તિને છે જે સ્ત્રીઓ માટે સન્માન ના દેખાડા કરે છે. સવાલ એજ છે માત્ર જવાબની દિશા બદલવાની જરૂર છે, નઝરિયે કી બાત હૈ, જ્યાં સુધી સ્ત્રી પોતે સક્ષમ નહી બને પોતાની માટે ત્યાં સુધી સમાજની ગુંચવણમાં ગુંચવાતા પોતાની ઓળખ નહી બનાવી શકે અને વર્તમાનની જેમજ સ્ત્રી: એક અસ્તિત્વ વગરની ઓળખ બનીને રહી જશે.

ધાર્મિક પરમાર (પ્રતીલીપી)

તું એક સ્ત્રી છે

ઊભી થા લક્ષને પામવા થા તૈયાર, જાતને રાખી અડગ

ખુદને સાંભળ

મજબુત ઈરાદે સપના કર સાકાર, શા માટે મરવું?

અસ્તાયને જ તું માર

કુળ-દીપક બની બે કુળને તાર, ખુદને પ્રફુલ્લિત કરી,

આનંદને સર

સંસારના માર્ગે ચલાવ બિંદાસ કાર, તું એક સ્ત્રી છે.

**સંદર્ભ**


- ડૉ.ચંદ્રિકા રાવલ અને ડૉ શૈલેજા ધ્રુવ (૨૦૧૩), સ્ત્રી અને સમાજ. પાર્શ્વ પબ્લિકેશન, ૨૦૧૩
- Pratilipi app (કવિતાઓ, નવલકથાઓ, સાહસકથાઓ તેમજ વિવિધ વાર્તાઓનો સંગ્રહ)

# સ્ત્રી શિક્ષણથી સ્ત્રીના દરજ્જા પર જાગૃતિ

**ડૉ. ગણેશ એચ. પ્રજાપતી,**
**આસિસ્ટન્ટપ્રોફેસર,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**પ્રસ્તાવના :-**

સ્વતંત્રતા બાદ ભારતમાં વસ્તી શિક્ષણનો વ્યાપ અને વિસ્તાર વધતો ગયો છે. તેમ સ્ત્રીના દરજ્જા અનેકવિધ અસરો થઇ છે. જેમાંની નોંધપરની અસરો આપણે તેમના પરિવર્તન સાથે જોવા મળે છે.

**વ્યક્તિનો વિકાસ :-**

શિક્ષણ વિના સ્ત્રી પરાધીન બની એનું વ્યક્તિત્વ કુઠિત અને પાંગણુ હતું તે સ્વતંત્ર રીતે કોઇ નિર્ણય લઇ શકતી ન હતી જેમ જેમ શિક્ષણ વધતુ ગયું તેમ સ્ત્રીને સર્વાંગી વિકાસની તક મળી છે. તેને પોતાની સુષુપ્ત શક્તિઓનેખીલવાની તક શૈક્ષણિક સંસ્થાઓમાં મળે છે. શાળા અને કૉલેજના વર્ગ, પ્રતિનિધિ, વિવિધ પ્રવૃતિઓ જૈી કે રમત-ગમ્મત, સંગીત, નાટ્ય, કલા વગેરેમાં ભાગ લેવાથી તેનો વ્યક્તિ મત્તાનો વિકાસ થાય છે. વર્તમાન સમયમાં શિક્ષણને લીધે તેનામાં આત્મવિશ્વાસ પ્રગટ થયો છે. બૌઘ્ધિક રીતે નિર્ણયો લેતી થઇ છે.

**જાગૃતિ :-**

શિક્ષણને લીધે સ્ત્રીઓમાં વિવિધ જાગૃતિ આવી છે. તે પોતાના હક્કો અને ફરજોને વધુ સારી રીતે સમજતી થઇ છે. સમાજમાં સામાજિક, આર્થિક, વ્યાવસાયિક ક્ષેત્રોમાં પોતાના હક્કોથી સભાન બની છે. ભારતીય બંધારણ અને કાયદાઓથી માહિતગાર બની છે. સભાન બની છે વિવિધ ક્ષેત્રમાં શિક્ષિત સ્ત્રીઓ હવે સમાનતા અને સ્વતંત્રતાનો દાવો કરતી થઇ છે. સમાજમાં સ્ત્રીઓ પ્રત્યે થતા અન્યાયો સામે જાગૃતિ દર્શાવી દહેજ બાબતે જાતીય શોષણ, અત્યાચારો, બળાત્કાર વગેરે જેવી ઘટનાઓ સામે રેલી કાઢવી, સૂત્રોચાર કરવા, દબાણ જૂથ તરીકે કામ કરવુ વગેરે અંગેની સભાનતા પ્રગટી છે.

**સામાજિક ગતિશીલતા :-**

જેમ – જેમ સ્ત્રીઓ શિક્ષણ મેળવતી થઇ છે તેમ-તેમ તેને આર્થિક અને સામાજિક વિકાસની તક મળતી જાય છે. અને ઉધ્વગામી ગતિશીલતાના દ્વાર ખુલતા જાય છે. શિક્ષણ આર્થિક તક દ્વારા સામાજિક ગતિશીલતાને પ્રોત્સાહન આપે છે. કુટુંબમાં અને સમાજમાં મોભા ભર્યું સ્થાન મેળવી શકે છે. શિક્ષણથી ઉચ્ચ દરજ્જા માટેની ઝંખના જાગે છે. એટલું જ નહી પોતાનો દરજ્જો ઉંચો લઇ જવા માટેની મહત્વાકાંક્ષા પણ એમાંથી જાગી છે. શિક્ષણ સ્ત્રીઓને વિવિધ મંડળો, સભામંડળો, સ્વૈચ્છિક સંગઠનો, રાજકીય પક્ષ, ક્લબો વગેરેમાં સભ્યપદ અપાવી સ્ત્રીની સામાજિક ગતિશીલતામાં વધારો કરે છે.

**કૌટૂંબિક દરજ્જામાં પરિવર્તન :-**

અશિક્ષિત સ્ત્રીઓ કરતા શિક્ષિત સ્ત્રીઓમાં કૌટુંબિક દરજ્જો ઉંચો જોવા મળે છે. જે સ્ત્રીઓ ઘરની ચાર દિવાલોમાં છે તેનું પરંપરાગત વલણ કૌટુંબિક દરજ્જાને હકારાત્મક રીતે નથી સ્પર્શતું પરંતુ જેમ-જેમ સ્ત્રી શિક્ષણ લેતી થાય છે તેમ કુટુંબમાં પુત્રી તરીકે, પત્ની તરીકે કે માતા તરીકેના દરજ્જામાં  પરિવર્તન આવે છે. કુટુંબમાં શિક્ષિત સ્ત્રી ભારરૂપ નથી બનતી ઘણીવાર તો શિક્ષિત સ્ત્રી કારર્કિદીને વધુ પ્રાધાન્ય આપે તો કુટુંબ અને સહકાર આપે છે. કુટુંબના મહત્વના નિર્ણયમાં એનું શિક્ષણ ઉપયોગી બને છે. અને હકારાત્મક વિચારો અને શિક્ષણનો કુંટુંબ સદ્ઉપયોગ કરે છે. આમ, શિક્ષણે સ્ત્રીના કૌટુંબિક દરજ્જામાં પરિવર્તન લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

**લગ્નક્ષેત્રે દરજ્જા પરિવર્તન :-**

જેમ જેમ સ્ત્રીઓ ઉચ્ચશિક્ષણ લેતી થાય છે તેમ તેના લગ્નની વય વધતી જોવા મળે છે. શિક્ષિત સ્ત્રી તેના જીવનસાથીની પસંદગીમાં હકારાત્મ ભૂમિકા ભજવે છે. જીવનસાથી અંગેના પરંપરાગત ખ્યાલ આને લીધે બદલાય છે. સ્વપસંદગીને પ્રાધાન્ય આપે છે. જ્યારે શિક્ષણનું મહત્વ ન હતું ત્યારે અને આજે પણ જ્યાં શિક્ષણનું મહત્વ નથી ત્યાં માતા-પિતા દીકરીઓને નાની વયે લગ્ન કરાવી દઇ જવાબદારીમાંથી મુકિતનો સંતોષ

મેળવે છે. જે સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ મેળવે છે તેઓમાં જીવનસાથી પસંદગીના પરંપરાગત ખ્યાલોમાં પરિવર્તન જોવા મળે છે. સ્ત્રી શિક્ષણ જીવનસાથીની પસંદગીની તક અને સ્વતંત્રતામાં વધારો કરે છે.

**લગ્નજીવનમાં:-**

સ્ત્રીઓનું ઉચ્ચ શિક્ષણ નિર્ણયો અને સંબંધોમાં ગણનાપાત્ર બને છે પોતાના જ્ઞાન, અનુભવ અને કૌશલ્યનો લાભ સ્ત્રીઓને મળે છે. એટલુ જ નહી પરણનાર પાત્ર અને એમના કુટુંબીજનોને પણ મળે છે. પતિ વિશેના રૂઢિગત ખ્યાલ ત્યજી સહધર્મમાહિતી, સાથી મિત્ર વગેરેનો તે આગ્રહ રાખે છે. દામ્પત્યજીવનમાં અને કુટુંબ જીવનમાં તેની આર્થિક તક, સમૃધ્ધિ વધારે છે. વળી જ્યા પરસ્પર સ્નેહ નથી. સંઘર્ષ અને શોષણ છે ત્યાં શિક્ષણથી આપેલી જાગૃતિએ આત્મનિર્ભરતાના માર્ગે ચીધ્યા છે. છૂટાછેડા લીધેલી સ્ત્રી જો શિક્ષિત હશે તો તેણે દયનીય સ્થિતિમાં મૂકાવુ નહી પડે.

**સ્વનિર્ભરતા :-**

શિક્ષણ સ્ત્રીને આર્થિક અને માનસિક રીતે સ્વનિર્ભર બનાવે છે. જેમ જેમ સ્ત્રી શિક્ષણ મેળવતી થાય છે તેમ તેમ બીજા પરંતુ આધારિતપણું ઘટતુ જાય છે. તેનામાં પ્રગટેલો આત્મવિશ્વાસ આધાણીપાલાથી મુકત રાખે છે. આને લીધે સ્ત્રી સ્વમાન સાથે જીવન જીવે છે. જે સ્ત્રીએ  ઉચ્ચશિક્ષિણ મેળવે છે. તેઓમાં આત્મનિર્ભરતાની ખુમારી આવે છે.

**નેતૃત્વશકિતનો વિકાસ :-**

શિક્ષણ એક એવું માધ્યમ છે કે જેને લીધે સ્ત્રીઓ અને પુરૂષોમાં નેતૃત્વશકિતનો વિકાસ થાય છે. શાળા-કોલેજોની ચુંટણીઓ એમા થતું મતદાન ઉમેદવારી, પ્રતિનિધિત્વ અને અનેકવિધ પ્રવૃતિમાં ટીમ લીડર તરીકેની ભૂમિકા તેઓમાં નેતૃત્વના ગુણ વિકસાવે છે. ખાસ કરીને રાજકીય પાંખોમા નારી આંદોલનોમા એ અસરકારક નેતૃત્વ ઉભું કરી શકે છે.

સમાજ માટે પ્રેરણારૂપ :-

શિક્ષિત સ્ત્રીને એનું જ્ઞાન, વર્તનવ્યવહાર, જીવનરીતિ વિચારો, મૂલ્યો વગેરે અશિક્ષિત સિમાઓ માટે પ્રેરણારૂપ બની રહે છે. આરોગ્ય અને બાળકોના યોગ્ય સામાજિકરણને ધ્યાનમાં રાખી વારંવારની પ્રસુતિથી મુકત રહે છે અશિક્ષિત સ્ત્રીઓ તેઓની આ રીતિનું અનુકરણ કરી પ્રેરણા મેળવે છે. શિક્ષણથી સ્ત્રીઓમાં બુધ્ધિ અને કૌશલ્યોનો વિકાસ થાય છે. સમસ્યાને સમજવાની તેમજ ઉકેલવાની તેનામાં સૂઝ કેળવાય છે અને આ ગુણો સ્ત્રીઓના જીવનમાં સંકટ સહન કરવાની ક્ષમતા આપે છે.

**આધુનિક મૂલ્યોનું અમલીકરણ :-**

શિક્ષણ દ્વારા વ્યકિતમાં સમાજના સ્વતંત્ર, બિનસાંપ્રદાયિકતા, ઉંચા જીવનની મહત્વકાંક્ષા, તાર્કિકતા, બૌધ્ધિકતા, વૈજ્ઞાનિક વચન જેવા આધુનિક મૂલ્યો એની જીવનશૈલીના એક ભાગરૂપ બની જાય છે. એ દ્વારા

સમાજમાં નવી પેઢીને આધુનિક મુલ્યોનું સંસ્કરણ કરી શકે છે. બીજી પેઢીમાં આધુનિકીકરણની પ્રક્રિયા જોવા મળે છે. નાના કુટુંબનો સ્વીકાર, સ્ત્રી-પુરૂષ શ્રમવિભાજન, બાળકોનું ઉદ્દાત જીવન વગેરે તેઓના જીવનને જતન બનાવવામાં મહત્વની ભૂ મિકા ભજવે છે.

**જાહેરજીવનમાં લાભ :-**

શિક્ષણ સ્ત્રીને ચાર દિવાલમાંથુ મુકત કરે છે. અનેક કુરિવાજો અને બિનજરૂરી પરંપરાઓમાંથી પણ સ્ત્રીને મુકિત અપાવે છે. જાહેર સ્થળોએ સાથે ફરવા જવું, પ્રવૃતિઓમાં ભાગ લેવા અને એ દ્વારા પોતાની શકિતઓ, કાર્યક્ષમતા, કૌશલ્યો તથા વિચારોને વ્યકત કરવાની તક મળે છે. જેમ જેમ તેનું શિક્ષણનું સ્તર બદલાતું જાય છે. તેમ તેનામાં દરજ્જા વિષયક સમાનતા વધતી જાય છે. જાહેર જીવનમાં અને રાજકીય ક્ષેત્રમાં નિર્ણયની પ્રક્રિયામાં પોતાનો આગવો મત આપી નિર્ણય લઇ શકે છે.

**ઉપસંહાર :-**

સ્ત્રી શિક્ષણ માટે અનેક અવરોધો અનેક પ્રશ્નો હોવા છતાં આપણે સૌએ એ સ્વીકારવું જોઇએ એકવીસમી સદી માહિતીઅને જ્ઞાનની સદી છે. પ્રા. અમત્યસેને ગરીબોના ઉત્થાન માટે તેઓ એ શિક્ષણવૃદ્ધિ અને સ્વાસ્થ્ય સુધાર આવશ્યક રહયા છે. સ્ત્રીઓની સાક્ષી હતા. શિક્ષણનો

સંપૂર્ણ વિકાસ એ નથી સદીનું વિમીત છે. આપણે સૌએ આ માટે સહિયારા પ્રયત્નો કરવા જોઇએ.

**સંદર્ભસૂચિ :**


૧ દવે જગદીશ : નારીવાદ અને સ્ત્રી સશકિતકરણ, અનડા પ્રકાશન - અમદાવાદ

૨દેસાઇ નીરા : ભારતીય સમાજનમાં સ્ત્રી જીવન, આર. આર. શેઠ ની કંપની, મુંબઇ, આવૃતિ - ૧૯૬૩

# મહિલા સશક્તિકરણ: શૈક્ષણિક અવરોધો અને ઉપાયો

ગુંજન આર. પટની,
રીસર્ચ સ્કોલર (Ph.D.),
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**પ્રસ્તાવના:**

દેશના સંપૂર્ણ વિકાસ અને દેશના હિત તેમજ વિશ્વ કલ્યાણ અને શાંતિ માટે સ્ત્રી પુરુષો વચ્ચે સમાનરૂપે ભાગીદારી થાય તે જરૂરી છે મહિલા પણ કુટુંબનું સમાજનું અને રાષ્ટ્રનું એક અવિભાજ્ય અંગ છે.

આજનો પ્રગતિશીલ સમાજ પરિવર્તનની સંક્રમણ અવસ્થામાંથી પસાર થઈ રહ્યો છે. ત્યારે પરિવારમાં મહિલાએ બેવડી ભૂમિકા ભજવવાની રહે છે. આ બેવડી ભૂમિકા વચ્ચે સંતુલન સ્થાપવાનું કાર્ય શિક્ષિત મહિલાને ફાળે જાય છે. આ માટે મહિલા સશક્તિકરણ થવું જરૂરી જ નહિ આવશ્યક પણ છે.

**મહિલા સશક્તિકરણ:**

"સ્ત્રીઓને શારીરિક, માનસિક, સામાજિક, શૈક્ષણિક, આર્થિક, સાંસ્કૃતિક, રાજકારણ અને વહીવટી બાબતોમાં શક્તિશાળી બનાવતી પ્રક્રિયા એટલે સશક્તિકરણ".

**મહિલા સશક્તીકરણના કેન્દ્રબિંદુ:**

ઘર, સમાજ અને રાષ્ટ્ર

મહિલા સશક્તિકરણનું કેન્દ્રબિંદુ છે એક સ્ત્રી શિક્ષિત, સક્ષમ અને સશક્ત બને તો એક કુટુંબ, એક સમાજ અને એક રાષ્ટ્ર શિક્ષિત બને. સમાજમાં જાતીય સમાનતાની સમજણ વિકસાવવી અનિવાર્ય છે. આર્થિક, સામાજિક અને રાજકીય જીવનમાં સ્ત્રીઓને ભાગીદાર બનાવવી જોઈએ. સ્ત્રીઓના સ્વાસ્થ્ય અને શિક્ષણ માટે વિપુલ તકો તથા સુવિધાઓ પુરી પાડવી જોઈએ.

હવે સમાજ જ મહિલાનું સશક્તિકરણ કરવા કટિબદ્ધ બને એ સમયની માંગ છે.

**મહિલા કેળવણીના અવરોધક પરિબળો:**

કન્યાઓના શિક્ષણમાં મુખ્યત્વે આડે આવે તેવી બાબત છે: લોકોનું રૂઢિચુસ્ત વલણ. લોકો હજુ મને છે કે તેમની કન્યાઓ શિક્ષણ મેળવવા શાળા- કૉલેજોમાં જાય તો ચારિત્ર્ય માટે કેટલાક ભયસ્થાનો ઊભા થાય છે. ઉપરાંત, તે કદાચ સ્વતંત્ર મિજાજની બની જાય. આમ, આપણું રૂઢિચુસ્ત સામાજિક માળખું કન્યા કેળવણીની આડે આવે છે. ગ્રામ્ય વિસ્તારોમાં અને અમુક સામાજિક પછાત વર્ગમાં પણ આ રૂઢિચુસ્ત વલણની માત્રા વધુ છે. અભ્યાસના અન્ય વિષયોમાં પણ રૂઢિચુસ્ત વલણ જોવા મળે છે. દા.ત., છોકરીઓ ગૃહવિજ્ઞાન, સંગીત, નાટક, ચિત્ર જેવા વિષયોમાં સારો ન્યાય આપી શકે અને નર્સ કે શિક્ષિકાના વ્યવસાય તેને માટે વધુ યોગ્ય

ગણાય. જોકે આ રૂઢિચુસ્ત માન્યતાઓમાં હવે ફેરફાર થવા મંડ્યો છે.

- બાળલગ્નો હજુ પણ થાય છે. બાળલગ્નોને કારણે ઘણા માતા-પિતા કન્યાને શિક્ષણ આપવાની તરફેણ કરતા નથી.
- છોકરી ને 'પરાયું ધન' કે 'પારકી થાપણ' માનવામાં આવે છે. આને કારણે છોકરાની સરખામણીમાં તેને ઓછું શિક્ષણ આપવામાં આવે છે. છોકરીને પરણીને સાસરે જવાનું હોવાથી તે ઘરના નાના મોટા કામોમાં કુશળતા પ્રાપ્ત કરે તે બાબતે સમાજના લોકો વિશેષ ધ્યાન આપે છે. ટૂંકમાં, દીકરીઓ પર નાની ઉંમરથી જ કૌટુંબિક જવાબદારીનું પ્રમાણ વિશેષ હોવાથી તે અભ્યાસમાં પૂરતો સમય ફાળવી શકતી નથી.
- મોટા ભાગની શાળા મિશ્રશાળાઓ હોય છે. મિશ્રશાળાઓમાં કન્યાઓને મોકલવાનું સમાજના ચોક્કસ વર્ગના લોકો પસંદ કરતા નથી.
- છોકરાઓ અને છોકરીઓ માટેના અભ્યાસક્રમો પણ એક જ પ્રકારના હોય છે. છોકરીઓ માટે અનુકૂળ વ્યવસાય-શિક્ષણનો અભાવ જોવા મળે છે.
- નિરક્ષરતાને કારણે કન્યા કેળવણી અંગે એક પ્રકારની જાગૃતિ સમાજમાં દેખાતી નથી. શિક્ષણ તો રોજીરોટી માટે જ હોય અને છોકરીઓને તો નોકરી કરવાની નથી. આવો ખ્યાલ નિરક્ષરતા સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. કહેવાતા સાક્ષર સમાજમાં આ ખ્યાલ જોવા મળે છે. આમ, નિરક્ષરતા પણ કન્યા કેળવણીની આડે આવે છે.

- કન્યા કેળવણીની આડે આવતું એક પરિબળ ગરીબી પણ છે ગરીબ વાલીઓ કન્યાની કેળવણી માટે પૂરતો ખર્ચ કરી શકતી નથી. શિક્ષણ પણ ખર્ચાળ બન્યું છે. કેટલીક જગ્યાએ માધ્યમિક શાળા કે ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા હોતી નથી. આ પ્રકારના શિક્ષણ માટે વાલીઓ કન્યાઓને પોતાના ગામની બહાર મોકલતા નથી. આમ કરવું તેમની માટે જોખમકારક માનવામાં આવે છે.
- કેટલાક ગ્રામ્ય વિસ્તરોમાં કન્યાઓ ખેતીવાડીના કામમાં મદદ કરે છે અથવા પોતાના નાના ભાઈ-બહેનની દેખભાળ રાખે છે. આ કારણે તેઓ શાળામાંજઈ શક્તિ નથી.
- આપણી  શાળા અને મહાશાળાઓના સમય પણ કન્યાઓને શિક્ષણ માટે અનુકૂળ આવતા નથી.
- કન્યાઓ માટે છાત્રાલયોનો અભાવ પણ કન્યા કેળવણીની આડે આવતું એક પરિબળ છે.

ટૂંકમાં રૂઢિગત માન્યતાઓ, બાળલગ્નો, યોગ્ય અભ્યાસક્રમનો અભાવ, ગરીબી, નિરક્ષરતા, કન્યાકેળવણી માટે જાગૃતતા નો અભાવ, ખર્ચાળ શિક્ષણ, પોતાના વિસ્તારમાં જરૂરી શિક્ષણવ્યવસ્થા અભાવ જેવું અપરિબળોને કારણે કન્યાઓ માટે સમાન શૈક્ષણિક તકનું નિર્માણ  થઇ શક્યું નથી. હવે કન્યાઓ માટે શિક્ષણ ની તકો પુરી પાડવા શું કરી શકાય તે વિચારીએ:

**કન્યાઓને શિક્ષણની સમાન તક મળે તે માટેના ઉપાયો:**

- સૌ પ્રથમ તો કન્યાકેળવણી માટે એક રાષ્ટ્રીય ઝુંબેશ શરૂ કરવી જોઈએ. લોકોને કન્યા કેળવણીનું મહત્વ સમજાય એ માટે લોકો જાગૃત થાય તેવી યોજનાઓ તૈયાર કરવી જોઈએ. જે કન્યાઓ ભણીગણીને ઉચ્ચ સ્થાને પણ પોહોંચી છે તેમના ઉદાહરણો આપી પ્રચાર માધ્યમોએ આ પ્રકારની ઝુંબેશમાં સહકાર આપવો જોઈએ. લોકો રૂઢિગત માન્યતાઓ અને વલણોમાંથી ભાર નીકળે તે માટે સમૂહ માધ્યમોએ યોગ્ય કાર્યક્રમ કરવા જોઈએ.
- માધ્યમિક કક્ષાએ કન્યાઓ માટે બને તેટલી અલગ શિક્ષણ વ્યવસ્થાની સંસ્થાઓ ઊભી કરવી જોઈએ. હાલની માધ્યમિક શાળામાં શિક્ષિકાઓનું પ્રમાણ પણ વધારવું જોઈએ. માધ્યમિક કક્ષાએ કન્યાઓને અનુકૂળ પાકશાસ્ત્ર, સીવણ, ભરતગૂંથણ, ગૃહ વિજ્ઞાન જેવા ઉપયોગી અભ્યાસક્રમો પર ભાર મુકવો જોઈએ.
- લગ્ન વિષયક કાયદાઓ અમલમાં હોવા છતાં કેટલીક જ્ઞાતિઓમાં છોકરીઓના લગ્ન નાની ઉંમરે થઇ જાય છે, જે કન્યા કેળવણી માટે અવરોધક બને છે. આવી જ્ઞાતિઓમાં સામાજિક જાગૃતિ લાવી, આવા લગ્નો અટકાવી શકાય.
- કન્યા વિદ્યાલયોની સાથે છાત્રાલયોની વ્યવસ્થા કરવી જોઈએ. પછાતવર્ગની કન્યાઓના શિક્ષણ માટે આદિવાસી વિસ્તારોમાં આશ્રમશાળાઓની સ્થાપના કરવી જોઈએ.

- રાજ્યકક્ષાએ અને કેન્દ્રમાં કન્યાઓના શિક્ષણના પ્રશ્નો ષમતાપૂર્વક સાંભળી તેનો ઉકેલ લાવે, તેવા વહીવટી તંત્રની રચના કરવી જોઈએ.
- જે મહિલા સંગઠનનો અસ્તિત્વ ધરાવે છે તેમને કન્યાકેળવણીની ઝુંબેશને તેમના કાર્યક્રમોમાં આગળ સ્થાન આપવું જોઈએ. સમાજના લોકોને કન્યાકેળવી અંગે જાગૃત કરવાનું કાર્ય પણ આવા સંગઠનો હાથ પર લઇ શકે છે.
- કન્યાઓ માટે પુસ્તકબેંકની જોગવાઈ કરવી જોઈએ. શિક્સ્થાપન છે (૧૯૬૪-૬૬) પણ માધ્યમિક શાળાઓમાં પુસ્તક બેંકનો કાર્યક્રમ હાથ ધરવાનું સૂચવ્યું હતું.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૧૯૮૬ ના સૂચનને પગલે રાષ્ટ્રીય ખુલી શાળા (National Open School-NOS) ની શરૂઆત ૧૯૯૫ થી ગુજરાતમાં પણ થઇ છે. શિક્ષણનું સાર્વત્રીકરણ, સામાજિક ન્યાય અને સમાનતા માટે આ પ્રકારની શાળાઓ શરૂ કરવામાં આવેલ છે. જે વિસ્તારમાં માધ્યમિક શાળાઓની સગવડ થી તેમને આ શાળાઓમાં દાખલ થઇ શિક્ષણ આગળ વધારવું જોઈએ. તે જ પ્રમાણે કન્યાઓએ તેમના અભ્યાસ અધવચચેથી છોડી દીધો હોય તેઓ પણ આ પ્રકારની શાળોમાં દાખલ થઇ વધુ અભ્યાસ કરી શકે. ઉચ્ચ શિક્ષણ માટે પણ ખુલ્લી વિશ્વવિદ્યાલય રાષ્ટ્રીય કક્ષાએ (Indira Gandhi National Open University-IGNOU) અને રાજ્યકક્ષાએ (ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

અમદાવાદ ) શરૂ થયેલ છે. ઉચ્ચ શિક્ષણમાં રસ ધરાવનાર મહિલાઓને આ યુનિવર્સિટીઓનો લાભ લેવો જોઈએ.

- સ્ત્રી શિક્ષણમાં ઊભા થતા અવરોધો દૂર કરવામાં આવશે અને અભ્યાસના વર્ષો દરમિયાન સ્ત્રીઓના શાળામાં સ્થાયીકરણ પર ખાસ ધ્યાન આપવામાં આવશે. શિક્ષણ માટે મહિલાઓને અનુકૂળ સમય તેમજ ભણેલી મહિલાઓને માટે નોકરીની ખાસ તકો આપવામાં આવશે. મહિલાઓને ધંધાકીય, વ્યવસાયિક પછીના વિકાસના તકનીકી ક્ષેત્રોમાં પણ જાતિભેદને ધ્યાનમાં લીધા સિવાય ભાગીદાર બનાવવામાં અને તકનીકી શિક્ષણ તરફ વાળીને ચીલાચાલુ વ્યવસાયો ઉપરાંત અન્ય વ્યવસાયોમાં અત્યારના કે હવે આવશે.
- અમલીકરણ કાર્યક્રમ (Programme Action, POA, 1986) માં પણ મહિલાઓની સમાનતા માટેના શિક્ષણ માટે નીતિ વિષયક માર્ગદર્શક સિદ્ધાંતો અને વ્યૂહરચના નક્કી કરવામાં આવેલ છે તે મુજબ ૧૯૯૫ સુધીમાં દરેક શૈક્ષણિક સંસ્થાએ એવા સક્રિય કાર્યક્રમો હાથ ધરવા પડશે કે જે મહિલા વિકાસલક્ષી હોય અને મહિલાઓની પરિસ્થિતિ વિષે સભાનતા ઉત્પન્ન કરનાર હોય. આ ઉપરાંત શાળકક્ષા સુધીમાં શિક્ષકોની ભરતીમાં મહિલાઓને પ્રથમ પસંદગી અપાશે.

ટૂંકમાં મહિલાઓને શિક્ષણની સમાન તકો પુરી પાડવા માટે જાગૃતિ અભિયાન, ફી નાબૂદી, છોકરીઓ માટે અલગ શાળાઓ, છાત્રાલયો, આશ્રમશાળાઓ, પુસ્તકબેંક યોજના,

આર્થિક સહાય, શિષ્યવૃત્તિ તથા ખુલ્લી શાળામાં પ્રવેશ જેવી યોજના પર ભાર મુકવો જોઈએ.

**ઉપસંહાર:**

દેશમાં પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થાના કારણે રાજકીય અને આર્થિક સેવાનું કેન્દ્ર પુરુષોના હાથમાં જ રહ્યું છે. વૈશ્વિકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણના યુગમાં મહિલા સશક્તિકરણ અને ગરીબી નિર્મૂલન અર્થતંત્રના સંપૂર્ણ વિકાસ માટે હજુ ઘણી મંઝિલ કાપવાની બાકી છે.

ટૂંકમાં, આદર્શ સમાજની રચના કરવી હોય તો મહિલા સશક્તિકરણ થવું જ જોઈએ તેમાં કોઈ બે મત નથી.

**સંદર્ભ સૂચિ:**


1. શિક્ષણના તાત્વિક સિદ્ધાંત: એસ. કે. અગ્રવાલ, રાજેશ પબ્લિર્સ હાઉસ શંકર સદન ૭૨૯ પી. એલ. શર્મા રોડ મેરઠ.
2. શિક્ષણના સિદ્ધાંત તથા વિધિ :- જે. એસ. બલિયા, વાલ પબ્લિર્સ , એન. એન. ૧૧ ગોપાલનગર જાલંધર શહેર પંજાબ.
3. શિક્ષણ અને ભારતીય સમાજ, રામપાલસિંહ, વિનોદ પુસ્તક મંદિર, આગ્રા.
4. ઉદયમાન ભારતીય સમાજમાં શિક્ષક ડી.સી.એસ. શુકલા, ધનપતરાય પબ્લિર્સ કંપની પ્રા. લિમિટેડ ન્યુ દિલ્લી – ૧૧0003

5. અધ્યાપક પ્રશિક્ષણ ટેક્નોલોજી પ્રો.એર.એ. શીખા ચતુર્વેદી, વિનયરેગા, વી આર.લાલ બુક ડિપો, ગવર્મેન્ટ ઈન્ટર કોલેજ મેરઠ.
6. મનુસ્મૃતિ, અધ્યાય-૩, સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ.
7. શાંતિભાઈ જાની : ભારતના નારી રત્નો ભાગ -૧, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, ૧૯૮૭ (પ્રથમ આવૃત્તિ).
8. સામાજિક વિજ્ઞાન - ધોરણ-૧૦, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર. પૃષ્ઠ -૨૦૯.
9. શાસ્ત્રી જયેન્દ્ર દવે અને અન્ય: શિક્ષણની તાત્વિક અને સમાજ શાસ્ત્રીય આધારશીલાઓ, મેસર્સ બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ -૫, ૧૯૮૬-૮૭ (ચોથી આવૃત્તિ).

# સ્ત્રી અને સમાજ

## ડૉ. ચેતના શાહ (ગ્રંથપાલ), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

સ્ત્રી એટલે આદ્યશક્તિ, જનની, અન્નપૂર્ણા, લક્ષ્મીજી, વીરાંગના. ખરેખર શું ભૂતકાળમાં અને વર્તમાનકાળમાં આ દરજ્જો સ્ત્રીને મળ્યો છે ખરો ? સ્ત્રીનું નામ હંમેશા પુરુષ સાથે જોડાયેલ છે. દાત. રાધાકૃષ્ણ, સીતારામ આમ સ્ત્રીનું નામ પ્રથમ હોવા છતાં તેને આગવું સ્થાન પ્રાપ્ત થયું છે ખરું ? ના, કયારેય નહી. તેને પુરુષ જેટલો મોભો, માન મળ્યા છે ખરા ? આ પ્રશ્ન દરેક સ્ત્રીને સતાવતો હોય છે. સ્ત્રી હંમેશા પોતાના ઘર માટે પોતાના બાળકો માટે આખી જિંદગી અર્પણ કરે છતાં પણ સમાજમાં પુરુષનું આગવું સ્થાન હોય છે તે ક્યારેય સ્ત્રીને પ્રાપ્ત થતું નથી. ગમેતેવી કપરી સ્થિતિનો સામનો કરી સ્ત્રી પોતાનું ઘર, બાળકોને સંભાળે અને પુરુષની તમામ જવાબદારી નિભાવે છતાં તે સમાજની આગળ પોતાની રજૂઆત ક્યારેય કરી શકે છે ખરી ? ક્યારેય નહિ, જ્યારે પુરુષની આજ બાબતે સમાજમાં વાહ વાહ બોલાવાય છે.

ક્યાંક તો એવું પણ સાંભળવા મળતું હોય છે કે એ તો મોટી પોસ્ટ પર છે, એમ જ નહિ આવી હોય કેવાય કામ કર્યા હશે. પછી તો મળે જ ને ! શું આજનો આ

આધુનિક અને શિક્ષિત સમાજ સ્ત્રીને આગળ આવવા દે છે ખરો ? કદાચ આવવા તો દેશે પરંતુ તે સહન કરી શકતો નથી. દીકરા દીકરી લવ મેરેજ કરે અથવા કેરિયર ના બનાવે તો સ્ત્રીને જ તેને માટે જવાબદાર ગણાય છે. સ્ત્રી માટે રહેલી સમાજની અને પરિવારની વિચારસરણી વિષે વાત કરીએ તો,

- એક કુટુંબમાં દીકરી અને દીકરો 12th સાયન્સ ભણતા હતા ત્યારે દીકરાને ભણાવવા માટે શહેરમાં વેકેશન બેચમાં ક્લાસ કરાવ્યા, શહેરમાં ભાડે મકાન રાખી ટ્યુશન સાથે ભણાવ્યો, જયારે દીકરીને ઘરે રાખી ઘરકામ સાથે રહી ભણવું હોય તો ભણો. એમ કહેવામાં આવ્યું. બનવાકાળ એવું બન્યું દીકરી સારા માર્ક્સ સાથે પાસ થાય છે. અને આગળ અભ્યાસ માટે હોસ્ટેલમાં રહી બહાર જઈ અભ્યાસ કરવા માંગે છે ત્યારે તેના પિતા અને પરિવાર જનો કહે છે આપણા સમાજમાં તો દીકરીઓને હોસ્ટેલમાં રાખી ન ભણાવાય છેવટેતો તમારે ઘરકામ જ કરવાનું છે ને ! છોકરીઓ નોકરી ના કરે. આજ દીકરી ગમેતેમ કરી ગ્રેજ્યુએટ થાય છે. પરણીને સાસરે જાય છે. લગ્ન બાદ બાળકો અને પરિવારની સાથે

રહી તે ભણવા માંગે છે. કુટુંબનાં સભ્યોના વિરોધમાં તેને તેના પતિનો સાથ મળે છે અને તેના કારણે તે ઉચ્ચ અભ્યાસ કરી ઉચ્ચ ડિગ્રી હાંસલ કરે છે. આમ કરવા માટે તેના પતિ અને બાળકોનો ઘણોબધો સાથ અને બલિદાન આપ્યું હોય છે. તે પણ સમાજ ને માન્ય નથી. કુદરતની લીલા તો જોવો સમય અને સંજોગો એવા ઊભા થાય છે કે આ જ દીકરીએ નોકરી કરી પોતાનું ઘર ચલાવવાની જવાબદારી નિભાવી પડે છે. તે તેની જવાબદારી બખૂબી નિભાવે છે. પરંતુ તે તેની જાણ સમાજ કે માતા પિતાને પડવા દેતી નથી. કારણ કે તે તેના પતિનો સાથ ભૂલી શકતી નથી. માતા પિતા કે પરિવારને સંકોચ કે શરમમાં જોઈ શકતી નથી.

- થોડા સમય પહેલા એક ભણેલા દંપતી સાથે મુલાકાત થઇ તેઓ પોતાની જાતને ખૂબ જ મોર્ડન ગણાતા હતા. તેમને એક દીકરો અને એક દીકરી હતા. દીકરાને ભણવા માટે US મોકલ્યો જ્યારે દીકરીએ ભણવા માટે US જવા જીદ કરી ત્યારે એવું બોલ્યા કે દીકરી પાછળ આટલા રૂપિયા ના ખર્ચાય અને આજ દંપતી

પોતાની જાતને શિક્ષિત અને મોર્ડન ગણતા. શું ખરેખર તેઓ શિક્ષિત હતા?

ઉચ્ચ લેવલનો અભ્યાસ કરેલ હોય, સમકક્ષ કાર્યકર્તા હોય તો પણ પુરુષ સ્ત્રીને તેની સમકક્ષ જોઈ શકતો નથી. હા, કદાચ કેટલાક લોકો આ બાબતોમાંથી અપવાદરૂપ હોઈ શકે પરંતુ મારા જીવનના અનુભવોમાંથી એટલું તો જરૂર કહી શકું કે ભલે ગમે તેટલું વર્ચસ્વ સ્ત્રીનું ઘરમાં હોય પરંતુ સ્ત્રીને પુરુષ સમકક્ષ સમાજ સ્વીકારી શકતો નથી. છેવટે સ્ત્રીને સંસ્કૃતિ, મર્યાદા અને ધર્મ સાથે એવી તો બાંધી દેવામાં આવે છે કે ના છૂટકે કે કમને અને સમાજનાં ડરથી પણ તે હકીકત સ્વીકારી લેતી હોય છે. કેટલીક સ્ત્રીઓ તો એટલી હદ સુધી પોતાના બાળકો અને કુટુંબની જવાબદારી સાથે જોડાયેલી હોય છે કે કામની જગ્યા પર કે પરિવારમાં તેમનું માન સન્માન અને મોભો જળવાતો ન હોય, તે વાતની તેમને ખબર હોય તો પણ મૌન રાખી કડવા ઘૂંટ પી ને પણ પોતાની જવાબદારી નિભાવતા હોય છે. શું ખરેખર સમાજ આ હકીકતથી વાકેફ હોય છે કે આ  આ સ્ત્રીઓ આદ્યશક્તિ, જનની, અન્નપૂર્ણા,

લક્ષ્મીજી અને વીરાંગનાની ભૂમિકા ભજવી રહી છે.

# ભારતમાં સ્ત્રી શિક્ષણ

દક્ષા ગોવિંદભાઇ પટેલ,
(પીએચ.ડી. રીસર્ચ સ્કોલર)
ડૉ.બાબાસાહેબ આંબેડકર, ઓપન યુનિવર્સિટી

**ટૂંકસાર :**

ભારત આજે એકવીસમી સદીમાં પ્રવેશ્યું છે. આ યુગ પરિવર્તનનો યુગ છે. પરિવર્તનને આવકારવા ભારતીય સમાજ ઉત્સાહી છે. વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા નવીન સિદ્ધિઓ હાસલ કારી રહ્યો છે. સામાજિક માળખામાં, માન્યતાઓમાં, શિક્ષણના પ્રચાર અને પ્રસારમાં પરિવર્તનો જોવા મળે છે. જેના કારણે શિક્ષણનો વ્યાપ પણ વધ્યો છે. પ્રસ્તુત લેખમાં ભારતમાં સ્ત્રી શિક્ષણ વિષે રજૂઆત કરવામાં આવી છે. સ્ત્રી શિક્ષણથી સ્ત્રીઓની સમાજ, કાર્યક્ષમતામાં વધારો જોવા મળે છે. તે સ્વનિર્ભર બની કુટુંબ, સમાજ, રાષ્ટ્ર તેમજ દેશ-દુનિયામાં પોતાનું સ્થાન અને નવી ઓળખ ઉભી કરી છે. સ્ત્રી શિક્ષણના સૂર્યોદય થી લઈને વર્તમાન સમયમાં સ્ત્રીઓની ભૂમિકા બદલાતી રહી છે. આધુનિક સમાજ સાથે તાલ મેળવવા સ્ત્રી શિક્ષણની જરૂરિયાત ઊભી થઇ છે. ગ્રામ્ય ક્ષેત્રે સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. તેની સાથે

સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકામાં પણ પરિવર્તન આવ્યુ છે. સરકાર દ્વારા સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે 'બેટી બચાઓ બેટી પઢાઓ' જેવી યોજનાઓ પણ અમલમાં આવી છે.

**ચાવીરૂપ શબ્દો : સ્ત્રી શિક્ષણ,** સ્ત્રીનો બદલાતો દરજ્જો, .

**પ્રસ્તાવના :**

દુનિયા આજે આધુનિકતા તરફ આગેકુચ કરી રહી છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસની સાથે સાથે સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રોમાં પણ પરિવર્તન આવી રહ્યું છે. તેમાં શિક્ષણ પણ સામેલ થઇ ચૂક્યું છે. આજના યુગમાં શિક્ષણનો વ્યાપક ઉપયોગ થઇ રહ્યો છે, તેથી તેનું મહત્વ વધી ગયું છે. શિક્ષણ દરેક વ્યક્તિના જીવનનું મહત્વપૂર્ણ અંગ બની ગયું છે. શિક્ષણ દ્વારા સ્ત્રી-પુરુષમાં સમાનતનો ખ્યાલ વિકસ્યો છે. ભારત પણ આ વિચારધારામાં સામેલ થઇ ગયું છે. આઝાદી પછી ભારતમાં રાજકીય અને સામાજિક ક્ષેત્રે ખૂબ મોટા પરિવર્તનો જોવા મળ્યાં છે.

શિક્ષણ જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ છે. શિક્ષણ માનવીને સારો માણસ બનાવે છે. શિક્ષણ જ્ઞાન, સારું આચરણ અને ટેકનોલોજીની કાર્યક્ષમતા પૂરી પડે છે. શિક્ષણ એક પેઢી દ્વારા બીજી  પેઢીને જ્ઞાન આપવાનો પ્રયાસ કરે છે. આ વિચારથી શિક્ષણ એક સંસ્થાના

સ્વરૂપમાં કામ કરે છે. વ્યક્તિ ખાસ તો સમાજને જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે અને સમાજની સંસ્કૃતિને નિરંતર ચાલુ રાખે છે.

શિક્ષણ વ્યક્તિની આંતરિક શક્તિ અને વ્યક્તિત્વને વિકસિત કરવાની પ્રક્રિયા કરે છે. આ પ્રક્રિયા તેને સમાજમાં વિવિધ ભૂમિકા ભજવવા માટે મદદરૂપ થાય છે. તેમજ સમાજના સભ્ય અને એક જવાબદાર નાગરિક બનવા માટે જરૂરી જ્ઞાન અને કુશળતા પ્રાપ્ત કરવામાં સહાય કરે છે. શિક્ષણ એટલે શીખવું, અને શીખવાડવું.

શિક્ષણનો વ્યાપક અર્થ જોઈએ તો તે સમાજમાં નિરંતર ચાલતી સામાજિક પ્રક્રિયા છે. જેના દ્વારા માણસની જન્મજાત શક્તિનો વિકાસ થાય છે. તેના જ્ઞાન અને કૌશલ્યમાં વધારો અને વ્યવહારમાં પરિવર્તન લાવી શકાય છે. આ પ્રમાણે તેને સભ્ય અને સુસંસ્કૃત તેમજ યોગ્ય નાગરિક બનાવી શકાય છે.

શિક્ષણ એ સમાજમાં એક નિશ્ચિત સમયે અને નિશ્ચિત સ્થાને આપવામાં આવે છે. જેમકે શાળા, કૉલેજમાં આયોજનપૂર્વક ચલાવવામાં આવતી સામાજિક પ્રક્રિયા છે. જેના દ્વારા વિદ્યાર્થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ ભણી અને પરીક્ષા આપી પાસ કરી હોદ્દો પ્રાપ્ત કરે છે.

**ભારતમાં સ્ત્રી શિક્ષણનો સૂર્યોદય :**

ભારતમાં સ્ત્રી શિક્ષણનો સૂર્યોદય પૂર્વે સ્ત્રીઓની સ્થિતિ અસંતોષકારક હતી. પ્રાચીન કાળમાં સ્ત્રીઓની સ્થિતિ વધુ સંતોષકારક હતી. તે સમયે ભારતમાં ઘણા લાંબા સમય સુધી વૈદિક શિક્ષણ સ્ત્રી-પુરુષના ભેદભાવ વગર સમાન ધોરણે આપવામાં આવતું હતું. ઋગ્વેદના કેટલાક સુક્તોની રચના સ્ત્રીઓએ કરી છે. સ્ત્રી શિક્ષણનો સૂર્યોદય ઈ.પૂ. ૫૦૦ થી ઈ.સ. ૧૨૦૦ સુધી હતો. ત્યાર પછીના સમયમાં સ્ત્રીઓ ઘરકામ, બાળઉછેરની જવાબદારી નિભાવતી હતી. ઘરની બહારના કામો કરવા પર પ્રતિબંધ હતો. પરંતુ સામાજિક પરિવર્તનની સાથે આધુનિક સમાજમાં સ્ત્રી અને શિક્ષણને આવશ્યક રૂપમાં જોડવાનો ખ્યાલ અમલમાં આવ્યો. તેનું એક સ્વરૂપ શિક્ષણમાં સ્ત્રીઓને પુરુષોની જેમ જ સમાનતાના ધોરણે શિક્ષણ મેળવવાનો અધિકાર પ્રાપ્ત થયો.

**સ્ત્રી શિક્ષણની જરૂરિયાત** :

સ્ત્રીઓના વિકાસના આધાર તરીકે શિક્ષણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શિક્ષણ વિવિધ અધિકારોને સુરક્ષિત કરવા માટે તેમાંજ સ્ત્રીઓ અને મહિલાઓને સક્ષમ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શિક્ષિત મહિલાઓ કામ કરવામાં અને આર્થિક રીતે મજબૂત હોવાના કારણે ગરીબીને ઓછી કરવા માટે સક્ષમ છે. શિક્ષિત સ્ત્રીઓ અન્ય સ્ત્રીઓની સરખામણીમાં તેમના

બાળકોનું ૫૦ ટકા વધુ રક્ષણ કરવાની ક્ષમતા ધરાવે છે. શિક્ષણ વ્યક્તિને નવી નવી વસ્તુઓ શીખવામાં અને દુનિયાના તથ્યોને જાણવામાં મદદ કરે છે તેમજ લિંગ આધારિત ભેદભાવને રોકવામાં મદદ કરે છે. ભારતમાં સ્ત્રી શિક્ષણ સામાજિક તેમજ આર્થિક વિકાસ માટે ખૂબજ જરૂરી છે. શિક્ષિત સ્ત્રી બે ઘરને શિક્ષિત કરે છે. શિક્ષિત સ્ત્રી પોતાની પછીની પેઢીને પણ શિક્ષિત કરે છે.

એકવીસમી સદીમાં સમગ્ર વિશ્વ અને ભારત વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિઓ મેળવી છે. આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રે અનેક પરિવર્તનો આવ્યા છે. સામાજિક માળખામાં, આંતરક્રિયામાં અને માન્યતાઓમાં શિક્ષણના પ્રચાર અને પ્રાસને લીધે પરિવર્તનો આવ્યા છે. સ્ત્રી પુરુષોના આધિપત્યમાંથી મુક્ત થઇને પુરુષ સમોવડી અને ક્યાંક પુરુષથી ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવા લાગી છે. સ્ત્રી હવે સામાજિક પરંપરાઓ અને પ્રણાલીઓમાંથી મુક્ત થઇ અબળામાંથી સબળા નહિ પણ પ્રબળા બની છે. વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રીની પ્રતિભાઓ મહેકતી થઇ છે. આજે સ્ત્રી વૈજ્ઞાનિકક્ષેત્રે, શિક્ષણક્ષેત્રે, રાજકારણક્ષેત્રે, ઉદ્યોગક્ષેત્રમાં, આદર્શ ગૃહિણી તરીકે તેમજ પાઈલોટ અને અવકાશયાત્રી તરીકે કામ કરતી થઇ છે. આ બધુજ સ્ત્રી શિક્ષણનું પરિણામ છે. તેના કારણે સમાજમાં સ્ત્રીની એક આગવી ઓળખ ઉભી થઇ છે.

શિક્ષિત સ્ત્રી સામાજિક તેમજ આર્થિક રૂપે પણ સમાજને મદદરૂપ બને છે. તે પોતાના જીવનમાં તેમજ પરીવાર અને સમાજમાં સમસ્યાઓને સરળતાથી ઉકેલ લાવી શકે છે.

ગ્રામ્ય સ્તરે સ્ત્રી શિક્ષણ :

ભારતની ૮૦ટકા વસ્તી ગામડામાં રહે છે. તેઓ હજી પણ ચાર દીવાલની વચ્ચે જીવન જીવી રહી છે. ભારતમાં વિકાસનો લાભ શહેરી સ્ત્રીઓને જ મળ્યો ગ્રામ્ય સ્તરે અંધશ્રદ્ધા જોવા મળે છે. ગામડામાં સ્ત્રીઓ આર્થિક રીતે પરાવલંબી હોવાથી અને શિક્ષણથી વંચિત હોવાથી અબળા તરીકે જીવન જીવતી હતી.

દેશની ૫૦ટકા વસ્તી સ્ત્રીઓની છે. મહિલાઓ કુટુંબ, સમાજ અને રાષ્ટ્રનું અવિભાજ્ય અંગ છે. ભારતમાં ગાંધીજીએ સ્ત્રીઓને દેશમુક્તિના આંદોલનમાં જોડી ત્યારથી શિક્ષણ અને જાહેર જીવનમાં સ્ત્રીઓને સરળતાથી પ્રવેશ મળ્યો. તે અરસામાં મહર્ષિ કર્વેએ સ્ત્રીશિક્ષણની હિમાયત કરી તેમજ કર્વે યુનિવર્સિટીની સ્થાપના કરી. સ્ત્રી શિક્ષણની અનેક સંસ્થાઓ વિકસી.

ગ્રામ્ય સ્તરે સ્ત્રી શિક્ષણનું પ્રમાણ વધશે ત્યારેજ સ્ત્રીઓ નવા વિચારો, નવા પરિવર્તનો સાથે તાલ મિલાવી શકશે. કુરિવાજો અને અંધશ્રદ્ધા સામે અવાજ ઉઠાવી શકશે અને વૈજ્ઞાનિક અભિગમો અપનાવશે. આરોગ્ય, પોષણ અને કુટુંબ નિયોજન જેવા અભિગમો સ્વીકારશે. શિક્ષણથી

સ્ત્રીના વ્યક્તિગત જીવનમાં અને સામાજિક જીવનમાં વિકાસ થશે. તેને સમાજમાં માન-સન્માન, મોભો અને દરજ્જો મળશે.

'જે દેશમાં સ્ત્રી સ્વતંત્ર છે તે દેશ હકીકતમાં સ્વતંત્ર છે.' આ યુક્તિ મુજબ સ્ત્રી શિક્ષણથી દેશ સાચા અર્થમાં સ્વતંત્ર કહેવાશે.

**સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા :**

ભારતમાં સ્વતંત્રતા બાદ સ્ત્રીના દરજ્જામાં ઝડપથી પરિવર્તન આવ્યું છે. આઝાદી પહેલા સમાજમાં સ્ત્રીઓની ભૂમિકા ગૃહિણી, પત્ની અને માતાની હતી. દેશ સ્વતંત્ર થયો ત્યાર પછી સ્ત્રીશિક્ષણનો વ્યાપ અને વિસ્તાર વધવા લાગ્યો. તેથી તેની ભૂમિકા અને દરજ્જામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું. સ્ત્રીઓને પુરુષ સમકક્ષ અધિકારો અને તકો મળવા લાગી. વિશ્વના દેશોની જેમ ભારતીય સમાજમાં પણ સ્ત્રીઓનું સ્થાન ગૌરવવંતુ બન્યું. સ્ત્રીઓ શિક્ષિત થઈને સામાજીક, રાજકીય, આર્થિક અને વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં પોતાનું સ્થાન ઊભું કર્યું છે. સ્ત્રીઓ પણ હવે આર્થિક ક્ષેત્રે સ્વાવલંબી બની છે. આર્થિક ઉપાર્જનમાં સહભાગી બની છે. તેના માટે તે નોકરી અને વ્યવસાયમાં પણ મહત્વની ભૂમિકા પ્રાપ્ત કરી છે. શિક્ષિત સ્ત્રીઓનું કાર્યક્ષેત્ર વિસ્તરતું ગયું છે. સ્ત્રીઓ માટે ઘરકામ અને વ્યવસાય બંને સાંભળી શકે તે માટે દૂરવર્તી અભ્યાસક્રમો દ્વારા ઘરેબેઠા શિક્ષણ મેળવી શકે છે.

**'नास्ति विद्यासमं चक्षुर्नास्ति मातृ समोगुरुः'**

संस्कृतमां आ युक्ति प्रचलित छे. तेनो अर्थ छे के, आ दुनियामां विद्या समान कोई क्षेत्र नहि अने माता समान कोई गुरु नहि. बाळकना उछेर अने विकासमां सौप्रथम अने सौथी वधु प्रभाव मातानो पडे छे. माता ज बाळकोने प्राथमिक ज्ञान आपे छे. जे जीवननो कायमी आधार बनी रहे छे. शिक्षित स्त्री घरनी बधी समस्याओनुं समाधान सरळताथी करी शके छे. स्त्री शिक्षण परिवार, समाज, राष्ट्रीय अने आंतरराष्ट्रीय विकासमां मदद करे छे. आर्थिक विकास अने घरेलुं उत्पादनोमां वृद्धि करे छे.

**બેટી બચાવો, બેટી પઢાઓ :**

'બેટી બચાઓ, બેટી પઢાઓ' આ સુત્ર સ્ત્રી ભ્રુણ હત્યા રોકવા પર તેમજ  સ્ત્રી શિક્ષણ પર ભાર મૂકે છે. 'બેટી બચાઓ, બેટી પઢાઓ' યોજનાની શરૂઆત ભારતમાં પ્રધાન મંત્રી દ્વારા ૨૨ જાન્યુઆરી, ૨૦૧૫માં કરવામાં આવી. જેમાં ભારતના બધા રાજ્યો/સંઘ રાજ્યોના ક્ષેત્રની મહિલા તેમજ બાળ વિકાસ મંત્રાલયનો આમ સમાવેશ કરવામાં આવ્યો. જેમાં લોકોને મૂળભૂત સ્તરે શિક્ષિત કરી સવેદનશીલ અને જાગૃત કરવાનો છે, તેમજ સામાજિક વિચારોમાં પરિવર્તન લાવવાનો છે. આ યોજના

અંતર્ગત સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન આપી તેને સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં વધુમાં વધુ તકો પૂરી પાડવામાં આવે છે.

**ઉપસંહાર :**

સ્ત્રી શિક્ષણએ સમાજમાં મહતવનું પરીબળ સાબિત થાય છે. તેના દ્વારા સ્ત્રીનોતો વિકાસ થાય જ છે સાથે સાથે સમાજનો પણ વિકાસ થાય છે. શિક્ષિત મહિલાઓ વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિઓના શિખરો સર કરતી થઇ છે. સ્ત્રી શિક્ષણના વિકાસની સાથે પરંપરાઓ અને માન્યતાઓમાં પરિવર્તન આવ્યું છે. સ્ત્રી શિક્ષણના પ્રારંભથી લઈને વર્તમાન સમય સુધી નજર કરીએ તો શિક્ષણ દ્વારા અનેકવિધ પાસાઓમાં ફેરફાર જોવા મળે છે.

**સંદર્ભગ્રંથો :**


૧. દીવાનજી, ધુમનબહેન અને અન્ય (સંપા.). સ્ત્રી-સિદ્ધિના સોપાનો, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ, અમદાવાદ, ૧૯૯૭

૨. દેસાઈ, ચંદુલાલ. નૂતન શિક્ષણનું પથદર્શન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૩. અગ્રવાલ, જે. સી. ભારતમાં નારી શિક્ષા, પ્રભાત પ્રકાશન, ૨૦૦૯.

૪. માંકડ, દોલતરાય. પ્રાચીન ભારતમાં શિક્ષણ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

# સ્ત્રી : પ્રેમમય જીવનનું સરનામું

ડૉ. દિનુભાઈ ચુડાસમા,
આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

માણસને કુદરતે અસીમ બુદ્ધિશકિત અને હૃદયઊર્જા આપી પરિણામે તે જીવતરને અખિલાઇથી સંવેદી શકે છે. પરમેશ્વરે સર્જેલી સૌંદર્યમય સૃષ્ટિનો સાક્ષાત્કાર કરી શકે છે. સત્ય, પ્રેમ અને કરુણાની ગંગોત્રીથી જીવનને પવિત્રકરી શકે છે. કરુણા, મૈત્રી, મૃદિતા, ઉપેક્ષાને સેવી માનવીય બની રહે. સૃષ્ટિના સાદને સર્વે કાને હૃદયવાટિકામાં ઝીલતો માણસ જયારે બહારના કોલાહલ સાંભળવાના બંધ કરે તો અંતરમાં રહેલા અમૃતના ઝરણાં ઉજાગર થાય એ એ ગંગામૃત માણસાઈની ધજાપતાકા લહેરાવે છે. જો ઉપરની યાત્રા માણસમાં-પુરુષ સભાન રહી કરે ત્યારથી સ્ત્રીને આત્મસાત્ કરવાની યાત્રાનો શુભારંભ થાય છે. પછી પુરુષ પામી શકે કેઃ-

સ્ત્રી એટલે અસીમ સંવેદના અને અનહદ વાત્સલ્યનો મહાસાગર, સ્ત્રી એટલે પ્ે્રમની અનુભૂતિની જીવંત સરવાણી, સ્ત્રી એટલે જીવંત હોવું. અડગ અને અગણિત શ્રદ્ધાનો પર્યાય એટલે સ્ત્રી. સ્ત્રી એટલે સ્ત્રી.

સ્ત્રી એટલે ઊર્જા, ચૈતન્યની સરિતા જે એને સત્યરાહે, વિશ્વાસથી સેવે અને અનર્ગળ પ્રેમરસથી જીવનપર્યંત ભીંજવી દે એ સ્ત્રી. નારી એટલે નખશીખ આદરણીય, સૌજન્યમય અસ્તિત્વ. સ્ત્રી એટલે પ્રકૃતિનો સાદ ને ગગનની વિશાળતા,સૂરજના કિરણો પૃથ્વી પર અજવાળું લઇને સ્ત્રીને મળવા આવતાં હશે કદાચ, ચંદ્રમાં આકાશમાં દૂગ્ધિલ પ્રકાશ પ્રગટ કરી,ધરતી સુધી અજવાળું પ્રસરાવી સ્ત્રીના ચહેરાને નૂરવંતો કરી જાય છે.

પર્જન્ય-વરસાદ પણ અમૃત જેવું જળ એના માટે જ તો ધરતી પર લાવતો હશે કે નહીં ? હા વાદળા સ્ત્રીને જોઇને તો ગોરંભાતા હોય છે. જગતમાં જેટલા ફૂલો ખીલે એના રંગ અને સુગંધ સ્ત્રીને સાદર સમર્પીત હોય છે. દુનિયામાં જેટલાં સ્વપ્નો જોવાય તેના મુખ્યપાત્રો બહૂધા સ્ત્રી હોય છે કે નહીં ? જવાબ સાચો જ. પ્રકૃતિનું સૌન્દર્ય પીઇને કવિઓની કલમ સ્ત્રીની સુંદરતાને ઉજાગર કરે છતાં એનું લાવણ્ય અપ્રગટ રહે છે કારણ કે સ્ત્રીની સુંદરતા બાહ્ય કરતાંયે અધિક ભીતર ભરચક પડેલી હોય છે.

પુરુષ જો ઝાલરટાણું હોય ત્યારે નિરાંતે પલાઠી વાળી બેસી શકે તો કદાચ સ્ત્રીને પામી શકે, પુરુષ જો પરોઢના સમયે-જયારે ભળભાંખળું

થતું હોય એ ખૂલ્લી આંખે નિરખી શકે-વંદનામય થાય તો એ સ્ત્રીના ચહેરાની રેખાઓ ઉકેલી શકે કદાચ, સૂરજ ઊગે એ સાથે પુરુષમાં પણ આદર ઊગે તો એ સ્ત્રીને ખરા માન-સન્માન આપી શકવા સક્ષમ થાય છે. વરસાદી માહોલમાં આકાશમાં મેઘધનુષ ખીલે તેમ પુરુષમાં સ્ત્રી તરફની સમસંવેદના પ્રગટે તો પરિણામ સ્વરૂપ એવા સ્ત્રી-પુરુષનું જીવન સાતરંગનું સરનામું બની જાય એ પાક્કું, ત્યાંથી પ્રેમ,સુખ, શાંતિ પરમ વિશ્રામનું જીવાવું આરંભ થતુ હોય છે.

નારી સ્વયં અમૃતસ્વરૂપ, પ્રેમસ્વરૂપ, દિવ્યત્તમ છે. સમાજે એનો આદર કરવો અને જો આદર ના આપી શકો તો અપમાન નહીં જ કરવાનું. કારણ કે પરમાત્માએ સ્ત્રીનું સર્જન કર્યું પરિણામે દુનિયામાં આપણે બધા છીએ. માણસ જગતનું શ્રેષ્ઠસર્જન કહેવાય એના પાયામાં તો સ્ત્રીની માતૃત્વ-ઊર્જા એકરૂપ થઈ ત્યારે એ શકય બન્યું છે. જગતભરના લાગણીશીલ મનુષ્યોની દૌડ ઘર તરફની જ રહી કારણકે ઘરમાં દાદીમાં,નાનીમાં,માતાનો ખોળો એને સાત્વના આપી શાંતિ આપશે.

દીકરી એટલે પપ્પાના પૂરાં ના થયેલા લાડકોડ જીવવાં સર્જાયેલું અનમોલ રતન. પત્નીને

હું જીવનમિત્ર કહું છું એ મિત્ર પાસે આપણે નિખાલસ બની શકીએ તો આપણા સુખ,શાંતિ,આનંદ ક્ષિતિજ પર નહીં આપણા ઘરમાં આપણી પાસે રહેતાં હોય છે.

સશકત તો પુરુષે અંદરથી બનવાનું છે કે નહીં ? જવાબ મળે પછી આચરણમાં લાવવાનો આરંભ થશે એટલે પુરુષોની ફરિયાદ નહીં રહે.

# વિકલાંગતાથી વિદ્યા સુધી......


ડૉ.નિગમ બી. પંડ્યા,

કા.નિયામક, શિક્ષણશાસ્ત્ર,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી


જ્ઞાનની દેવી સરસ્વતિ છે અને કહેવાય છે કે દરેક સ્ત્રી દેવીનું સ્વરૂપ હોય છે. એટલે સ્ત્રી માટે શિક્ષણ નહિ પણ સ્ત્રી જ શિક્ષણની દાતા હોય છે. આથી જ બાળકની પ્રથમ શિક્ષક તેની માતા હોય છે

સ્ત્રીને જયારે ખબર પડે કે તે ગર્ભવતી છે ત્યારથી જ તે સ્વપ્નઓમાં રાચવા માંડે છે. પોતાના બાળકને દરેક સુખ કેવી રીતે આપી શકે તે માટેના આયોજનો કરવા માંડે છે. જે બાળકને તેણે હજી જોયું નથી તેની સાથે જોડવા માંડે છે. કદાચ જગતમાં સૌથી વધારે તે પોતાના બાળકને જ ચાહવા માંડે છે. બાળકનો જયારે જન્મ થાય છે ત્યારે તે એક જ ગીત ગાતી હોય છે.

**"તમે મારા દેવના દીધેલ છો,**

**તમે મારા માંગીને લીધેલ છો"**

માતાના હર્ષનો કોઈ જ પાર હોતો નથી. પરંતુ બાળકમાં દેવે કોઈ વિક્લાંગતા દીધી છે તેવું જયારે ખબર પડે છે જયારે માતા પર સૌથી મોટો વજ્રાઘાત થાય છે.

આખું કુટુંબ બાળકની આ વિકલાંગતા માટે માતાને જ દોષી ઠેરવવાનું શરુ કરી દે છે. જે કોઈ પણ માતા માટે

ખૂબ જ કપરો સમય હોય છે. એક તરફ કુટુંબ તરફથી સાંભળવા પડતાં કડવા વેણ અને સાથોસાથ પોતાના બાળક માટે સાંભળવા પડતાં અપશબ્દો. એક માતા પોતાની માટે કંઈપણ સહન કરી શકે પણ પોતાના બાળક માટે દરેક અપશબ્દ અસહ્ય થઇ પડે છે. તેણે કુટુંબમાં પોતાના અને બાળકના અસ્તિત્વ માટે સતત સંઘર્ષ કરવો પડે છે. આવા કઠીન સમયમાં પણ એક માતા હાર માનતી નથી અને તેના બાળકને તમામ રીતે પગભર કરવા માટેના પ્રયત્નો શરુ કરે છે. ભારતીય સમાજમાં પિતા પર આર્થિક જવાબદારી હોવાને કારણે સામાન્ય રીતે વિશિષ્ટ બાળકને જેટલો સમય આપવો જોઈએ તેટલો આપી શકતો નથી આથી મોટાભાગના કિસ્સાઓમાં બાળકની સંપૂર્ણ જવાબદારીનું વહન માતા જ કરતી હોય છે.

ઘણીવખત માતા પોતાના બાળકની વિકલાંગતાને વધુ ઊંડાણપૂર્વક સમજવા ફરીવાર અભ્યાસ શરુ કરે છે. ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ચાલતો સ્પે.બી.એડ.નો અભ્યાસક્રમ આવી માતાઓને આશાનું કિરણ પૂરું પાડે છે. જેમાં તેઓ ઘરે રહી પોતાના કુટુંબની સંભાળની સાથેસાથ પોતાના અભ્યાસ પણ પોતાના સમયે કરી શકે છે. આ અભ્યાસક્રમ તેમને જરાપણ ભારે લાગતો નથી કારણકે આ અભ્યાસક્રમથી જ તેઓ પોતાના સંતાનની વિકલાંગતાની અસર વિષે જાણી શકે છે. તે બાળકની વર્તણુક, પોતાના અનુભવ અને પોતે કરેલા

અભ્યાસમાંથી વિકલાંગતાથી ઉપસ્થિત થતી મર્યાદાઓને તોડી પોતાના બાળકને સમધારામાં જોડી શકે છે. માતા પોતે શિક્ષિત થઇ સંતાનના જીવનમાં આવનાર અજ્ઞાનતાના અંધકારને હરીલે છે.

આમ માતા પોતે આજીવન વિદ્યાર્થી બની બાળકને શિક્ષીત બનાવે છે. તેના ભવિષ્યની કેડી કંડારવા પોતે પગદંડીઓ તૈયાર કરે છે.

# મહિલા સશક્તિકરણ


નેહા વી. જૈન

રીસર્ચ સ્કોલર((M.Phil.)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી


**સ્ત્રી સશક્તિકરણ શું છે?**

મહિલા સશક્તિકરણને ખૂબ સરળ શબ્દોમાં વ્યાખ્યાયિત કરી શકાય છે કે સ્ત્રીઓ શક્તિશાળી બને છે જેના દ્વારા તેઓ તેમના જીવન સંબંધિત દરેક નિર્ણય લઈ શકે છે અને કુટુંબ અને સમાજમાં સારી રીતે જીવી શકે છે. સમાજ, મહિલાઓ સશક્તિકરણમાં તેમના સાચા અધિકારો પ્રાપ્ત કરવા માટે તેમને સશક્ત બનાવવા.

ભારતમાં મહિલા સશક્તિકરણ શા માટે જરૂરી છે?

જેમ આપણે બધા જાણીએ છીએ કે ભારત એક પિતૃપ્રધાન સમાજ છે જ્યાં પુરુષના દરેક ક્ષેત્ર પૈસા સાથે દખલ કરે છે અને સ્ત્રીઓ માત્ર પરિવાર માટે જ જવાબદારી લે છે અને ત્યાં ઘણા પ્રતિબંધો છે. ભારતની આશરે 50 ટકા વસ્તી ફક્ત મહિલાઓ છે, તેનો અર્થ એ કે આખા દેશના વિકાસ માટે આ અર્ધ માર્ગની જરૂર છે, જે હજુ પણ મજબૂત નથી અને તે ઘણા સામાજિક પ્રતિબંધોથી બંધાયેલ છે. આવી પરિસ્થિતિમાં, આપણે કહી શકીએ નહીં

કે ભવિષ્યમાં, આપણા દેશ અડધા વસ્તીને મજબૂત કર્યા વગર વિકાસ પામશે. જો આપણે આપણા દેશમાં વિકાસ કરવા માંગીએ તો તે મહત્વનું છે કે મહિલા સશક્તિકરણ સરકાર, પુરુષો અને મહિલાઓ દ્વારા પોતાને પ્રોત્સાહિત કરવામાં આવશે.

મહિલા સશક્તિકરણની આવશ્યકતા હતી કારણ કે પ્રાચીન સમયમાં લિંગ અસમાનતા અને પુરુષ પ્રભુત્વ ધરાવતો સમાજ હતી. મહિલાઓને તેમના પોતાના પરિવાર અને સમાજ દ્વારા અનેક કારણોસર દબાવી દેવામાં આવ્યા હતા, અને તેમની સાથે ઘણાં પ્રકારની હિંસા થઈ હતી અને કુટુંબ અને સમાજમાં ભેદભાવ માત્ર ભારતમાં જ નહીં પરંતુ અન્ય દેશોમાં પણ જોવા મળી શકે. મહિલા સમાજમાં સ્થાયી પ્રાચીન કાળથી, ખોટું અને જૂના જમાનાનું નવા સંસ્કાર, રિવાજો અને પરંપરાઓ ઘટકોમાં હતી માટે છે. ભારતીય સમાજમાં, માતા, બહેન, પુત્રી, પત્નીના રૂપમાં મહિલાઓની ઉપાસના કરવાની પરંપરા છે, પરંતુ તેનો અર્થ એ નથી કે દેશના વિકાસની જરૂરિયાત માત્ર સ્ત્રીઓની પૂજા કરીને જ પરિપૂર્ણ થશે. આજે આવશ્યક છે કે દેશની અડધી વસ્તી એટલે કે સ્ત્રીઓને દરેક ક્ષેત્રમાં સશક્તિકરણ હોવું જોઈએ જે દેશના વિકાસ માટેનો આધાર બનશે.

ભારત એક પ્રસિદ્ધ દેશ છે જેણે "વિવિધતામાં એકતા" ની મૂર્તિ સાબિત કરી છે, જ્યાં ભારતીય સમાજમાં વિવિધ

ધર્મોના લોકો રહે છે. દરેક ધર્મમાં સ્ત્રીઓને એક અલગ સ્થાન આપવામાં આવ્યું છે, લોકોની આંખોને આવરી લેતા મોટા પડદાના રૂપમાં લોકો ઘણી મોટી ખોટી ક્રિયાઓ (શારીરિક અને માનસિક) ચાલુ રાખવામાં મદદ કરે છે અને ઘણા વર્ષો સુધી રોલ મોડેલ તરીકે છે પ્રાચીન ભારતીય સમાજ સતીપ્રેક્ટિસ, શહેરની કન્યા પ્રણાલી, દહેજની પ્રથા, જાતીય હિંસા, ઘરેલું હિંસા, ગર્ભપાતની હત્યામાં, સ્ક્રીનીંગ પ્રેક્ટિસ, કાર્યસ્થળ પર જાતીય શોષણ, બાળ મજૂરી, બાળ લગ્ન અને દેવદાસી રીતભાતપ્રથા, અન્ય ભેદભાવપૂર્ણ પ્રથાઓનો અભ્યાસ હતો. આ પ્રકારની દુષ્ટતા પિતૃપ્રધાન સમાજ અને પુરૂષ શ્રેષ્ઠતા મનોવિજ્ઞાનનું કારણ છે.

સામાજિક રાજકીય અધિકારો (કામ કરવાની સ્વતંત્રતા, શિક્ષણનો અધિકાર વગેરે) ને પુરુષ પરિવારના સભ્યો દ્વારા સંપૂર્ણપણે પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. ખુલ્લા વિચારો અને મહાન ભારતીયોના લોકો દ્વારા મહિલાઓ વિરુદ્ધના કેટલાક ખરાબ કાર્યોને દૂર કરવામાં આવ્યા હતા, જેમણે મહિલાઓ સામે ભેદભાવ માટે તેમની અવાજો ઊભા કર્યા તેમાં રાજા રામ મોહન રોયના સતત પ્રયત્નોને લીધે, બ્રિટીશસરોને સતી પ્રથાને નાબૂદ કરવાની ફરજ પડી હતી. પાછળથી, અન્ય ભારતીય સામાજિક સુધારકો (ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગર, આચાર્ય વિનોભ ભાવે, સ્વામી વિવેકાનંદ વગેરે) એ પણ મહિલાઓની ઉત્કર્ષ માટે

તેમના અવાજો ઊભા કરી અને સખત લડત આપી. ભારતમાં વિધવાઓની સ્થિતિ સુધારવા માટે, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરએ સતત પ્રયત્નો સાથે વિધવા રીમરેજ એક્ટ, 1856 ની શરૂઆત કરી.

પાછલા કેટલાક વર્ષોમાં ઘણી સરકારે મહિલાઓ સામે જાતીય અસમાનતા અને ખરાબ વર્તણૂકને દૂર કરવા ઘણા બંધારણીય અને કાનૂની અધિકારો બનાવ્યા છે અને અમલમાં મૂક્યા છે. જો કે, આવા મોટા મુદ્દાને ઉકેલવા માટે, દરેકને મહિલા સહિત સતત સહાયની જરૂર છે. આધુનિક સમાજ મહિલા અધિકારો વિશે વધુ જાગૃત છે, જેના પરિણામે ઘણા સ્વ-સહાયક જૂથો અને એનજીઓ આ દિશામાં કામ કરે છે. બધી પરિમાણોમાં તેમના અધિકારો મેળવવા મહિલા વધુ ખુલ્લા અને સામાજિક બંધન તોડી નાખે છે. જોકે ગુના એક જ સમયે ચાલે છે.

કાયદેસર અધિકારો ધરાવતી મહિલાઓને સશક્ત બનાવવા માટે સંસદ દ્વારા પસાર કરાયેલા કેટલાંક કાયદા છે - એક સમાન વળતર કાયદો 1976, દહેજ સ્ટોપ એક્ટ 1961, અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ 1956, ગર્ભાવસ્થા અધિનિયમનો તબીબી સમાપ્તિ 1987, બાળ લગ્ન નિવારણ અધિનિયમ 2006 , જાતિ પરીક્ષણ તકનીકો (કંટ્રોલર અને દુરૂપયોગનો નિવારણ) એક્ટ 1994, કામ પર મહિલા જાતીય દુર્વ્યવહાર અધિનિયમ 2013.

'મહિલાઓની સશક્તિકરણ' વિશે જાણ્યા પહેલા, આપણે 'સશક્તિકરણ' થી જે સમજવું જોઈએ તે સમજવું જોઈએ. 'સશક્તિકરણ' વ્યક્તિની ક્ષમતાને દર્શાવે છે, જેમાંથી આ લાયકાત આવે છે, જેમાં તેઓ તેમના જીવનથી સંબંધિત તમામ નિર્ણયો લઈ શકે છે. મહિલાઓના સશક્તિકરણમાં પણ, અમે તે જ ક્ષમતા વિશે વાત કરી રહ્યા છીએ, જ્યાં મહિલાઓ કુટુંબ અને સમાજના તમામ <u>બોન્ડથી</u> સ્વતંત્ર છે અને તે પોતાના નિર્ણયના નિર્માતાઓ છે.

મહિલાઓને પોતાની સ્વતંત્રતા અને આત્મ-નિર્ણય લેવા માટે સશક્તિકરણ કરવા માટે, તે માત્ર મહિલા સશક્તિકરણ છે પરિવાર અને સમાજની સીમાઓ પાછળ છોડીને, નિર્ણયો, અધિકારો, વિચારો, મન વગેરેના તમામ પાસાઓથી મહિલાઓને અધિકાર આપવો એ તેમને સ્વતંત્ર બનાવવું. સમાજના તમામ ક્ષેત્રોમાં, પુરુષો અને સ્ત્રીઓ બંને સમાન રીતે એકઠા કરવામાં આવશે. દેશ, સમાજ અને પરિવારના તેજસ્વી ભવિષ્ય માટે મહિલા સશક્તિકરણ ખૂબ મહત્વનું છે. સ્ત્રીઓને સ્વચ્છ અને યોગ્ય પર્યાવરણની જરૂર છે જેથી તેઓ દરેક ક્ષેત્રમાં પોતાના નિર્ણયો લઈ શકે, ભલે તે પોતાને, દેશ, કુટુંબીજનો અથવા સમાજ માટે હોય. દેશને વિકાસના ધ્યેયને સંપૂર્ણ વિકસિત કરવા અને હાંસલ કરવા માટે જરૂરી હથિયાર તરીકે, સશક્તિકરણના રૂપમાં મહિલાઓનું સશક્તિકરણ છે.

ભારતીય બંધારણની જોગવાઈઓ મુજબ, પુરુષો જેવા તમામ ક્ષેત્રોમાં મહિલાઓને સમાન અધિકારો આપવા માટે કાનૂની સ્થિતિ છે. ભારતમાં બાળકો અને મહિલાઓના યોગ્ય વિકાસ માટે, મહિલા અને બાળ વિકાસ વિભાગ સારી રીતે કામ કરે છે. પ્રાચીન કાળથી, ભારતમાં મહિલાઓ અગ્રણી ભૂમિકા ભજવી રહી હતી, જોકે તેમને દરેક ક્ષેત્રમાં દરમિયાનગીરી કરવાની મંજૂરી ન હતી. તેઓ તેમના વિકાસ અને વૃદ્ધિ માટે દરેક ક્ષણે મજબૂત, ચેતવણી અને ચેતવણી આપવાની જરૂર છે. વિકાસનું મુખ્ય ઉદ્દેશ એ છે કે સ્ત્રીઓને સશક્તિકરણ કરવું કારણ કે એક મજબૂત મહિલા તેના બાળકોનું ભવિષ્ય નિર્માણ કરે છે અને દેશના ભાવિની ખાતરી આપે છે.

મહિલાઓને વિકાસની મુખ્ય પ્રવાહમાં લાવવા માટે ભારત સરકાર દ્વારા ઘણી યોજનાઓ દર્શાવવામાં આવી છે. આખા દેશની અર્ધ વસ્તીમાં મહિલાઓની ભાગીદારી અડધા છે અને મહિલાઓ અને બાળકોના વિકાસ માટે તમામ ક્ષેત્રોમાં તેમને સ્વતંત્રતાની જરૂર છે.

ભારત એક પ્રસિદ્ધ દેશ છે, જે તેની સંસ્કૃતિ, સંસ્કૃતિ, સાંસ્કૃતિક વારસા, પરંપરા, ધર્મ અને ભૌગોલિક લક્ષણો માટે પ્રાચીન કાળથી ઓળખાય છે. બીજી તરફ, તે તેના પુરુષ રાષ્ટ્રીય રાષ્ટ્ર તરીકે પણ ઓળખાય છે. ભારતમાં, સ્ત્રીઓને પ્રથમ અગ્રતા આપવામાં આવે છે, તેમ છતાં તેઓનો સમાજ અને પરિવારમાં ખરાબ રીતે વર્તવામાં

આવે છે. તેઓ ઘરોની દિવાલો સુધી મર્યાદિત છે અને તેઓ ફક્ત કૌટુંબિક જવાબદારીઓ માટે જ ગણવામાં આવે છે. તેઓ તેમના અધિકારો અને વિકાસથી સંપૂર્ણપણે અજાણ છે. ભારતના લોકો આ દેશને માતાનો દરજ્જો આપે છે પરંતુ કોઈ પણ માતાના સાચા અર્થને સમજે છે નહીં. તે બધા ભારતીયોની માતા છે અને અમારે તેનું ધ્યાન રાખવું જોઈએ અને તેની કાળજી લેવી જોઈએ.

વસ્તીમાં અડધા આ દેશની સ્ત્રીઓ છે, તેથી દેશને સંપૂર્ણ રીતે શક્તિશાળી બનાવવા માટે મહિલા સશક્તિકરણ ખૂબ મહત્વનું છે. સ્ત્રીઓને યોગ્ય વિકાસ અને વિકાસ માટે દરેક વિસ્તારમાં સ્વતંત્ર રહેવાનો અધિકાર આપવાનો અધિકાર આપવો. મહિલા રાષ્ટ્રના ભવિષ્યના રૂપમાં બાળકને જન્મ આપે છે, જેથી તેઓ બાળકોના વિકાસ અને વિકાસ દ્વારા રાષ્ટ્રના તેજસ્વી ભાવિ બનાવવા માટે શ્રેષ્ઠ માર્ગ આપી શકે. સ્ત્રીઓને વેદનાની ફરજ પાડવાને બદલે મહિલાઓને સત્તા કરવાની જરૂર છે.

મહિલાઓના સશક્તિકરણના સૂત્ર સાથે એક પ્રશ્ન ઊભો થાય છે: "સ્ત્રીઓ ખરેખર મજબૂત બની છે" અને "શું તેમની લાંબી લડાઈ પૂરી થઈ છે?" મધર ડે, ઇન્ટરનેશનલ વિમેન્સ ડે વગેરે જેવા ઘણા પ્રોગ્રામ્સ અમલમાં આવ્યા છે અને સરકાર દ્વારા રાષ્ટ્રમાં વિકાસ માટે મહિલાઓના સાચા મહત્વ અને અધિકારો વિશે જાગરૂકતા લાવવાનો અમલ કરવામાં આવ્યો છે. ઘણા

વિસ્તારોમાં સ્ત્રીઓને વિકાસની જરૂર છે દેશમાં જ્યાં સ્ત્રીઓ તેમના પરિવારો તેમજ બહિષ્કૃત સમાજની ખરાબ વર્તણૂકથી પીડાય છે ત્યાં જાતિ અસમાનતાનું ઊંચું સ્તર છે. ભારતમાં, અશિક્ષિત મહિલાઓની સંખ્યા સૌથી વધુ છે. મહિલા સશક્તિકરણનો વાસ્તવિક અર્થ સમજવામાં આવશે જ્યારે તેમને ભારતમાં સારી શિક્ષણ આપવામાં આવશે અને તે નિર્ણયો લેવા માટે તે તમામ ક્ષેત્રોમાં સ્વતંત્ર રીતે સ્વતંત્ર બનશે.

ભારતમાં મહિલાઓ હંમેશા કલંકથી પોતાને સુરક્ષિત રાખવા માટે પરિવારની હત્યાના સ્વરૂપના છે અને તેમને યોગ્ય શિક્ષણ અને સ્વતંત્રતા માટેના મૂળભૂત અધિકારો ક્યારેય આપવામાં આવ્યા નથી. આ એવા ભોગ બનનાર છે જેમણે પુરૂષ દેશોમાં હિંસા અને ગેરવર્તનનો ભોગ લીધો છે. ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલી મહિલાઓની સશક્તિકરણ માટે રાષ્ટ્રીય મિશન મુજબ, 2011 ની ગણતરીમાં આ પગલાને કારણે કેટલાક સુધારો થયો છે. તેના કારણે સ્ત્રી ભાષા અને સ્ત્રી શિક્ષણ બન્નેમાં વધારો થયો છે. વૈશ્વિક જાતિ ગેપ અનુક્રમણિકા મુજબ, આર્થિક ભાગીદારી, ઉચ્ચ શિક્ષણ અને સારા સ્વાસ્થ્ય દ્વારા સમાજમાં મહિલાઓના દરજ્જાને સુધારવા માટે ભારતમાં કેટલાક નક્કર પગલાંની જરૂર છે. તે જરૂરી છે કે તે પ્રારંભિક સ્થિતિમાંથી તેને દૂર કરીને યોગ્ય દિશામાં ઝડપી ગતિએ હાથ ધરવામાં આવવી જોઈએ.

પ્રખ્યાત સજા “જવાહરલાલ નહેરુ” લોકોને જાગૃત કરવા” કહેવામાં આવે છે. સ્ત્રીઓને જાગવાની જરૂર છે. એકવાર તે પોતાના પગથિયાં લઈ લે પછી, કુટુંબ આગળ વધે છે, ગામ આગળ વધે છે અને દેશ વિકાસ તરફ જાય છે. ભારતમાં મહિલાઓએ કિમતો દહેજ, નિરક્ષરતા, જાતીય હિંસા, અસમાનતા, ભૂણહત્યા, સ્ત્રીઓ સામે ઘરેલુ હિંસા, બળાત્કાર જેવા મહત્વના મારવા છે, **Vashyavtriti** માનવ હેરફેર અને આવા અન્ય વિષયો, જાતિ ભેદભાવ રાષ્ટ્ર **Dhkelta** પાછળના દેશ વચ્ચે, સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક અને શૈક્ષણિક તફાવત લાવે છે. ભારતના બંધારણમાં ઉલ્લેખ કરવામાં આવેલા સમાનતાના અધિકારને સુનિશ્ચિત કરવા મહિલાઓનું સશક્તિકરણ, આ પ્રકારના દુષ્ટતાને નાબૂદ કરવાની સૌથી અસરકારક રીત છે. ભારતના બંધારણમાં ઉલ્લેખિત સમાનતાના અધિકારને સુનિશ્ચિત કરવા મહિલાઓને સશક્ત બનાવવું એ આવી દુષ્ટતાને નાબૂદ કરવાની સૌથી અસરકારક રીત છે.

લિંગ સમાનતાને પ્રાધાન્ય આપવાથી સમગ્ર દેશમાં મહિલાઓના સશક્તિકરણ તરફ દોરી ગયું છે. મહિલાઓના સશક્તિકરણના ઉચ્ચ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે, તે બાળપણથી દરેક કુટુંબમાં ફેલાવો જોઈએ. તે જરૂરી છે કે સ્ત્રીઓ શારીરિક, માનસિક અને સામાજિક રૂપે મજબૂત હોય. બાળપણથી વધુ સારી શિક્ષણની શરૂઆત થઈ શકે ત્યારથી, રાષ્ટ્રના આખરી વિકાસ માટે

મહિલાઓના ઉછેર માટે તંદુરસ્ત પરિવારની જરૂરિયાત આવશ્યક છે. આજે પણ, ઘણા પછાત વિસ્તારોમાં નિરક્ષરતા, અસલામતી અને માતાપિતાને લીધે ગરીબીને લીધે, નાની ઉંમરે લગ્ન અને બાળકને જન્મ આપવાનું વલણ છે. સ્ત્રીઓને મજબૂત કરવા માટે, સરકાર દુર્વ્યવહાર, લિંગ ભેદભાવ, સામાજિક અલગતા અને સ્ત્રીઓ સામે હિંસાને રોકવા માટે ઘણા પગલાં લઈ રહી છે. મહિલાઓની સમસ્યાઓને યોગ્ય રીતે સંબોધવા માટે, મહિલા સંરક્ષણ બિલ - 10 મી બંધારણીય સુધારો પસાર કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે, તે સંસદમાં 33% મહિલાઓને ખાતરી આપે છે. અન્ય વિસ્તારોમાં, સ્ત્રીઓના સક્રિય ભાગરૂપે મહિલાઓ માટે અમુક ટકા બેઠકો અનામત રાખવામાં આવી છે. સરકારને મહિલાઓ અને મહિલાઓના વાસ્તવિક વિકાસ માટે પછાત ગ્રામીણ વિસ્તારોમાં જવું પડશે, સરકાર તરફથી સુવિધાઓ અને તેમના અધિકારો વિશે જાગૃત રહેશે, જે તેમને તેમના ભવિષ્યમાં સુધારવામાં મદદ કરશે. મહિલા સશક્તિકરણનું સપનું એક વાસ્તવિકતા બનાવવા માટે, છોકરીઓ અને તેમના શિક્ષણનું મહત્વ પ્રમોટ કરવાની જરૂર છે.

નિષ્કર્ષ

ભારતીય સમાજમાં સત્યમાં મહિલાઓના સશક્તિકરણને લાવવા માટે, મહિલાઓ વિરુદ્ધ ખરાબ વર્તણૂકના મુખ્ય કારણોને સમજવું અને દૂર કરવું જરૂરી છે, જે સમાજના

પિતૃપ્રધાન અને પુરુષ પ્રભાવ પ્રણાલી છે. તે જરૂરી છે કે આપણે મહિલાઓ વિરુદ્ધ જૂની વિચારસરણીને બદલીએ અને બંધારણીય અને કાયદાકીય જોગવાઈઓમાં ફેરફાર કરીએ.

## સ્ત્રીના શિક્ષણ સામે સમાજના વિચારો

**નિધિ ચટવાણી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.**

પહેલાં હંમેશાં એક જ વાક્ય સાંભળવા મળતું હતું કે, 'દરેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રી હોય છે', પરંતુ આજે જમાનો બદલાઈ ગયો છે. આજે કહી શકાય કે, 'દરેક સફળ પુરુષની સાથે એક સ્ત્રી હોય છે,' અને આ જરા પણ ખોટું નથી. પોતાના કામને મહત્વ આપતી સ્ત્રીઓ માટે આજની નારી બનવું ખરેખર ચેલેન્જિંગ હોય છે, પુરુષે માત્ર ઘરની બહારની દુનિયામાં જીત મેળવવા લડવું પડે છે, જ્યારે એ જ સ્ત્રીને ઘર અને બહારના બન્ને પાસા બરાબર રીતે સંભાળવા પડે છે, અને ત્યારે જ તે પોતાની કંઈક અલગ ઓળખ બનાવવામાં સફળ થતી હોય છે. સ્ત્રીઓની હંમેશાં એક ખાસિયત રહી છે. સ્ત્રીઓ એકસાથે અનેક કામ એક સમયે કરી શકે છે. ઘરકામ કરતાં કરતાં તે બાળકોને ભણાવી શકે છે, પતિની વાતો સાંભળી તેને યોગ્ય સલાહ આપી શકે છે. ઓફિસમાં નોકરી કરતી સ્ત્રીઓ તો રસોડામાં તેમનું લેપટોપ રાખી રસોઈ સાથે ઓફિસનું કામ પણ કરી શકે છે. આને કહેવાય સુપરવુમન. સુપરવુમન માત્ર શબ્દોથી બની શકાતું નથી. એના માટે સ્ત્રીઓએ જાતે જ મહેનત કરવાની જરૂર છે. બિચારી બનીને જીવવા કરતાં પોતાના પગ પર ઊભાં રહેવાની

ક્ષમતા કેળવવાની જરૂર છે. હવે જ્યારે પુરુષ પોતે કામ કરતો હોય એવા સમયે જો બાળક તેના હોમવર્ક વિશે કંઈ પણ પૂછવા આવે તો તેનો સીધો જવાબ મળી આવે છે, હમણા હું બિઝી છું. આનો અર્થ એ નથી કે પુરુષ તે કામમાં કાબેલ નથી, પણ તેને એકસાથે બધાં કામ કરવાની આદત નથી. જ્યારે એક સ્ત્રી પત્ની, માતા, ગૃહિણી – બધા રોલ સાથે નિભાવી શકે તેમ છે, સરળ ભાષામાં કહું તો રસોડામાં ગેસ પર શાકનાં વઘારની સાથે રોટલી ચડાવતાં એ ટીવી સિરિયલ જોઈ શકે છે. સાસુ-વહુના ઝઘડામાં ટાપસી પણ પૂરી શકે છે. દુઃખના પ્રસંગમાં રડી પણ શકે અને સુખમાં હસી પણ શકે છે. આ છે સ્ત્રીઓની કાર્ય કરવાની ક્ષમતા. હવે જમાનો બદલાઈ રહ્યો છે. માત્ર ગણતરથી સ્ત્રીઓનો વિકાસ શક્ય નથી, ભણતર ખૂબ જ જરૂરી છે. એક સ્ત્રી તરીકે હું માનું છું કે સ્વાવલંબી બનવું અતિમહત્વનું છે, હા, પણ સ્વછંદી નહિ. સ્ત્રીઓએ પોતાની બુદ્ધિ અને વિચારશક્તિનો ઉપયોગ એવી રીતે કરવો જોઈએ કે જેથી કૌટુંબિક એકતા અને સુખ-શાંતિ જળવાઈ રહે, તે તેની પહેલી જવાબદારી છે. પોતાના ઘરની ચાર દીવાલો બની તેમાં હૂંફ અને લાગણીનું સર્જન કરવાની, જો આમ ના કરવામાં આવે તો ઘરભંગાણ થવાની શક્યતાઓ નકારી શકાતી નથી. એ કારણે જ સ્ત્રી ઘરની એકતા અને સુખ-શાંતિની પહેલી કડી છે. કોઈ પણ ઓફિસમાં સ્ત્રી અને પુરુષ સાથે કામ કરતાં

હોય ત્યાં સ્ત્રીની કામ કરવાની ક્ષમતા વધારે હોય છે. તેનું કારણ શોધતાં જણાશે કે સ્ત્રીઓને થોડા થોડા સમયે ચાની તલપ નથી લાગતી. સ્ત્રી ઓફિસમાં પાન-મસાલા કે સિગારેટ પીતી નથી. ઓફિસનું કામ પતાવી ઘર તરફ જવાની ઉતાવળ પુરુષો કરતાં સ્ત્રીઓને વધુ હોય છે પરિણામે તેમને સોંપેલાં કામ વધુ ઝડપથી પૂરાં કરે છે.તમે બધાએ સાંભળ્યું જ હશે કે સ્ત્રી જ સ્ત્રીની પહેલી દુશ્મન બને છે. આમ કેમ? આપણે બધા એક જ નાવમાં સફર કરીએ છીએ તો બધા એકબીજાના મિત્રો કેમ નથી કહેવાતા. સ્ત્રી જ સ્ત્રીને સમજી શકે છે, સ્વતંત્રતા આપી શકે છે. ઘરમાં સાસુ, નણંદ કે જેઠાણીના સ્વરૂપે રહેલી સ્ત્રીઓ જો સંપ અને પ્રેમથી એકસાથે રહે તો ઘરમાં કે બહાર બીજા પુરુષો કે સમાજ દ્વારા તેનું શોષણ થતું અટકાવી શકાશે, પરંતુ આજના સમયે સ્ત્રી જ સ્ત્રી તરફ આંગળી ઉઠાવે છે, તેને પ્રશ્નોના કઠગરમા ઊભી કરે છે. સમાજ વિકસી રહ્યો છે, પણ જે વર્ષોપુરાણી વિચારસરણીઓમાંથી હજી સંપૂર્ણ રીતે મુક્ત નથી બન્યો એ માટે શિક્ષણ સૌથી મોટી જરૂરિયાત છે. જૂનાપુરાણા વિચારો ધરાવતો સમાજ હજી પણ માને છે કે પત્નીનું કામ ઘર સાચવવા રસોઈ કરવાનું અને બાળકો મોટાં કરવાનું છે, જેમાં ભણતરની જરૂર નથી. અમુક સમાજમા એવી માન્યતા પ્ર્વર્તે છે વધુ ભણેલી છોકરી અને ભણતર દ્વારા મેળવેલી કેળવણી એનું માનસ બગાડે છે, પરિણામે સ્ત્રી મુક્ત અને કુકર્મો કરનારી

બને છે, આ સદંતર ખોટું છે. આવો સમાજ પત્નીને ઘરમાં રસોડાની રાણી અને સમાજમાં તેનાં બાળકોની માતા તરીકે ઓળખ આપીને ખુશ રહે છે અને એમ માને છે કે સ્ત્રીઓનો ઉદ્ધાર કરી નાખ્યો. હકીકતમાં સ્ત્રીઓનો ઉદ્ધાર જ કરવો હોય તો દરેક દીકરીને સાચી કેળવણી આપો, શિક્ષણ આપો. તેને વિચારોની સ્વતંત્રતા આપો. ભણેલીગણેલી દીકરી તેના બાળપણથી લઈ યુવાની સુધીની સફરમાં કોઈ પણ ખરાબ પગલું ભરતાં પહેલાં દસ વખત વિચાર કરશે અને એ જ દીકરી એનાં સાસરિયામાં પણ તેની બુદ્ધિમત્તાને અને સંસ્કારને કારણે મા-બાપનું નામ પ્રતિષ્ઠિત કરશે.

# ગ્રંથાલાયીત્વ ક્ષેત્રે મહિલાઓનું યોગદાન

**ડૉ. પ્રિયાંકી આર. વ્યાસ, એસોસિયેટ પ્રોફેસર,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

ગ્રંથાલય વ્યવસાયના ક્ષેત્રે મહિલાઓના યોગદાનની ચર્ચા કરતા પૂર્વે હું ગુણવંત શાહના શબ્દોને યાદ કરીશ. "સ્ત્રીમાં બુદ્ધની કરુણા, મહાવીરની તિતિક્ષા, ઈશુનો પ્રેમ, ભગીરથની તપશ્ચર્યા અને ગાંધીજીની સેવાવૃત્તિ જોવા મળે છે."

યશ અને કીર્તિનો મોહ રાખ્યા વગર સ્ત્રી પોતાનું કર્તવ્ય મૂક રહીને બજાવે છે. પરિણામ સ્વરૂપે આપણા સમાજને રામ કે કૃષ્ણથી લઈને શિવાજી કે ગાંધીજી કે રંગનાથન જેવા યુગપ્રવર્તકો કે યુગપુરુષોની ભેટ મળી છે.

સ્વામી વિવેકાનંદની દલીલ તો એ હતી એ, "શિક્ષણનું કાર્ય મહિલાઓને સોંપી દો. કેમ કે એમનામાં રહેલા પ્રેમ ,ઋજુતા, ઉદારતા, સહિષ્ણુતા, નિષ્ઠા અને ક્ષમાભાવના જેવા ગુણો આવતીકાલના નાગરિકોના ઘડતરમાં ખૂબ જ ઉપયોગી બનશે.

ગ્રંથાલાયીત્વ એટલે કરુણા, તિતિક્ષા , પ્રેમ, તપશ્ચર્યા , સેવાવૃત્તિ , ઉદારતા , સહિષ્ણુતા, નિષ્ઠા અને ક્ષમાભાવનાનો સરવાળો. આ ગુણો તો નારીમાં જન્મજાત પડેલાં છે. ગ્રંથાલાયીત્વ વત્તા મહિલા એટલે બે

સમાનગુણધર્મીઓનું મિલન. સાચા અર્થમાં સોનામાં સુગંધ ભળવી. એટલે જ એવું કરવામાં આવે છે કે, "ગ્રંથાલાયીત્વ એ મહિલાઓનો વ્યવસાય છે."

માનવી માત્ર મુખ્યત્વે આજીવિકા માટે કે ક્યારેક સેવાકીય ભાવનાથી પ્રેરાઈને કોઈને કોઈ વ્યવસાય સાથે સંકળાય છે. વ્યવસાય સ્વતંત્ર કે સ્વમાલિકીનો કે પરતંત્ર કે કોઈ સંસ્થા અંતર્ગત કર્મચારી સ્વરૂપનો હોઈ શકે છે, જ્યાં તેને કેટલીક જવાબદારીઓ કે પોતાને સોંપવામાં આવેલ કાર્ય સાંભળવાનું રહે છે. વળી, વ્યવસાયમાં કાર્ય સાથે ઉપાસના, પૂજા, ભાવ, નિષ્ઠા વગેરે પણ સમાવિષ્ટ છે. જે નોકરી કરતાં કંઈક વિશેષ સૂચવે છે.

વેબસ્ટર ડિકશનરી અનુસાર, "વ્યવસાય એ છે જેના માટે વિશિષ્ટ જ્ઞાન પ્રાયઃ દીર્ઘકાલીન અને ગંભીર તૈયારી આવશ્યક છે. જેના કાર્ય અને પધ્ધતિઓના વૈજ્ઞાનિક, ઐતિહાસિક તથા વિદ્વતાપૂર્ણ સિદ્ધાંતોને સમજવા માટે શિક્ષણ અને પ્રશિક્ષણ આવશ્યક છે. જે એક સંગઠન,ચોક્કસ વિચારસરણી, ઉચ્ચસ્તરીય ઉપલબ્ધિઓ તથા વ્યવસ્થા પર આધરિત હોય છે. જે પોતાના સદસ્યોને નિરંતર અધ્યયન અને જનસેવાલક્ષી વિશિષ્ટ કાર્ય પ્રતિ સજાગ અને સક્રિય રાખે છે.

વ્યવસાય એ એક એવી ક્રિયા છે. જેમાં એક વ્યક્તિ પોતાના વિશિષ્ટ જ્ઞાન, અનુભવ અને પ્રશિક્ષણના આધારે સમાજની વ્યક્તિમાત્રને પોતાની સેવાઓ પ્રદાન કરે છે.

ગ્રંથાલય વ્યવસાય કે ગ્રંથાલાયીત્વ પણ અન્ય વ્યવસાયની જેમ એક વ્યવસાય છે. અલબત, ગ્રંથાલય વ્યવસાય એ અન્ય વ્યવસાયોની વચ્ચે કેન્દ્રસ્થ ભૂમિકા પર હોય છે. જે દોરી સમાન બની રહી, સમગ્ર વ્યવસાયોને ગતિશીલ રાખે છે. આ વ્યવસાય જેટલો ઉન્નત બને છે તેટલા પ્રમાણમાં અન્ય વ્યવસાયો ઊર્ધ્વગામી બને છે. અર્થાત્ અન્ય વ્યવસાયો માટે ગ્રંથાલય વ્યવસાય પ્રાણવાયુ સમાન છે.

**ગ્રંથાલાયીત્વ નીચે જણાવેલ વિશેષતાઓ પણ ધરાવે છે.**

1. આ વ્યવસાય સેવાભાવના પર વિશેષ ભાર મૂકે છે.
2. સમાજસેવા તેનો પાયાનો મંત્ર છે.
3. આ વ્યવસાય સિદ્ધાંતો સાથે વ્યવહારિકતા પર આધારિત છે.
4. શિક્ષણ અને પ્રશિક્ષણ પ્રાપ્ત કરવા વિશેષ પાઠ્યક્રમનું અધ્યયન આવશ્યક છે.

5. આ વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિ પાસે પર્યાપ્ત જ્ઞાન/માહિતી સાથે કેટલાક વિશિષ્ટ ગુણો પણ આવશ્યક છે.

ગ્રંથાલય ત્રિમૂર્તિ સ્વરૂપ છે. જેની એક બાજુની મૂર્તિ વાચકવિશ્વ અને બીજી બાજુની મૂર્તિ ગ્રંથવિશ્વની દ્યોતક છે. આ બંને અર્ધમૂર્તિ એવું પ્રતિબિંબિત કરે છે કે વાચકવિશ્વ અને ગ્રંથવિશ્વ જેટલું દૃશ્યમાન છે એટલું જ અદૃશ્ય સ્વરૂપે છે. જયારે મધ્યમાં રહેલ મૂર્તિ તે ગ્રંથપાલનું પ્રતીક છે. જે આખી દેખાય છે પૂર્ણ દેખાય છે. જે ગ્રંથપાલની પૂર્ણતાનું દ્યોતક છે. અર્થાત્ ગ્રંથપાલમાં પૂર્ણતા અપેક્ષિત છે. ગ્રંથપાલે દૃશ્ય અને અદૃશ્ય બંને વિશ્વને નજર સમક્ષ રાખી, બંને વચ્ચે સેતુ બની રહી તેને સુપેરે સંયોજવાના હોય છે.

ગ્રંથાલયને સતત જીવંત બનાવી રાખવાનું પુનિત કાર્ય ગ્રંથપાલને શિરે હોય છે. ગ્રંથાલયને જ્ઞાનોપાર્જન અને જ્ઞાનોદ્દભવ માટેનો મહેંકતો બાગ બનાવવાની જવાબદારી ગ્રંથપાલે નિભાવવાની હોય છે. કારણકે ગ્રંથાલય એક જીવંત ભૂમિ છે ને એનો રખેવાળ જીવંત હોવો જોઈએ.

અન્યથા ...... કવિ કલાપીની પંક્તિ યાદ રાખવી રહી.

“શું કોપ્યો છે પ્રભુ મુજ પરે? આંખમાં આંશુ લાવી,
બોલો માતા વળી ફરી છૂરી ભોંકતી હોલડીમાં,
રસ હીન ધરા થૈ છે, કે દયાહીન થયો નૃપ,
નહીં તો ના બને આવું , બોલી માતા ફરી રડી.”

આ પંક્તિઓ માત્ર નૃપને જ નહી; નૃપ જેવા ગ્રંથપાલને પણ એટલી જ લાગુ પડે છે. વાસ્તવમાં ગ્રંથપાલનું વ્યક્તિત્વ એવું હોવું જોઈએ કે તે ગ્રંથપાલનો પર્યાય બની રહે.

જ્ઞાનપિપાસુઓ અને જિજ્ઞાસુઓ માટે ગ્રંથાલય એક આશ્રયસ્થાન છે. શાંતાભવન છે તો ગ્રંથપાલ એક એવી શક્તિ છે જે મૂક પ્રલેખોને વાચા આપે છે અને વાચકને તેમાં લય બનાવી મૂક  બનાવે છે. ધ્યાનસ્થ બનાવે છે.

**એક આદર્શ ગ્રંથપાલ પક્ષે નીચે જણાવેલ ગુણો હોવા આવશ્યક છે.**

1. પુસ્તકપ્રેમ
2. પ્રણવપ્રેમ
3. વ્યવસાય પ્રતિ નિષ્ઠા

4. શિષ્ટ વ્યવહાર
5. મિલનસારપણું
6. મૃદુસ્વભાવ
7. સેવાભાવના
8. વિશિષ્ટ વ્યવસાયિક ઉપાધિ અને તાલીમ
9. જ્ઞાનોપાર્જન માટેની તત્પરતા
10. નિત્ય વિદ્યાર્થીભાવ
11. વિદ્વતા
12. તીક્ષ્ણબુદ્ધિ
13. તીવ્ર સ્મરણશક્તિ
14. વાકકૌશલ્ય
15. સહકારની ભાવના
16. સારો સંચાલક

વળી, પુસ્તક પાત્ર બાળક જેવાં નાજુક હોય છે. માતાના પાલવે જ તે શાતા અનુભવે છે. આત્મીયતા પામે છે. પ્રેમ પામે છે. સંસ્કાર પામે છે. માટે જ હિંદુ સંસ્કૃતિમાં નારીનું માહાત્મ્ય ગવાયું છે.

**"યા દેવી સર્વભૂતેષુ, શક્તિરૂપેણ સંસ્થિતા ।**
**નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ"**

આદર્શ ગ્રંથપાલ માટેના ઉપર્યુક્ત ગુણો નારી પાત્રમાં જન્મજાત હોય છે તેને કેળવવા નથી પડતા ! હા ! ક્યારેક તેને ઓપ આપવાનો રહે છે નારી પાત્રમાં આ

ગુણો સહજ હોવાથી ગ્રંથાલાયીત્વને તે દૈદિવ્યમાન બનાવે છે.

ગ્રંથાલાયીત્વની આધારશીલા જ 'પ્રેમ' હોય છે. નારીમાં તો તે સહજ ભાવે જ હોય છે. શીખવાડવો નથી પડતો. વ્યવસાય પ્રતિ નિષ્ઠા, ઉપયોગકર્તાઓ સાથેનો શિષ્ટ વ્યવહાર, મિલનસારપણું, મૃદુ સ્વભાવ અને વાકપૂરતા સાથેની વિદ્વતા વગેરે ગ્રંથાલયીત્વના પાયા છે. આ બધું જ નારી માત્રમાં સ્વયંભૂ હોય છે. માટે જ પાશ્ચાત્ય દેશોમાં ગ્રંથાલય વ્યવસાયને "મહિલા વ્યવસાય" તરીકે ઓળખ મળી છે.

ગ્રંથાલાયીત્વ ક્ષેત્રે પુરુષની જેમ મહિલાઓનો પ્રવેશ પણ સામાન્ય છે. અલબત્ત, પુરુષોએ આદર્શ ગ્રંથપાલ માટેના ગુણો કેળવવા પડે છે. કેળવાયેલા ગુણ ક્યારેક ઝાંખા પડવાની સંભાવના હોય છે. જયારે જન્મજાત ગુણ સતત તેજસ્વી બનતા રહે છે. જે નારી માત્રમાં હોય છે.

ગ્રંથાલાયીત્વ ક્ષેત્રે મહિલાઓનું યોગદાન ત્રણ કક્ષાએ હોઈ શકે છે. લેખક તરીકે, પ્રાધ્યાપક તરીકે અને ગ્રંથપાલ તરીકે.

માત્ર એટલું જ નહી નારી માત્ર પુરુષો માટે પ્રેરણાસ્ત્રોત રહી છે. એટલે જ એવું કહેવામાં આવે છે કે,

'દરેક સફળ પુરુષની પાછળ સ્ત્રીની પ્રેરણા રહેલી છે.' આ સત્ય નારી ઈતિહાસમાં પાને પાને કંડારાયેલું જોવા મળે છે. જેમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનું ક્ષેત્ર પણ આમે જ છે. જેનું ઉત્તમ ઉદાહરણ ગોડક્રે ડ્યૂઈ અને શારદા રંગનાથનનું છે.

ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન ક્ષેત્રે પ્રથમ વર્ગીકરણ પ્રણાલી DDC ની ભેટ આપનાર મેલ્વિલ ડ્યુઈ પ્રથમ પદની 'ગોડક્રે' નું યોગદાન ઉલ્લેખનીય છે. 1876 માં મેલ્વિલ ડ્યૂઈ  ગોડક્રે સાથે લગ્નગ્રંથીથી જોડાયા, એ જ વર્ષે DDC ની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઇ. ગોડક્રે ડ્યૂઈ અને DDC સાથે મૃત્યુ પર્યંત (1922) જોડાયેલાં રહ્યા. પ્રેરણા સ્ત્રોત બની રહ્યા.

ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનના યુગપ્રવર્તક અને ગ્રંથાલય જગતને 'ગ્રંથાલયવિજ્ઞાનના પાંચ સૂત્રો તથા CC અને CCC' ની ભેટ આપનાર એસ. આર. રંગનાથન 1929માં શારદા સાથે લગ્નગ્રંથીથી જોડાયા બાદ જ તંત્રનો ગ્રંથાલયવિદ્દ તરીકે ઉદય થયો. માટે જ તેમણે  શારદાની સ્મૃતિમાં "શારદા રંગનાથન એન્ડાઉમેન્ટ ફોર લાયબ્રેરી સાયન્સ"ની સ્થાપના કરી.
આવાં અનેક ઉદાહરણો ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના ઈતિહાસમાં જોવા મળે છે'.

નારી આ ક્ષેત્રે પાત્ર પ્રેરણાસ્ત્રોત જ નહી. લેખિકા, અધ્યાપિકા અને ગ્રંથપાલ તરીકે પણ ઊભરી છે.
સૌ પ્રથમ કમ્પ્યુટર પ્રોગ્રામ તૈયાર કરનાર પણ એક મહિલા છે. નામ છે લેડી લવલેશ.
ગુજરાતીમાં ગ્રંથાલયવિજ્ઞાનને સ્પર્શતું સૌ પ્રથમ પુસ્તક લખનાર લેખિકા પદ્માબેન ફળિયા છે.

વર્તમાનમાં ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનના ક્ષેત્રમાં વિવિધ હોદ્દાઓ પર રહી, ગ્રંથાલયીત્વને શોભાવનાર અને સુગંધિત બનાવનાર અનેક મહિલાઓનું યોગદાન અવિસ્મરણીય રહ્યું છે. જેમાં કેટલાક નામો ઉલ્લેખનીય છે.

જેમાં મિસિસ ખાંડવાલા(SNDT યુનિવર્સિટી ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનના પૂર્વ અધ્યક્ષ, શ્રીમતી સુરતી (GU, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનના પ્રથમ મહિલા અધ્યક્ષ), ડૉ. ગીતાબેન ગઢવી(ગુજરાત યુનિવર્સિટી), ડૉ. ઉર્મિલા ઠાકર(Sp), શ્રીમતી પ્રભાબેન(ગુજરાત રાજ્ય ગ્રંથાલય ખાતાના પ્રથમ મહિલા નિયામક), ડૉ. પ્રિયાંકી વ્યાસ(BAOUના એસોસિયેટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ તથા પ્રસ્તુત લેખના લેખિકા), શ્રીમતી મીનળ ચૌહાણ(GV), તથા ડૉ. કલ્પના શાહ, ડૉ. ઉમા કાનજીલાલ (IGNOU) ડૉ. ગીતાબેન પટેલ, ડૉ. વૈશાલી ભાવસાર, ડૉ. વૈદેહી

પંડ્યા, ડૉ. તોરલ પટેલ, ડૉ. કોકિલા ટાંક (SU), ડૉ. કનકબાળા જાની (HNGU), ડૉ. નીલા રાજગુરૂ (સર પી.ટી.સાયન્સ કોલેજ)ડૉ. ચેતના શાહ(BAOU) વગેરે જેવા અન્ય ગણી મહિલાઓનું યોગદાન છે. જે બધી જ મહિલાઓનાં નામ ઉલ્લેખવા મારા માટે ખૂબ જ અઘરાં છે.

**ઉપસંહાર**

ગ્રંથાલાયીત્વને અનેક મહિલાઓએ પોતાના અનેરા યોગદાન સાથે શોભાવ્યું છે. સુસંગધિત બનાવ્યું છે. બનાવી રહ્યાં છે. છેલ્લે મનુસ્મૃતિનું એક સૂત્ર ટાંકું છું. “સુયોગ્ય પત્ની પરિવારની શોભા તથા ઘરની લક્ષ્મી છે “ તેમ “સુયોગ્ય ગ્રંથપાલ સમાજની શોભા અને ગ્રંથાલયનો પ્રાણ છે”. સુયોગ્યતા વિશેષત : મહિલાનો સહજ ગુણ છે.

# સમાજનું સર્વાંગી શિક્ષણ

પદમા હરસોરા,
રિસર્ચ સ્કોલર ((M.Phil.)
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

❖ **પ્રસ્તાવના :**

સમાજનું સર્વાંગી શિક્ષણ એટલે સમાજ શિક્ષણ એમ કહેવાય છે. સમાજ શિક્ષણના સ્પષ્ટ ખ્યાલથી મોટા ભાગની પ્રજા હજી વંચિત છે. એ અંગે છૂટક છૂટક, લખાણો અને પ્રસ્તિકાઓ પ્રાપ્ય છે. સમાજ શિક્ષણ મુખ્યત્વે શાળા બહારનું સતત અવિધિસર શિક્ષણ છે.યુગે યુગે સમાજનો સર્વાંગી વિકાસ કરવાનો પ્રયત્ન થયો છે.અને તે તે યુગે પોતાના સમાજ માટે આગવી શિક્ષણ વ્યવસ્થા કરી જ હોય છે.પ્રત્યેક દિશામાં હરણફાળ ભરતા આજના વૈજ્ઞાનિકયુગમાં સમજને પ્રગતિને પંથે દોરી જતું આ સમાજ શિક્ષણ, શિક્ષણને પાયામાં રાખીને પ્રજામાં આગળ વધવામાં સહાયક બને છે.

❖ **સમાજ શિક્ષણ એટલે શું?**

સમાજ શિક્ષણ શબ્દ જ આપણને બતાવે છે શિક્ષણનું સ્થાન કોઈ શાળા કે મહાશાળાની ચાર દીવાલ વચ્ચેનું હોઈ શકે કારણ કે શાળા

મહાશાળાઓએ સમાજ નથી પણ સંસ્થા છે સમાજ માં અનેક પ્રકારની સંસ્થાઓ હોઈ છે. દરેક સંસ્થાનો પોતાનો હેતુ હોય છે. સમાજ શિક્ષણને સમાજ સાથે સંબધ હોવાથી તેનો કોઈ નિશ્ચિત અભ્યાસક્રમ કે નિશ્ચિત પદ્ધતિ હોઈ શકે નહિ માનવી પોતાના ઉદ્દેશ પાર પાડવા માટે સંસ્થા કરે છે સમાજમાં માનવી અનેક પ્રવુત્તિઓ કરે છે જુદી જુદી પ્રવુત્તિઓ અલગ હેતુઓ સિદ્ધ કરવાના હોઈ છે એટલે સંસ્થાના અલગ અલગ  સ્વરૂપો ધારણ કરે છે ઘણીવાર સંસ્થાના હેતુઓ સિદ્ધ થતા ઉદ્રીષ્ઠ સ્થાને પહોંચી જતા સંસ્થાનું વિલીનીકરણ પણ થઇ જાય છે એટલે શિક્ષણ હોવા છતાં પણ સમાજમાં શિક્ષણનું ક્ષેત્ર મુખ્યત્વે શાળાની દિવાલ બહાર છે.

નિરંજન નિરાકાર ઈશ્વરને પામવા માનવી તેને મૂર્તિરૂપે સાકાર બનાવી તેના અવલંબનથી આગળ વધવાનો પ્રયત્ન કરે છે, તેમ સમાજ શિક્ષણ એટલે શું એ સમજવા માટે આપણી દ્રષ્ટિ સમક્ષ તેના પાર્થિવ સ્વરૂપની કોઈ કલ્પના હોવી જોઈએ.

સમાજ શિક્ષણ એ સમાજધર્મનું શિક્ષણ તો છે જ પરંતુ સાથે સાથે જીવનવિકાસનું શિક્ષણ છે ખરી રીતે સમાજ શિક્ષણ એ જીવનવિકાસ છે તે કેળવણી મારફતે જીવનનો આધાત્મિક સામાજિક આર્થિક અને સંસ્કૃતિક જીવનનો વિકાસ છે

❖ **સમાજ શિક્ષણના હેતુઓ** :

સમાજ શિક્ષણનો હેતુ માનવીની “ખલવૃત્તિ ને સાધુવૃત્તિ સજ્જનતાને રસ્તે વાળવી તે છે અને આ કાર્ય તે માનવીના કલાપ્રત્યેની અને સંસ્કારપ્રત્યેની રૂચિ કેળવીને કરે છે આ કાર્ય સિદ્ધ કરવા માટે સાંસ્કુતિક કાર્યક્રમોનું આયોજન કરે છે સાચા નાગરિક બનવા માટે વ્યક્તિએ કુટુંબમાં તથા સમાજમાં કઈ રીતે ભળી શકાઈ એ પણ શીખવું જરૂરી છે માનવી જાતને સમાજજીવન અનુરૂપ બનાવી શકે તો જ તે સુખી અને સંતોષી જીવન ગાળી શકે છે માનવીને સુખી થવું હોઈ તો આર્થિક અને આરોગ્યની બાબતમાં તેને સમૃદ્ધ બનવું જોઈએ એટલે સમાજ શિક્ષણનો હેતુ આર્થિક બાબતમાં વધારે કુશળ બનાવવા અને તેનો ઉપયોગ કરવા માટે આરોગ્ય શરીર સોષ્ટવ અને દીર્ઘાયું બનાવાનું શિક્ષણ આપે છે.

❖ **સમાજ શિક્ષણ ની વ્યાખ્યા :**

૧ ભાવિ નેતૃત્વની કલ્પનાજન્મ તાલીમ તે સમાજ શિક્ષણ.

૨ સમાજ શિક્ષણ એટલે માનવતાનું શિક્ષણ.

૩ જીવનભરનું શિક્ષણ તે સમાજ શિક્ષણ અત્યારે માનવીના જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ઝડપી વિકાસ થઇ રહ્યો છે એટલે તેણે તે ક્ષેત્રોનું જ્ઞાન મેળવવું જરૂરી છે.

૪ સમાજ શિક્ષણ એ ગતિશીલ ક્રિયા છે સિધાન્તોની શોભાનું ઘરેણું નથી એક બીજા ને સમજવાનું અને સામુહિક તથા વાક્તિગત આબાદી સાધવાનું શિક્ષણ છે .

❖ **સમાજ શિક્ષણ શા માટે જરૂરી છે**

સમાજ શિક્ષણ શા માટે જરૂરી છે તે સમજવા નવા દ્રષ્ટીકોણ સમજવા જરૂરી છે.શ્રી ડો.હોમર કેમ્ફર કહે છે :"માત્ર હકીકતોનો સંગ્રહ એ શિક્ષણ નથી ;પરંતુ તે ઉપરાંત નવો  દ્રષ્ટીકોણ કેળવવો અને પદ્ધતિ જાણવી એ પણ શિક્ષણ છે.

સમાજ શિક્ષણ નવા દ્રષ્ટીકોણ માટે ,યંત્રયુગની માંગ પુરવા,માનવતા શિક્ષણ માટે વ્યક્તિવિકાસ માટે, સંસ્કૃતિ સંઘર્ષમાં સહાયક થવા માટે સમાજ  શિક્ષણ ખુબજ મહત્વનું અને અગત્યનું  સાબિત થાય છે.

જો આવા શિક્ષણની વ્યવસ્થા ઊભી થઈ તો

૧ શિક્ષણ વિકાસ અને માનવી વિકાસનો સમન્વય થશે

૨ અત્યારના શાળા શિક્ષણનો બોજો ઓછો થશે

3 શિક્ષણનો અભ્યાસક્રમ વધારે ગતિશીલ અને વધારે કાર્યાન્વિત થશે

૪ શિક્ષણ વ્યવસ્થા અને અભ્યાસક્રમ એક નવું સ્વરૂપ લેશે

**❖ સામુહિક વિકાસના યોજનામાં સમાજ શિક્ષણનું કાર્ય :**

સમાજને સતત શિક્ષણની જરૂર છે તે વાત સૌ જાણીએ છીએ તેવા શિક્ષણ અંગે આપણો સમાજ વિવધ પ્રયત્નો કરી રહેલો છે તેમાંથી સામુહિક વિકાસ ઘટના અંગે વાત કરીએ તો તેના પ્રત્યેક વિભાગ ખૂબજ મહત્વના અને અગત્યના છે જેમ કે પ્રજા સમૂહ એટલે શું ? પ્રજા સંઘટન એટલે શું? સામુહિક વિકાસનો અર્થ,સિધ્ધાંત,વ્યાખ્યા,તેની યોજના વગેરે સમજવા અતિ આવશ્યક છે

**❖ વ્યાખ્યા :**

૧ સ્થાનિક પ્રજા માટેની વિકાસની એક શૈક્ષણિક પ્રક્રિયા છે .

૨ તે એક સામુહિક અને પ્રજા શિક્ષણની પ્રક્રિયા બને છે અર્થાત એ શૈક્ષણિક પ્રક્રિયાની પ્રવૃત્તિ છે .

૩ કાર્યનું લક્ષ્ય,પદ્ધતિ,કાર્યના સાધનો અને પરિણામ લોકોએ નકી કરવાના હોઈ છે .

૪ તેનો હેતુ સ્થાનિક પ્રજા ને સ્વાશ્રયી બનાવાનો છે .

**❖ સમાજ શિક્ષણનું કાર્ય :**

પ્રજા વિકાસ ઘટકોનો હેતુ શિક્ષણ દ્વારા પ્રજાનું સર્વાંગી વિકાસ સાધવાનું છે.એ થી સમાજ શિક્ષણના સિદ્ધાંતોથી જુદા નથી એટલે ક પ્રજા વિકાસ એ

લોકશિક્ષણ છે સમાજમાં શિક્ષણ મુખ્યત્વે ચાર બાબતે જરૂરી છે તેમ નકી થઇ શકે .

૧ વ્યક્તિ કે સમાજને પોતાને અનુકુળ હોઈ તેવું નવું વાતાવરણ સર્જવાની શક્તિ આવે તે માટે .

૨ વ્યક્તિ કે  સમાજને નવા વાતાવરણને અનુકુળ થવામાં સહાયક બને તે માટે .

૩ વ્યક્તિ કે  સમાજને નવું વાતાવરણ સમજવા સહાયક બને તે માટે .

૪ વ્યક્તિ કે સમાજ ને નવા વાતાવરણ ને પોતાના કાબુમાં લેવાની શક્તિ આવે તે માટે.

❖ **સમાજના લોકોનો સંપર્ક :**

સમાજના લોકોનો સંપર્ક એટલે કોઈ પણ કાર્ય માટે લોકોનો સંપર્ક સાધવો વોક સંપર્ક સમાજ શિક્ષણમાં મહત્વનું સ્થાન ધરાવે છે તે કેળવણીની ક્રિયા છે આ યુગ હવે સતત શિક્ષણનો છે તે થી તે કઈ જાતનો કોનો કેટલી ત્રિજ્યામાં સંપર્ક જરૂરી છે તે પ્રત્યેક પડે વિચારવું આવશ્યક છે જો યોગ્ય વ્યક્તિનો સંપર્ક ના સધાઈ તો કાર્ય પૂરું સફળ થાય નહિ ક્યારેક વ્યક્તિ ઉપરાંત જૂથ અથવા સમુદાય નો સંપર્ક પણ જરૂરી બને છે સંપર્ક અનેક રીતે હોવા છતાંય વ્યક્તિગત સંપર્ક મહત્વનું કાર્ય કરે છે સમુદાય,જૂથ વગેરેના સંપર્ક માં વ્યક્તિગત સંપર્કવાળા મહત્વનું કાર્ય કરી ને

જૂથ ને પ્રેરણા આપીને કાર્યસિદ્ધિમાં સરળતા કરવામાં સહાયક બને છે એ સંપર્કમાં વ્યક્તિગત સંપર્ક સર્વશ્રેષ્ઠ ઉપાય છે. સંપર્કને માટે ક્યરેક મોટા સમુદાય ને ,ક્યારેક અમુક પ્રજા સમૂહને આવરી લેવા માં આવે છે આવા સંપર્ક સમુદાય- સંપર્ક ગણાઇ છે કાર્ય કરવાની રીત પરથી પણ સંપર્કના બે ભાગ પાડી શકીએ છીએ ૧. પ્રત્યક્ષ ૨. પરોક્ષ લોકસંપર્ક એ ધ્યેય સિદ્ધિનો માર્ગ છે. જેમના દ્વારા ધ્યેયસિધ્ધ થવાનું છે.ટૂંકમાં સમાજના લોકોનો સંપર્ક એ ધ્યેય સિદ્ધનો પહાડી રસ્તો છે.

❖ **શબ્દ સામ્ય :**

કેટલાક શબ્દો એવા છે કે જે તેવા જ અર્થના સૂચક છે, અને શબ્દસામ્ય ઉપરાંત તેમાં ક્રિયાસામ્ય પણ દેખાય છે. કેટલાક શબ્દો નામ સામ્ય ન હોવા છતાય અમુક રીતે ક્રિયાસામ્ય આવે છે.આમ સમાજ શિક્ષણ સાથે સંકળાયેલ જુદા જુદા શબ્દો છે જેમકે પ્રોઢશિક્ષણ અને સમાજ શિક્ષણ આધારભૂત શિક્ષણ અને સમાજ શિક્ષણ, પ્રજાસમૂહ શિક્ષણ અને સમાજ શિક્ષણ,સમાજકલ્યાણ અને સમાજ શિક્ષણ,સાળા શિક્ષણ અને સમાજ શિક્ષણ વિસ્તરણ પદ્ધતિ અને સમાજ શિક્ષણ, સામાજિક કાર્ય અને સમાજ શિક્ષણ સમાજ વિજ્ઞાન અને સમાજ શિક્ષણ સમાજ શાસ્ત્ર અને

સમાજ શિક્ષણ માહિતી પ્રચાર અને સમાજ શિક્ષણ રાજકારણ અને સમાજ શિક્ષણ બુનયાદી શિક્ષણ અને સમાજ શિક્ષણ આમ સમાજ શિક્ષણ સાથે શબ્દસામ્ય ધરાવતા જુદા જુદા વિષયોના શબ્દો ઉપર મુજબ દર્શાવેલ છે જે ખૂબજ મહત્વના છે

❖ **સમાજ શિક્ષણનું મુલ્યાંકન :**

સમાજના લોકોનો વિકાસ થયો છે નહિ અને થયો હોય તો તેની દિશા સાચી કે નહિ તથા કેટલો વિકાસ થયો છે તે જાણવું ઘણું મહત્વનું છે.સમાજ શિક્ષણ હેતુ વ્યક્તિ અને સમાજનો સર્વાંગી વિકાસ સાધવાનો છે અને તે કેટલે અંશે સાધાયો છે તે જાણવું જરૂરી છે જેમ વેપારી વર્ષાન્તે પોતાનું સર્વયું કાઢે છે તેમ આ પ્રવૃત્તિનું સર્વયું કાઢવું જરૂરી છે કોઈ પણ પ્રવૃત્તિનું મુલ્યાંકન કરવાના બહુ સામાન્ય નિયમો તારવી આપીએ તો ગમે તે પ્રવત્તિ મુલતવી હોઈ તો વિશેષ સરળતા રહે છે

- ➢ પ્રવૃત્તિનું આયોજન કોને કર્યું ? ગામ લોકો એ કે અધિકારી એ ?
- ➢ લોકોની જરૂરત હતી ત્યાંથી કામ શરૂં થયું કે નહિ ? પ્રવૃત્તિ માં સ્થાનિક સાધનોનો ઉપયોગ થયો
- ➢ પ્રવૃત્તિ માટેનો છેલો નિર્ણય કોનો હતો ?
- ➢ પ્રવૃત્તિથી પોતે કેટલા સ્વાલંબી થયા ?
- ➢ કાર્યક્રમની પેટા પ્રવુતિ કઈ છે?

- કાર્યક્રમનું ધ્યેય શું છે?
- ધ્યેયને લક્ષ્યમાં રાખી પ્રવુતિ ગોઠવાઈ હતી ?
- કુલ પ્રજાના કેટલા ટકા લોકોએ ભાગ લીધો ?
- કેટલો વખત ભાગ લીધો ?
- કુલ કાર્ય કરી ને ભાગ લીધો ?

આમ મૂલ્યાંકન કરવા માટે આ સામાન્ય નિયમો ખૂબજ અગત્યના છે

❖ **સમાપન :**

આમ સમાજના સર્વાંગી શિક્ષણ વિકાસમાં શિક્ષણ એ શાળા બહારનું ,સતત અવિધિસર શિક્ષણ છે. સમાજમાં સર્વાંગી વિકાસ માટે યુગો યુગોથી પ્રયત્નો કરવામાં આવેલા છે. કૈક નવું જાણવા માટે શિક્ષણ ખુબજ મહત્વનું ઘટક છે. જેની સંક્ષિપ્તમાં ઉપર મુજબ ચર્ચા કરવામાં આવેલ છે.

❖ **સંદર્ભ :**

૧ ભટ્ટ , ચુનીલાલ . સમાજ શિક્ષણ સિધ્ધાંત અને વ્યવહાર ,સુરત :ગુજરાત રાજ્ય સમાજ શિક્ષણ સમિતિ ,૧૯૭૪

૨ ભટ્ટ, ચુનીલાલ .સમાજ શિક્ષણનું મૂલ્યાંકન ૧૯૫૫

# સ્ત્રી અને શિક્ષણ, "શિક્ષણ એ માનવીને આત્મવિશ્વાસુ અને નિસ્વાર્થી બનાવે છે"

ડૉ. મીના આઈ.રાજપૂત,
વ્યાખ્યાતા: શિક્ષણશાસ્ત્ર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

આધુનિક યુગમાં શિક્ષણ સામાજિક,આર્થિક અને રાજકીય સશક્તિકરણનું અગત્યનું સાધન છે શિક્ષણ દ્વારા સ્ત્રીઓમાં તેમની મૂળભૂત જરૂરિયાતો અને આરોગ્ય બાબતની સેવાઓ અને જરૂરિયાતો વિષે જાગૃતતા લાવી શકે છે શિક્ષણ સ્ત્રીઓને ધણી બધી ભોતિક અને સામાજિક જરૂરિયાતો સંતોષવામાં ઉપયોગી બને છે શિક્ષણ એ સ્ત્રીના વિકાસ અને ગતિશીલતાનું પ્રથમ પગથિયું છે ભારતના બંધારણમાં કોઇપણ ભેદભાવ વગર બધા માટે શિક્ષણ માટેની સમાન તકનો મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો છે આમ છતાં ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ નહિવત જોવા મળે છે કે બિલકુલ જોવા મળતું નથી સ્ત્રીઓના શિક્ષણ બાબતે ખાસ કરીને મજૂરી કરતા કુટુંબમાંથી આવતી દીકરીઓ શિક્ષણ પ્રત્યે રૂચી ધરાવતી હોવા છતાં શિક્ષણથી વંચિત રહે છે જેના અનેક કારણો જવાબદાર હોય છે જેવા કે ધરકામ,ખેતરકામ, પશુપાલન,માતા-પિતા જયારે

મજૂરીએ જાય ત્યારે નાના ભાઈ-બહેનોને સાચવવાની જવાબદારી વગેરે.તેમજ ઘણા કિસ્સાઓમાં દીકરીઓને પ્રાયમરી શિક્ષણ આપી કોટુંબિક જવાબદારીને લીધે અધવચ્ચે શિક્ષણ છોડી દેવડાવવામાં આવે છે આ પ્રકારની પરિસ્થિતિ સમાજના અસખ્ય કુટુંબોમાં આપણને જોવા મળે છે.

ભારત પુરુષપ્રધાન દેશમાં દીકરાની વિશેષ પસંદગીના લીધે માતા-પિતા દીકરીઓના શિક્ષણની અવગણના કરે છે તેમની માનસિકતા વૃદ્ધાવસ્થામાં દીકરો તેમની સારસંભાળ લેશે અને તેમનો વંશવેલો આગળ વધારશે તેવી અનેક માન્યતાઓ હેઠળ દીકરાઓના શિક્ષણ પાછળ ખર્ચ કરવા તેયાર રહે છે અને દીકરીઓને પારકે ઘરે જવાનું હોવાથી તેઓને ઘરકામ,રસોઈ,બાળકોનો ઉછેર,બાળ જન્મ વગેરેની જવાબદારીઓ લગ્ન પછી આવવાની હોવાથી શિક્ષણ બાબતે વંચિત રાખવી કે નહિવત શિક્ષણ આપવામાં આવે છે આવી પરિસ્થિતિઓમાં સ્ત્રીઓના નિરક્ષરતા અને અધૂરા જ્ઞાનને લીધે તે પરાવલંબી બને છે તેના માઠા પરિણામ સ્વરૂપે સમાજ કે કુટુંબમાં થતા દબાણ,અત્યાચાર અને સામે આવતા પડકારો શિક્ષણના અભાવે તેને ઝીલવા અસમર્થ બને છે સ્ત્રી સશક્તિકરણ માટે શિક્ષણની વિશેષ આવી પરિસ્થિતિમાં આવશ્યતા રહેલી છે.

સ્ત્રીઓને જાગૃત કરવા અને શિક્ષણ માટે ભૂતપૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે અબ્દુલ કલામ જણાવે છે કે

"જો જનતામાં જાગૃતિ પેદા કરવી હોય તો પહેલા મહિલાઓમાં જાગૃતિ પેદા કરો એકવાર જયારે તેઓ આગળ વધે છે તો એક પરિવાર આગળ વધે છે અને પછી આપમેળે આખો દેશ વધે છે."

"સારા રાષ્ટ્રના નિર્માણ માટે મહિલા સશક્તિકરણ એ પૂર્વશરત છે કારણકે મહિલા સશક્ત હશે તો સમાજમાં સ્થિરતા આવશે તેના મૂલ્યો અને વિચારો સારા કુટુંબના વિકાસ તરફ દોરી જશે સારા સમાજમાં પરિણમશે અને અંતે સારા રાષ્ટ્રનું નિર્માણ થશે."

શિક્ષણ એ માનવ માટે એવું ધન છે કે જેને હાની કે કોઇપણ ભય વિના સુરક્ષિત રાખી શકાય છે મિલકતોમાં ભાઈ-બહેનોના ભાગ પડે છે જયારે શિક્ષણમાં કોઈનો ભાગ હોતો નથી શિક્ષણ એ ગુરુઓના ગુરુ છે શિક્ષણ એ ભોતિક આનંદ,સુખ અને ખ્યાતિ અપાવે છે શિક્ષણ પરમાત્માનો અવતાર છે તેથી જ તો ગાંધીજીએ કહ્યું છે કે "મહિલાઓને શિક્ષિત કરવાથી બાળકના શારીરિક,માનસિક અને આધ્યાત્મિક વિકાસ એ ફક્ત આધુનિક સમાજની ઉત્પત્તિ નથી પરંતુ ભારતદેશની વિરાસત અને ધરોહર છે".

સ્ત્રીને સશક્ત બનાવવા માટે શિક્ષણ અને સમાજની મદદની જરૂરિયાતો અને સ્ત્રી શિક્ષણની જાગૃતિ, સ્ત્રીને સ્વનિર્ભર બનવવા માટેના પ્રયત્નો સ્વરૂપે ભારત સરકાર દ્વારા (1) 15,ઓક્ટોબર- ગ્રામીણ મહિલા દિવસ (2) 8, માર્ચ - આંતરરાષ્ટ્રીયમહિલા દિન તેમજ વર્ષ 2001,ને મહિલા આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે અને વર્ષ 2007,ને મહિલા સશક્તિકરણ વર્ષ તરીકે ઉજ્જ્વવામાં આવ્યા છે આવા કાર્યક્રમો થકી મહિલાઓમાં ‘સ્વ’ જાગૃતિના બીજ રોપાય તેવા પ્રયાસો કરવામાં આવે છે સ્ત્રી શિક્ષણ,જાગૃતિ અને સશક્તિકરણ માટે આવા કાર્યક્રમો ફળદાયી સાબિત થાય છે કોઈ પણ સમાજની પ્રગતિની પારાશીશી એ સમાજમાં સ્ત્રીનું સ્થાન કેવું છે તેના પર નિર્ભર છે.

સ્ત્રીત્વ એટલે જે પૂજાની પવિત્ર વેદી છે જે એક સાથે ઘર અને પરિવાર અને પોતાનો વ્યવસાય સાચવે છે જેને હંમેશા મૌનમાં નિશ્ચલ કરી રાખવામાં આવે છે કારણકે સ્ત્રીત્વનો બોજ એ એક રહસ્યનો બોજ પણ છે સ્ત્રીનું જીવન તેની ફરજો અને લાગણીઓથી બનેલું છે પણ સમાજ ફક્ત તેની ફરજોને જુએ છે અને લાગણીઓને નજર અંદાજ કરે છે સ્ત્રી એ એક એવું પાત્ર છે કે પોતાની પસંદગીથી નહી પણ બીજાની પસદગી પર જીવન જીવે છે અને કોઈ પણ પરિસ્થિતિમાં અનુકૂળ બની જાય છે સ્ત્રીને પોતાનું કોઈ ઘર નથી હોતું પણ સ્ત્રી વગર કોઈ ઘર ‘ઘર’ નથી હોતું

તેથી જ સ્ત્રી વિનાના ઘર કે સમાજની કલ્પના થઈ શકતી નથી તેના માટે સંસ્કૃતમાં શ્લોક છે "यत्र नार्यस्तु पूज्यन्ते तत्र देवता ".

સમાજમાં શિક્ષિત પુરુષો શિક્ષિત કન્યાઓ સાથે લગ્ન કરવાનો આગ્રહ રાખે છે આ કારણના લીધે સમાજના ઘણા બધા કુટુંબમાં સ્ત્રી શિક્ષિત કરવા અંગેની જાગૃતતા આવી છે વર્તમાન સમયમાં દીકરીઓના શિક્ષણ માટે માતા-પિતા જાગૃત બન્યા છે જેના પાછળના ઘણા કારણો જવાબદાર છે જેવા કે દીકરીના લગ્નના દહેજ પ્રથાની સમસ્યા , છૂટાછેડા બાદ સ્વનિર્ભર થવાની સમસ્યા આવી અન્ય સમસ્યાઓ સામે શિક્ષણ જ એક એવો માર્ગ છે જે આવી બધી સમસ્યાઓથી જુજતી સ્ત્રીઓને જિંદગીને જીવવાનો માર્ગ બનાવવામાં સહાયરૂપ સાબિત થાય છે.વર્તમાનમાં પણ સ્ત્રીના શિક્ષણને સ્ત્રીઓના સામાજિક મૂલ્યોમાં અપેક્ષા અનુસાર માન,મોભો પ્રાપ્ત થતો નથી એ એક શિક્ષિત સમાજની કરુણ પરિસ્થિતિ જ કહી શકીએ.

સ્ત્રીઓ શિક્ષિત હોવા છતાં પોતાના હક્કો પરત્વે અજ્ઞાનતા ધરાવે છે શિક્ષણક્ષેત્રે સ્ત્રીઓને પોતાની ઓળખ ઉભી કરવા,આત્મનિર્ભર,આર્થિક સલામતી અને સ્વાયત્ત બનવા કાનૂની અને રાજકીય અધિકારો પ્રત્યેની જાગૃતતા ધારદાર બનાવી નથી. શિક્ષણ દ્વારા સ્ત્રીઓનું સશક્તિકરણ

કરવા માટે હજુ ઘણું કરવાનું બાકી છે સ્ત્રી સશક્તિકરણના માર્ગમાં અનેક અવરોધો છે તેને શિક્ષણના અસરકારક જ્ઞાનને સુવિધાઓ પૂરી પાડીને આગળ વધી શકાય છે. સ્ત્રીઓના સશક્તિકરણ માટે શિક્ષણ અને ખાસ કરીને સ્ત્રી શિક્ષણ એ સ્ત્રીઓના હક્કો મેળવવાનું મહત્વનું પરીબળ છે.

"નારીને  નવ નીદીયે,નારી રતનની ખાણ,
નારી થકી નર નીપજ્યા, ધ્રુવ-પ્રહલાદ સમાન!"

# સ્ત્રી અને શિક્ષણ

**રોમા આસનની, રિસર્ચ સ્કોલર ((Ph.D.), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ.**

'ફ્રેડરીક નીત્સ્ચ્યેએ કહ્યુ હતુ કે બુદ્ધ અને જીસસ સ્ત્રૈણ રહ્યા હશે. કારણ કે એમણે જે પ્રેમ અને કરૂણાની વાતો કરી છે. એ પુરુષોના ગુણ નથી. એક અર્થમાં એમણે સાચી વાત કહી છે, જીવનના જે પણ સંબંધો માધુરીથી ભર્યા છે. જીવનની જે પણ સુંદર કલ્પના અને ભાવના છે એ સ્ત્રીનો અનિવાર્ય સ્વભાવ છે. મનુષ્યની સભ્યતા માધુરી અને સૌંદર્યથી ન ભરાઇ શકી, ક્રુર અને પૌરૂષી થઇ ગઇ, કઠોર અને હિંસક થઇ ગઇ અને અંતિમ પરિણામોમાં કેવલ યુદ્ધો આવતા રહ્યા એના પાછળ બે જ કારણો છે. ૧. સ્ત્રીના ગુણોને કોઇ સન્માન ન આપવામાં આવ્યુ, અને ૨) સ્ત્રીએ પોતે પોતાના ગુણો વિકસીત કરવા સક્રિય પ્રયત્નો કે ઉપાયો ન કર્યા. તમે જોયું હશે કે કોઇ સ્ત્રી પુરુષોના ગુણોમાં આગળ વધી જાય જેમ કે રાણી લક્ષ્મીબાઇ, તો આખા જગતમાં પ્રશંસા થશે કે રાણી લક્ષ્મીબાઇ ખુબ બહાદૂર અને વિર છે. પરંતુ ક્યારેય તમે એવુ સાંભળ્યુ છે કે કોઇ પુરુષ સ્ત્રીઓના ગુણોમાં પ્રવીણતા મેળવે તો એનુ સમ્માન કરવામાં આવ્યુ હોય?' – ઓશો.

ફેમીનીઝમ અને ઇક્વાલીટીનો ગાડરીયો પ્રવાહ શરૂ થયો છે. દરેક સ્ત્રીને થોડીક સમજ આવે કે એ 'હું -ફેમીનીસ્ટ છું ' એમ કહેવા લાગે. થોડીક વધારે અધુરી સમજ હોય તો

એમ કહે કે હું 'ફેમીનીઝમમાં નહિં, ઇક્વાલીટીમાં માનું છું.' મારે જે વાત કરવી છે એ ઓશોએ વર્ષો પહેલા કરી જ દીધી છે. કે શું ખરેખર એક સ્ત્રી અને પુરુષ સમાન બની શકે. બન્નેમાં કદી ઇક્વાલીટી લાવી શકાય ખરી? જો કદાચ દબાણ કરીને લાવવામાં આવે પણ તો એ સ્ત્રી ક્યાં સુધી સ્ત્રી જ રહે છે? સ્ત્રીનો અર્થ ક્યારેય નિર્બળ છે એવો છે જ નહિં. પરંતુ એ પુરુષ ફેમીનીઝમ અને ઇક્વાલીટીના નામે પુરુષ બનવા કેમ દોડે છે? સ્ત્રીને પોતાનું એક શરીર છે, એની પોતાની રચના છે અને પુરુષને પોતાનું શરીર છે અને એની પોતાની રચના છે. એ રીતે જ બન્નેનું મન વિકસીત થયેલુ છે. DNA પણ એ રીતે જ ઉત્ક્રાંતિના નિયમો મુજબ ઘડાયેલા છે તો આ ઇક્વાલીટી પાછળ દોટ શેની? સ્ત્રીએ પોતાનામાં કંઇ બદલવાનું છે જ નહિ, એ પોતાનામાં જ અનન્ય છે. એને પુરુષ જેવા કામો કરીને કે પુરુષોના કામો કરીને પોતાનું અભિમાન સંતોષવાનું કે પોતાને બહાદૂર દેખાડવાની જરૂર છે જ નહિં. એ પૌરૂષત્વ પામવા શામાટે દોડે છે? હા બદલાવની જરૂર છે આપણી સભ્યતામાં ઉભી કરેલી માન્યતાઓની. આ ચિંતન લેખ આખો સ્ત્રી અને એના શિક્ષણને સમર્પિત છે. ઓશોના અમુક વિચારો સાથે અમુક વખતે હું પણ સહમત નથી. પરંતુ ખાસ કરીને જ્યારે એ સ્ત્રી પર બોલે છે ત્યારે એના પર વિચારો કરવા જ રહ્યા. કારણ કે એના વિચારો પાછળ માત્ર કોઇ ભૌતિક કારણો નથી હોતા. માત્ર સ્ત્રીને એના

શરીર રૂપે નથી જોવાતી. તો ચાલો ઓશોના વિચારોની સફર કરીએ.

ઓશો કહે છે, 'સ્ત્રીઓ પુરુષથી બિલકુલ ભિન્ન છે, ન એમનો નિચા હોવાનો પ્રશ્ન છે, ન તો એમનો સમાન હોવાનો. અને જ્યાં સુધી સ્ત્રીઓ પોતાની આ ભિન્નતાનો કે અલગ વ્યક્તિત્વનો વિચાર નહિં કરે ત્યાં સુધી કાં તો એ પુરુષની દાસી રહેશે અથવા તો અનુયાયી હશે અને બન્ને સ્થિતી ખૂબ ગંભિર છે.'

પશ્ચિમની સ્ત્રીઓએ વિદ્રોહ કર્યો છે, અને પરિણામ એ આવ્યુ છે કે સ્ત્રીઓ પુરુષો જેવા બનવાની હરીફાઈમાં પડી ગઇ છે. જેમ પુરુષો કરે છે, જેવા પુરુષો છે એવુ જ બની જવુ છે. જે શિક્ષા પુરુષોને મળે છે એ જ શિક્ષા સ્ત્રીઓને પણ મળવી જોઇએ. પુરુષોની નકલ કરવાની હોડમાં સ્ત્રીઓ હંમેશા બીજી કોટિની બનશે ક્યારે પ્રથમ કોટિની નહિં બની શકે. કારણ જે ગુણોની એ પ્રતિસ્પર્ધા કરવા જઇ રહી છે એ પુરુષોના સહજ ગુણો છે અને સ્ત્રીઓનો અસહજ ધર્મ છે. આવી સ્થિતીમાં સ્ત્રી જે થઇ શકતી હતી એનાથી વંચિત થઇ જશે.'

'જે શિક્ષા પુરુષોને મળે છે, એ જ શિક્ષા સ્ત્રીઓને આપવામાં આવે એ એકદમ ખોટુ છે. પુરુષ ગણિત શીખે, વિજ્ઞાન શીખે. પરંતુ જરૂરી નથી કે સ્ત્રી એ જ શીખે જે પુરુષ શીખે. એને અસ્તિત્વએ સર્જનની અલગ જવાબદારીઓ આપેલી છે. આ જ હરીફાઈમાં સ્ત્રીએ સૌથી મોટી ગુમાવેલી વસ્તુ

છે, સ્ત્રીનું માતૃત્વ. સ્ત્રીમાંનું સ્ત્રૈણપણુ નષ્ટ થઇ રહ્યુ છે, એ લગભગ પુરુષ જેવી થઇ રહી છે અને ખુશ પણ દેખાઇ રહી છે? પુરુષ અને સ્ત્રીના ચિતમાં મૂળનું અલગતા પણુ છે, જે સ્ત્રી અને પુરુષના આકર્ષણનું કારણ છે. જેટલી બન્નેમાં ભિન્નતા હશે એટલો જ બન્ને વચ્ચેનો પ્રેમ વધારે ગાઢ બનશે. પુરૂષની જેમ શિક્ષીત થવાથી સ્ત્રી નકલી પુરુષ બની જાય છે. અસલી સ્ત્રી નથી બની શકતી.'

'અને આપણી શાળાઓ, આ શાળા અને કોલેજોમાં જે શિક્ષણ પુરુષને આપવામાં આવે છે એ જ સ્ત્રીને આપવામાં આવે છે. જે એક્સરસાઇઝ પુરુષ કરે છે, એ જ સ્ત્રીને કરાવવામાં આવે છે, પુરુષ અને સ્ત્રીની કવાયત એક જ છે, આજે જ્યારે આપણે શરીરની ફીઝીયોલોજી વિશે આટલુ બધુ જાણતા હોવા છતા આ બધુ કરી રહ્યા છીએ. સ્ત્રીના શરીરના નિયમો અલગ છે, જે રમતો પુરુષો માટે બની છે એ સ્ત્રી માટે યોગ્ય નથી. આપણે સ્ત્રીમાંના કોઇ મૂળ તત્વનું ખુન કરી રહ્યા છીએ. પહેલાના લોકો પાગલ નહોતા. પુરુષો માટે એ લોકોએ વ્યાયામની વ્યવસ્થા કરી અને સ્ત્રીઓ માટે નૃત્ય. બન્નેનો મૂળભૂત હેતુ શારિરીક હતો. પરંતુ રીતો અલગ હતી. કવાયત હિંસા રોપે છે, જો સ્ત્રીઓને કવાયત કરાવવામાં આવશે તો પ્રેમ નષ્ટ થશે, ઘરો નષ્ટ થશે. સ્ત્રી સ્ત્રી રહેશે જ નહિં કારણ કે પૌરૂષીક રમતના લીધે સ્ત્રીના હોર્મોન્સમાં બદલાવ આવે છે. જે દેશોમાં જવાન સ્ત્રીઓને મિલિટરીમાં ટ્રેઇનીંગ આપવામાં

આવી રહી છે એમના હોઠો ઉપર રૂંવાટી ઊગવાની શરૂ થઇ છે, એવુ રીસર્ચ કહે છે. એમને મૂંછો આવવા લાગે છે. એમની હોર્મોનલ સીસ્ટમમાં બદલાવ આવ્યો છે. અને હવે તો સ્ત્રીઓના કપડા પણ પુરુષો જેવા થઇ રહ્યા છે. આપણને ખ્યાલ નથી કે જીવનની નાની નાની વાતો કેટલો મોટો તફાવત ઊભો કરે છે. જો કપડા સ્ત્રીના વ્યક્તિત્વને પ્રભાવિત કરતા હોય તો શિક્ષણ તો કરશે જ. શિક્ષણ સીધુ જ મન પર કામ કરે છે. આપણે જેવુ વિચારીએ છીએ એવા જ થઇ જઇએ છીએ.'

'હું એકવાર નાના એવા ગામડાના સ્ટેશન પર રોકાયો હતો. મારી ગાડીને આવવામાં હજુ સમય હતો. ત્યારે જ એક વૃધ્ધ સ્ત્રીને લઇને કેટલાક લોકો આવી રહ્યા હતા. એના માથા પર પાટો બાંધેલ હતો. કદાચ એને કોઇકે માર્યુ હતુ. બે ત્રણ બીજી સ્ત્રીઓ પણ એની સાથે હતી. એ લોકો વૃદ્ધ સ્ત્રીને ક્યાંક બીજા મોટા નગરના દવાખાનામાં જઇ રહ્યા હતા એવુ લાગ્યુ. મેં પૂછ્યુ કે આ સ્ત્રીને કોણે માર્યુ? તો એમાંની એક સ્ત્રીએ કહ્યુ કે આને એકનો એક જ દીકરો છે અને એણે જ આને માથા પર મારીને લોહીલુહાણ કરી દીધી છે. આ તો બેહોશ થઇ ગઇ હતી. બીજી સ્ત્રીએ કહ્યુ કે આવા દિકરાઓ તો પેદા જ ન થાય તે સારૂ. પરંતુ ત્યારે જ પેલી વૃદ્ધ સ્ત્રીએ બોલી રહેલી સ્ત્રીના મોં પર હાથ રાખી દીધો અને કહ્યુ, "જો દિકરો ન હોત તો મને આજે મારત પણ કોણ?" દિકરાનું હોવુ જ મોટુ છે,

એણે માર્યું એ તો ખુબ નાની વાત છે. અને પેલી વૃદ્ધ સ્ત્રી કહેવા લાગી. “છોકરાવ જ છે હજુ સમજ કેટલી હોય? મારી દીધુ છે, કાલ સમજણ આવી જશે.” આ એક માંનું હૃદય છે. જે ગણિતમાં નથી વિચારતુ, જે કોઇ વકિલ જેવુ નથી વિચારતુ. એ પ્રેમ અને આશાની ભાષા બોલે છે. અને આપણુ શિક્ષણ ગણિતની ભાષા શીખવાડે છે. એટલે જ સ્ત્રીઓની શિક્ષા અલગ હોવી જોઇએ. જેથી એની દ્રષ્ટિ ભિન્ન હોય.’

‘પુરૂષોએ જે દુનિયા બનાવી છે એ ખોટી સાબિત થઇ છે, એ સિદ્ધ થઇ ગયુ છે. પાછળના ૩૦૦૦ વર્ષોમાં ૧૫૦૦૦ તો યુદ્ધો થયા છે. માનસિક યુદ્ધો તો દરેક ક્ષણ ચાલી રહ્યા છે. શું એવો પ્રયત્ન ના થવો જોઇએ કે સ્ત્રીઓ પણ આ દુનિયાને, સભ્યતાને બનાવવામાં પોતાનો ફાળો આપે? કે પછી એ પણ પુરૂષોની નકલો કરીને સૈનિકોના વસ્ત્રો પહેરીને શહેરો પર બોમ્બ વર્ષા કરશે? દુનિયાને નષ્ટ કરવામાં એકલા પુરૂષો કાફી છે અને જો સ્ત્રીઓ પણ પુરૂષો બનવા જશે તો મનુષ્ય જાતીનો અંત આવી જ જશે. પરંતુ સ્ત્રી ચાહે તો આ ગ્રહ પરની બધી હિંસા બંધ કરી શકે. પરંતુ એના માટે એક અલગ પ્રકારની સ્ત્રીનો જન્મ જરૂરી છે. પુરૂષની નકલ નહિં.’

‘એક વાર ત્રણ મોટા દેશ અમેરિકા, રશિયા અને બ્રીટનના વડાને ભગવાને પોતાના પાસે બોલાવ્યા. ભગવાન ખૂબ પીડાયેલા હતા કે મેં જે આદમી બનાવ્યો એણે દુનિયાની

શીં હાલત કરી નાખી. યુદ્ધો કર્યા, ઘટતુ હતુ તો એટમ બોમ્બ બનાવ્યા. એટલે એમણે વિચાર્યું કે આ લોકોને જે જોઇતુ હોય એ આપી દઇએ અને એ લોકોને શાંત કરી દઇએ. ત્રણેય દેશના વડા ભગવાન સામે જઇને ઊભા રહ્યા. ઇશ્વરે કહ્યુ કે, જ્યારથી મેં આદમીને બનાવ્યો છે ત્યારથી મને ઉંઘ નથી આવી. હું પછી કંઇ બનાવી જ નથી શક્યો અને આદમીએ શું શું નથી બનાવ્યુ. હું તમને પૂછુ છું કે તમારે જોઇએ છે શું? આટલી બધી હત્યાઓ શા માટે? આટલો પરિશ્રમ શાંમાટે? અરબો ડોલર રોજ યુદ્ધ માટે ખર્ચવામાં આવે છે અને બીજી તરફ માણસ ભુખે મરી રહ્યો છે. હું તમને બધાયને એક એક વરદાન આપુ, પરંતુ આ બધુ બંધ કરી દો. અમેરિકાના રાષ્ટ્ર પતિએ કહ્યુ કે હે પ્રભૂ અમારી એક જ આકાંક્ષા છે, પછી અમારા પ્રત્યે કોઇ જ ફરિયાદ નહિં આવે. બસ આ વરદાન આપી દો કે પૃથ્વિ તો રહે પરંતુ પૃથ્વિ પર રૂસનું એક પણ નિશાન ન રહે. ઇશ્વરે બહુ વરદાન આપ્યા, પરંતુ ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે કોઇ આવુ વરદાન માંગશે. ઇશ્વરે ડરથી રશિયાના પ્રતિનિધિ તરફ જોયું, જો અમેરિકા આવુ કહેતુ હોય તો રશિયા શું કહેશે? રશિયાના પ્રતિનિધિએ કહ્યુ, મહાનૂભાવ. અમને તો વિશ્વાસ જ નથી કે ઇશ્વર ક્યાંય હોય છે. મને તો ડર લાગે છે કે આજે વધારે જ શરાબ પી ગયો છું અને તમે દેખાવ છો અથવા તો આ સપનુ હોઇ શકે. અમે તો નક્કી કરી લીધુ છે કે ઇશ્વર છે જ

નહિં, તમે હોઇ કઇ રીતે શકો? પરંતુ છતાં થઇ શકે કે અમે તમારી પૂજા ફરી શરૂ કરી દઇએ, અનેક ચર્ચામાં ફરી તમારી મૂર્તિઓ રાખી દઇએ. પરંતુ એક ઇચ્છા અમારી પૂરી થઇ જાય. પૃથ્વિ પર ભૂગોળ તો હોય, પરંતુ એના પર અમે અમેરિકાની કોઇ રેખા જોવા નથી માંગતા. બસ આટલુ થઇ જાય અમારો વિરોધ તમારાથી પણ નથી. અમે તમારી પણ પૂજા કરીશું. ભગવાને ધબરાઇને બ્રિટન તરફ જોયુ, અને બ્રિટને જે કહ્યુ એ તો એનાથી પણ ઉંચુ હતુ. બ્રિટનના પ્રતિનિધિએ ભગવાનના ચરણોમાં માથુ ટેકવીને કહ્યુ કે 'હે મહાપ્રભૂ, અમારી કોઇ જ ઇચ્છા કે આકાંક્ષા નથી. બસ આ બન્નેની આકાંક્ષા એક સાથે પૂરી થઇ જાય. અમારે બીજુ કંઇ જ નથી જોઇતુ. આ બન્નેએ જે માંગ્યુ છે એ પૂરૂ કરી દો.'

'પૂરૂષે જે દૂનિયા બનાવી છે એ અહિં લઇ આવી છે. હિંસા સ્ત્રીઓનો સ્વભાવ નથી, એનો સ્વભાવ પ્રેમ છે. સર્જન છે. જ્યાં પણ પ્રેમ છે, દયા છે, કરૂણા છે ત્યાં સ્ત્રી છે જ. જે પણ મહાનપૂરૂષો હતા એ લોકોમાં સ્ત્રૈણ સ્વભાવ હતો જ. ગાંધી ઉપર તો કોઇ સ્ત્રીએ જ પૂસ્તક લખ્યુ છે "ગાંધી મેરી માં" આ દુનિયા બદલાઇ શકે જો સ્ત્રી નક્કી કરી લે કે એને પૂરૂષો જેવા નથી બનવુ, એ સમજી લે કે એ પૂરૂષોથી ભિન્ન છે. અને ત્રીજીવાત સ્ત્રીનું શિક્ષણ, એનો વિચાર, એનું ચિંતન બધુ જ પૂરૂષોથી ભિન્ન હોવુ જોઇએ. પૂરૂષો જેવુ નહિં.'

‘એવુ ક્યાંક ન થઇ જાય કે આ દુનિયામાં બે પ્રકારના પુરૂષો હોય અને સ્ત્રીઓ રહે જ નહિ.’

ઓશોની ઉપરની બધી વાતોમાં હું પણ સહમત નથી. એનું તો એમ પણ કહેવુ છે કે સ્ત્રીએ પુરૂષો જેવા કપડા ન પહેરવા જોઇએ. જેના કારણો અને તર્કો ગળે ઉતરે એમ નથી. પણ એણે જે સ્વભાવની વાત કરી એ ખૂબ યોગ્ય લાગે છે. સ્ત્રીનો સ્વભાવ પ્રેમ છે. એટલે જ એ નવ મહિના સુધી બાળકને પોતાના ગર્ભમાં રાખી શકે છે. પુરુષમાં આટલી ધીરજ નથી. એટલે જ ઇશ્વરે ગર્ભ ધારણ શક્તિ પુરૂષને નથી આપી. પુરૂષ અભિમાન પ્રાધાન્ય છે, સ્ત્રી ઋજુતા પ્રાધાન્ય અને કરૂણા પ્રાધાન્ય છે.

ઓશો સ્ત્રી શિક્ષણની ખુબ સચોટ વાત કરે છે બે વ્યક્તિ અને એના ગુણો અલગ છે તો એમને એક પ્રકારનું શિક્ષણ આપવુ યોગ્ય નથી. એને પોતાને સાબિત કરવા કોઇ જ વિરતાના મેડલો મેળવવાની જરૂર નથી. એના માટે અલગ શિક્ષણ હોવુ જોઇએ જે સ્ત્રી ગુણોને પોષે. હાલ જે દેખાઇ રહ્યુ છે તે એ જ છે. હું ફેમીનીઝમનો વિરોધી નથી. સ્ત્રીને એના હકો મળવા જ જોઇએ. પરંતુ એ ખરેખર સ્ત્રીના હકો છે, એ પુરૂષ બનવા તરફ નથી જઇ રહી? સ્ત્રીની કોમળતા અને મૃદુતા જ એનુ સૌંદર્ય છે? શામાટે એને અનુકરણ કરીને પુરૂષ બનવુ છે? અહિં એવી કોઇ જ વાત નથી કે સ્ત્રીને એની મહત્વકાંક્ષાઓ પૂરી ન કરવી જોઇએ. એની પાસે ખૂબ ઉર્જા છે જ. પુરૂષ કરતા પણ વધારે ઊર્જા.

પરંતુ જે શિક્ષણ અપાઇ રહ્યુ છે એનાથી એ ઊર્જાનો ઉપયોગ થાય છે ખરો?

ઠોર હંમેશા મૃદુતા તરફ જ આકર્ષાય છે. સ્ત્રીમાં સુંદરતા છે, એ સ્ત્રી છે એટલે જ પુરુષ એ તરફ આકર્ષાય છે. કઠોર સ્ત્રી તરફ પૂરૂષો આકર્ષાતા નથી એ વૈજ્ઞાનિક સત્ય છે. પ્લેટો કહે છે કે સુંદરતા નો વાસ જ્યાં મૃદુતા હોય ત્યાંજ છે. તો શું આપણા શિક્ષણે એ ઋજુતા ગુમાવવા પ્રોત્સાહન આપવુ જોઇએ? શું સ્ત્રી પોતાનામાં જ પૂર્ણ નથી? એને ઇક્વલ બનવાની જરૂર છે? એ અલગ છે એ પૂરતુ નથી? હા એને પ્રેમની જરૂર છે, એને મુક્તિની જરૂર છે, એ વાત યોગ્ય છે. પરંતુ જો સ્ત્રી એમ કહેતી હોય કે જો પૂરૂષો આ કરે તો અમે કેમ નહિં. કારણ કુદરતે સ્ત્રી પુરુષ બન્નેને ભિન્ન બનાવ્યા છે એટલે. હા સ્ત્રીને મુક્તતા મળવી જોઇએ, એ કોઇ પુરુષને દોષ આપીને નહિં. એ અસ્તિત્વની દેન છે એટલે. એના માટે જાગૃત થવાની જરૂર છે. સક્ષમ થવાની જરૂર છે. પરંતુ પુરૂષ બનવાની જરૂર નથી.

'સ્ત્રીનું સૌદર્ય સ્ત્રી બની રહેવામાં જ છે.

સ્ત્રી અને  સમાજ

પ્રાચીન સમયમાં, આપણા સમાજમાં, સ્ત્રીનું મહત્વ પુરુષ કરતા વધારે હતું. અમુક તબક્કે સ્ત્રીનું સ્થાન પુરુષ કરતાં એટલું વધી ગયું હતું કે પિતાના નામની જગ્યાએ માતાનું નામ મુખ્ય અને પરિચયનું સૂત્ર બની ગયું હતું. ધાર્મિક

નિરીક્ષક મનુએ સ્ત્રીઓને આદરણીય અને આદરણીય ગણીને મહત્વ દર્શાવ્યું –

"યત્રનારાયસ્તુ પૂજ્યતે, રભન્તે તત્ર દેવતા."

અર્થાત્ જ્યાં સ્ત્રીની ઉપાસના પ્રતિષ્ઠા હોય છે ત્યાં દેવતા રમણ વસે છે.

સ્ત્રીની હસ્તક્ષેપને કારણે રે ધીમે ધીમે સ્ત્રીની સ્થિતિમાં કેટલાક અસામાન્ય ફેરફારો થયા. તેણી હવે પુરૂષ સાથે વધુ મહત્વ નથી લેતી, પરંતુ તે તેના સમકક્ષની કેટેગરીમાં આવી છે. જો પુરુષે કુટુંબની સારસંભાળની કાળજી લીધી, તો મહિલાએ ઘરની અંદરના તમામ કામોનો ભાર સહન કરવાનું શરૂ કર્યું. આ રીતે, સ્ત્રી અને પુરુષના કામમાં મોટો તફાવત હતો. આ હોવા છતાં, પ્રાચીન સમયની સ્ત્રીએ પોતાનું હલકી ગુણવત્તાનું સંકુલ છોડી દીધું અને સ્વતંત્ર અને આત્મવિશ્વાસયુક્ત બન્યું અને એક સુંદર અને આકર્ષક વ્યક્તિત્વ બનાવ્યું. પંડિત મિશ્રાની પત્ની દ્વારા શંકરાચાર્યજીની પરાજય સાથે ગાર્ગી, મૈત્રેયી, વિદ્યોત્તમ વગેરે જેવા વિદ્યાર્થીઓનાં નામ આ કેટેગરીમાં નોંધપાત્ર છે.

શિક્ષણના પ્રસારના પરિણામે, હવે મહિલાઓની દુર્દશા નથી, જે કેટલીક અંધશ્રદ્ધા, ચુસ્ત વિચારધારા અથવા અજ્ઞાનતાને કારણે થઈ છે. મહિલાઓને પુરુષોની સમાંતર લાવવા માટે, સામાજિક ચિંતકોએ આ દિશામાં વિચારવું અને કાર્ય કરવાનું શરૂ કર્યું છે.

હવે મહિલાઓ પ્રત્યે આદર અને વિશ્વાસની સંપૂર્ણ ભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. કવિવર જયશંકર પ્રસાદે તેમની મહાકાવ્ય કમયણીમાં લખ્યું છે-

સમાજમાં આજે મહિલાઓ આદરણીય અને સન્માનજનક બની રહી છે. તે હવે ઘરની લક્ષ્મી નથી, પરંતુ સમાજની જવાબદારી નિભાવવા માટે ઘરની બહાર નીકળી ગઈ છે. તે ઘરની ચાર દિવાલોથી પગથિયાં વધારીને સમાજની વિકલાંગ સ્થિતિને સુધારવાનું કામ કરી રહી છે. આ માટે, તે પુરુષને પડકાર આપી રહી છે, સમાંતર પદ, અધિકાર પ્રાપ્ત કરે છે. પુરુષને આ અનુભવ આપવા સાથે તેણી પોતાની ચેતના ભરી રહી છે. સ્ત્રીઓમાં શક્તિ અને ક્ષમતાનો અભાવ નથી.તે તક માટે માત્ર મોડું થાય છે. આ રીતે, આપણા સમાજમાં મહિલાઓનું સ્થાન આજે વધુ પ્રતીકાત્મક અને ગૌરવપૂર્ણ છે.

# પ્રાચીન ભારતમાં નારી

ડો.સોનલ
આસિસ્ટંટ પ્રોફેસર –ઇતિહાસ
ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

પ્રાચીન યુગથી અત્યાર સુધી નારીનું સ્થાન બદલાતુ રહ્યું છે, સમાજમાં નારીની ભૂમિકા ક્યારેક શિક્ષિકા, વિદ્યાર્થીની, પશુપાલક, વિદુષી, કૃષક-સહાયક, સામગ્રીની (શાસક), શિલ્પકાર, દાસી વગેરે રૂપમાં તે જોવા મળે છે. માનવ સત્તાના વિકાસક્રમની વિપરીત વિશ્વની લગભગ સમગ્ર સભ્યતાઓની અપેક્ષાએ હિંદુ સભ્યતામાં જેટલા જ પ્રાચીન યુગમાં જઈએ છીએ, નારીનું સ્થાન એટલું જ મહત્વપૂર્ણ દષ્ટિગત થાય છે.

સભ્યતાના પ્રારંભિક ચરણમાં જ નારીની સ્થિતિ ચરમોત્કર્ષ પર હતી. વૈદિકકાલીન સમાજમાં નારીઓની સ્થિતિની માહિતી વૈદિક સંહિતાઓ, બ્રહ્મગ્રંથો ઉપરાંત ઉપનિષદોમાંથી મળે છે. પુત્રોની જેમ જ પુત્રીઓ પણ ઉપનયન શિક્ષા-દીક્ષા વગેરેની અધિકારી હતી. 'ઋગ્વેદ' માં માતા-પિતાના વૃક્ષ:સ્થલ પર સૂતેલી અબોધ કન્યા એમના પુત્રી પ્રેમને પ્રદર્શિત કરે છે. આ ઉપરાંત અર્થવવેદમાં તત્કાલીન સમયની નારી વિષે જણાવતા કહેવામાં આવ્યું છે કે કોઈ કન્યા યોગ્ય રીતે શિક્ષણ પ્રાપ્ત

કરી લે તો એને વિવાહ માટે અનુકૂળ માનવામાં આવતી. શિરિન મહેતા પોતાના ગ્રંથ “ગુજરાતમાં નારી ચેતના” મા સ્ત્રીનાં દરજ્જા વિષે વાત કરતા જણાવે છે કે “તેમનો સામાજિક દરજ્જો ઉંચો હતો. લગભગ 500 વર્ષ સુધી સ્ત્રીઓનું ઉંચું સ્થાન ટકી રહ્યું. તેમનો દરજ્જો પુરુષ સમકક્ષ હતો. આ માન-મોભાનું મુખ્ય કારણ છોકરીઓ છોકરાઓની માફક ઉપનયન સંસ્કારની અધિકારી હતી. ધન ઉપાર્જન ક્રિયામાં સ્ત્રીઓની બરાબરની ભાગીદારી હતી. સાથે-સાથે સ્ત્રીઓને લશ્કરી તાલીમ અપાતી. ઋગ્વેદમાં બે સ્ત્રી લડવૈયાનાં ઉલ્લેખો છે. વાધ્રીમતિ અને વિશપાલ યોધ્ધા હતી. સ્ત્રી યોધ્ધા માટે પંતજલીએ 'શક્તિકી' શબ્દનો ઉપયોગ કર્યો છે. એ સમયે સધોવધુ અને બ્રહ્મવાદિની એમ બે પ્રકારની વિદ્યાર્થીઓના જોવા મળતી. જેમાં બ્રહ્મવાદિણીઓ તેમનું ભણતર પૂરું થઇ જાય પછી પરણતી, જયારે કુશધ્વજ વેદવતી જેવી ઘણી સ્ત્રીઓ તદ્દન પરણતી જ નહિ. આ નારીઓ વેદાધ્યયન, કાવ્ય-રચના ત્યાગ-તપસ્યા, નીતિશાસ્ત્ર, ધર્મ અને દર્શનશાસ્ત્ર દ્વારા ઋષિકાનું પદ પ્રાપ્ત કર્યું હતું. ઋગ્વેદનાં 24 અને અર્થવવેદમાં 5 વૈદિક વિદુષીઓના ઉલ્લેખ છે. ઋગ્વેદમાં એમના 422 મંત્ર છે. જેમાં સૂર્યાસાવિત્રી (47 મંત્ર), ઘોષા કાક્ષીવતી (28 મંત્ર), સિકતા નિવાવરી (20 મંત્ર), ઈન્દ્રાણી (11 મંત્ર), અદિતિ (10 મંત્ર), વાક અમ્મૃણી (8

મંત્ર), અપાલા આત્રેથી (7 મંત્ર), જુહુ બ્રહ્મયો (7 મંત્ર), અગસ્ત્ય સ્વસા (6 મંત્ર), વિશ્વવારા આત્રેથી (6 મંત્ર), ઉર્વશી (6 મંત્ર), સારમાં દેવશૂની (6 મંત્ર), ઇન્દ્રમાતર: (5 મંત્ર), શ્રધ્ધા કમાયની (5 મંત્ર), નંદી (4 મંત્ર), સ્પર્શજ્ઞ (3 મન્ત્ર૦, ગોધા (22 મંત્ર), શશ્વતી આંગિરસી (23 મંત્ર), વાસુકપત્ની (24 મંત્ર), રોમ્ષા બ્રહ્મવાદિની (5 મંત્ર), અર્થવવેદમાં સૂર્યા સાવિત્રી (139 મંત્ર), માતૃનામા (40 મંત્ર), ઈન્દ્રાણી (11 મંત્ર), દેવજામય: (5 મંત્ર) તથા સર્પરાજ્ઞી (3 મંત્ર).

'કાશકૃત્સન' નામની બ્રહ્મજ્ઞાની મહિલાએ કાશકૃત્સન નામે મીમાંસા દર્શનના ગ્રંથની રચના કરી હતી. આ ઉપરાંત બૌધ્ધ અને જૈન ધર્મ એ પણ તત્કાલીન સમયની સ્ત્રીના દરજ્જામાં વૃધ્ધિ કરી. થેરીગાથાની લેખિકાઓ જેમને નિર્વાણ મળ્યું છે, એમ મનાતું કે તેમાંથી 32 અપરિણીત અને 18 પરણીત સ્ત્રીઓ હતી. અંગુતરનિકાયમાં અષ્ટશીલ ઉપસીકાઓની સુચિમાં અનેક નામ મળે છે. જેવા કે બોન્ઝા, પદ્દમા, સુતના, મુનમ, ઉત્તરા, સોણા, સોણમાતા, વિશાખા, નિગારમાતા, ખજૂત્તરા, મુતા, ખેમા, રુચિ, બિમ્બા, તિસ્સા, તિસ્સામાતા, સુપ્યવાસા, કોલિયધિતા, સુપ્પિયા, નકુલમાતા વગેરે ભિક્ષુણીઓ દર્શનમાં પારંગત થતી હતી. અમરાવતીથી પ્રાપ્ત અભિલેખોમાં બૌધ્ધ ભિક્ષુણીઓ માટે ઉવઁજઝાયા

(ઉપાધ્યાયા) અને ઉવજઝયીણી (ઉપાધ્યાયિની) શબ્દોનો પ્રયોગ એમાંથી કેટલાકનાં અધ્યાપિકાએ હોવાનો પુરાવો છે. જૈન પરંપરા અનુસાર જયંતી જે રાજા સહસ્ત્રનિક અને કોસામ્બીની પુત્રી હતી તથા અવિવાહિત હતી અને તેને ભગવાન મહાવીરથી શિક્ષા પ્રાપ્ત કરી હતી.શાસ્ત્રોના શિક્ષણની સાથે સાથે તત્કાલીન સ્ત્રીઓ લલિતકલા, વ્યવહારું શિક્ષણ, નૃત્ય, નૃત્ય-સંગીત વગેરે શિક્ષણ પ્રાપ્ત કરતી.

પરંતુ વખત જતાં સ્ત્રીઓની ધાર્મિક કક્ષામાં અધપતન થયું. લગભગ ઈ.સ. પૂર્વે 200 પછી સ્ત્રી શિક્ષણને મોટો ધક્કો પહોંચ્યો. મનુસ્મૃતિમાં કહેવામાં આવ્યું છે કે છોકરીઓનું ઉપનયન વૈદિક મંત્ર બોલ્યા સિવાય જ કરવું. પણ તરત જ પછીના શ્લોકમાં કહ્યું છે કે કન્યાનો વિવાહ સંસ્કાર છોકરાના ઉપનયન સંસ્કાર જેવો જ છે એટલે સ્પષ્ટ જ છે કે ખ્રિસ્તી સવંતનાં આરંભ કાળે કન્યાનું ઉપનયન ઉપચાર તરીકે પણ બંધ પડવામાં હતું. હવે છોકરીઓ માટે ઉપનયન સંસ્કાર બંધ થતાં દ્વિજનું ગૌરવવંતુ સ્થાન ઝૂંટવાઈ ગયું. સ્ત્રી શુદ્રની સમકક્ષ ગણવા લાગી. ભગવતગીતામા ઉલ્લેખ છે કે “જેઓ પાપી છે, તેઓ તેમજ સ્ત્રીઓ, વૈશ્યો, ઈશ્વર પ્રત્યેની ભક્તિથી મુક્તિ મેળવી શકે છે.” ધન ઉપાર્જનનાં કાર્યમાં તેની ભૂમિકા

ઓછી ને ઓછી થતી ગઈ. તેને પરિણામે તેને સામાજિક સ્થિતિ-માન મોભો ઉતરતાં ગયા.

તત્કાલીન સ્ત્રીઓના વૈદિક શિક્ષણના પ્રતિબંધના કારણો વિશે અનેક અનુમાન મુકવામાં આવ્યું છે કે વૈદિક અભ્યાસ લાંબો થયો જે 24 વર્ષ પહેલા પુરો ન થઇ શકતો. જયારે સાધારણ રીતે સ્ત્રીના લગ્ન 16 થી 17ની વયે થતા. બીજું અનુમાન એ કે કુટુંબોમાં ઘરકામની જરૂરતને લીધે ઉપનયન પછી વૈદિક અભ્યાસ માટે બહુ જ ઓછો સમય મળતો હતો. જેને કારણે પ્રસંગોમાં વૈદિક મંત્રોનું ઉચ્ચારણ તે સ્પષ્ટપણે કરી શકતી નહિ. વૈદિક મંત્રના પાઠમાં જરા જેટલી ભૂલનું પરિણામ સમગ્ર કુટુંબને આધ્યાત્મિક અનિષ્ટ તરફ દોરતું. બીજું અનુમાન કે આ કાળ સુધીમાં બોલાતી ભાષા વૈદિક ભાષાથી તદ્દન જુદી પડી ગઈ હતી. સ્ત્રીઓ સાધારણ સંસ્કૃત પણ બોલી શકતી નહિ માત્ર પ્રાકૃત કે પ્રાદેશિક ભાષા જ બોલતી. જયારે વૈદિક મંત્રનું શિષ્ટ સંસ્કૃતમાં ઉચ્ચારણ કરવું પડતું. પરંતુ “પ્રાચીન કાળમાં સ્ત્રી” માં ટીના દોશી આવા અનુમાનોથી પર જઈને કહે છે કે મનુએ સ્ત્રીના વેદાભ્યાસ પર પ્રતિબંધ મૂકીને તેમનો દરજ્જો ઉતરતો હોવાનું સ્પષ્ટ કર્યું છે. વેદાભ્યાસ પર પ્રતિબંધ એ જ સ્ત્રી માટે સૌથી મોટું બંધન, સ્ત્રી સાથે સૌથી મોટો અન્યાય હતો. સ્ત્રી અશિક્ષિત, શોષિત

તથા દબાયેલી રહે તે માટેનું ષડયંત્ર હતું અને એ જ મનુસ્મૃતિનું કડવું સત્ય છે!"

આ બધા પરથી કહી શકાય કે સમાજમાં સમગ્રતયા સ્ત્રી શિક્ષણને ધક્કો પહોંચ્યો અને સાથે સાથે તેના દરજ્જાને પણ. શિરિન મહેતા પોતાના ગ્રંથ "ગુજરાતમાં નારી ચેતના" માં ઉલ્લેખે છે કે એક બાજુ સ્ત્રીના મોભાને દેવીસ્વરૂપ કહ્યું. ગૌરવવંતુ અને કીર્તિનાં શિખરે સ્ત્રીને માન આપ્યું. એમ કહેવાયું "યત્ર નાર્યસ્તુ પૂજયન્તે તત્ર રમન્તે દેવતા:', અહી માતા તરીકે નારીને ખૂબ બિરદાવવામાં આવી. પરિણીત સ્ત્રી માટે 'સતી' એવી સ્ત્રીની વ્યાખ્યા અપાઈ કે જે પ્રેમાળ હોય, પતીની સેવા કરે, મન, વચન, કર્મથી, શરીરથી પતિને વફાદાર હોય. નારી માટેની આચારસંહિતા ઉપર ભાર મુકાયો. આ નૈતિક માળખાની  જરા જેટલું પણ બહાર સ્ત્રી વર્તન કરી શકતી નહિ. નહિ તો સ્ત્રી કુલટા, ચારીત્ર્યહિન, દૃષ્ટ ગણાતી. આમ, કાગળ ઉપર સ્ત્રી ઘણી સન્માનનીય લેખાઈ. પણ વાસ્તવમાં જુદું જ ચિત્રણ હતું. મનુસ્મૃતિએ તો એમ પણ કહ્યું. "નારી નરકની ખાણ", "નારી તાડન કી અધિકારી". ઉપનયન સંસ્કાર, વેદાભ્યાસ સ્ત્રીઓ તેમજ  શુદ્રો માટે મનુસ્મૃતિએ મનાઈ ફરમાવી.

મનુસ્મૃતિમાં સ્ત્રી સ્વતંત્ર રહી ના શકે એવી પરિસ્થિતિનો ઉલ્લેખ કરે છે. સ્ત્રી, પુરુષ અને કુટુંબ ઉપર

આધારિત છે. નાનપણમાં પિતા અને ભાઈની છત્રછાયા હેઠળ છોકરી હોય, લગ્ન બાદ તેને પતિનું રક્ષણ હોય અને વૃધ્ધાવસ્થામાં તે પુત્રના આવરણ હેઠળ રહે. આમ, સ્ત્રીના સ્વતંત્ર અસ્તિત્વ ઉપર શંકા ઊભી થાય છે. નારદે પણ આ વાતને અનુમોદન આપેલ છે. ધર્મસુત્રો (ઈ.સ.પૂ.400) અને મનુસ્મૃતિ (ઈ.સ.પૂ ૩૦૦) વિધવા તેના પતિની મિલકત મેળવી શકે તેવા અધિકારને નકારી કાઢે છે. યાજ્ઞવલ્ક્ય અને વિષ્ણુસ્મૃતિ ભારપૂર્વક કહે છે કે જો વિધવાને પુત્ર ન હોય તો તે પતિની બધી મિલકત મેળવી શકે.

ધીમે-ધીમે વિધવા પુનલગ્ન પ્રથા ભૂસાતિ ગઈ અને સતીપ્રથા શરુ થઇ. ઈ.સ. પહેલી સદીમાં વિષ્ણુસ્મૃતિએ સૂચવ્યું કે વિધવા પતિના શબ સાથે બળી શકે છે,તેને સ્વર્ગ અને મોક્ષ મળે છે.

તો પણ શ્રીમંત સંસ્કારી અને રાજાઓના કુટુંબની સ્ત્રીઓને સાહિત્ય શિક્ષણ, ગૃહવિજ્ઞાન, રસોઈ કલા, સંગીત, નૃત્ય, ચિત્રકામ જેવી તાલીમ અપાતી. બારમી શતાબ્દીના અંતમાં ભાસ્કર, પોતાની પુત્રી લીલાવતીને ગણિતનું અધ્યયન કરાવવા માટે લીલાવતી ગ્રંથની રચના કરી. કેટલીક સ્ત્રી વૈધોએ વૈધ ઉપર આધારભૂત ગ્રંથો લખ્યા હતા. આઠમી શતાબ્દીમાં અરબી ભાષામાં

અનુવાદ કરવામાં આવેલ પુસ્તક પ્રાપ્ત થયું છે. જેની લેખિકા રૂસા છે. આ કૃતિમાં ધાતુકર્મ પર પ્રકાશ નાખ્યો છે. સાહિત્યના ક્ષેત્રમાં “ગાથા સપ્તશંતી “માં રેવા, રોહા, માધવી, અનુલક્ષ્મી, પાહઈ, વધ્ધવહી, શશિપ્રભા વગેરે વિદુષી કવિયિત્રીઓનો ઉલ્લેખ મળે છે. વિદર્ભમાં વિજ્યાંકાની કીર્તિ કાલિદાસ પછી બીજે નંબરે હતી. રાજશેખર ની પત્ની અવંતીસુંદરી કવિ અને વિવેચક પણ હતી. શંકર અને મંડન મિશ્રના વિવાદમાં મંડનમિશ્રની શિક્ષિત પત્ની મધ્યસ્થી તરીકે હતી. એ મીમાંસા, વેદાંત અને સાહિત્યમાં નિષ્ણાંત હતી.

રાજકીય પરિવારની સ્ત્રીઓને પ્રાચીન કાળથી જ લશ્કરી અને પ્રશાસનિક શિક્ષણ અપાતું હતું. પોતાના રાજ્ય વહીવટમાં સક્રિય ભાગ લેતી હોય એવી કેટલીય રાજમાતાઓ રાજપુત્રીઓ વિશે માહિતી પ્રાપ્ત થાય છે. આંધ્રવંશની નયનિકા (લગભગ ઈ.સ. પૂર્વે 150) અને વાકાટક વંશની પ્રભાવતિ ગુપ્તા, કાશ્મીરની સુગન્ધા અને દીદ્રા, અક્કાદેવી, લક્ષ્મીદેવી જેવી રાજમાતા કે રાણી તરીકે નગર, જનપદ અને રાજ્યનાં સંચાલનમાં યોગ્ય ભૂમિકા ભજવી હતી. ઘોડેસવારી કરવી, આયુધોનો વપરાશ કરવો વગેરે તાલીમ પ્રાપ્ત કરી સાહસ અને શૌર્યનો પરિચય આપ્યો.

સાથે સાથે ઈ.સ.નાં 4 સૈકા સુધીમાં બૌધ્ધ ધર્મના ભીક્ષ્ક્ષુણીઓના મઠો પણ બંધ થવા પામ્યા હતા. પાંચમાં અને આઠમાં સૈકાના ચીની યાત્રીઓ તેનો જરાપણ ઉલ્લેખ કરતા નથી. આમ, આ કાળમાં કરમાઈ જતા સ્ત્રી શિક્ષણને પણ બૌધ્ધ ધર્મ તરફથી પણ કોઇપણ વેગ મળ્યો ન હતો.

આ લેખના લેખિકા (ડૉ. સોનલ ચૌધરી) ના "પ્રાચીન ભારતમાં સ્ત્રી શિક્ષણ" માના સંશોધન લેખમાં ઉલ્લેખે છે કે "પ્રાચીન કાળમાં પ્રારંભિક તબક્કામાં જઈએ એમ સ્ત્રીની સામાજિક સ્થિતિ અને શૈક્ષણિક સ્થિતિ ઘણી સારી હતી. પરંતુ જેમ સમય વીત્યો અને સામાજિક અને ધાર્મિક રૂઢિચુસ્તતા ઊભી થઇ તેમ ઉત્તરોતર સ્ત્રીના શિક્ષણમાં ઉતાર આવ્યો." જે કારણે સ્ત્રીઓમાં લગ્નની વય ઓછી થતી ગઈ, બાળલગ્ન પ્રથા વ્યાપક બનતી ગઈ, વિધવા માટે ફરજિયાત વૈદ્યવ્ય પાલન, સતી પ્રથા, મુસ્લિમ યુગમાં સર્જાયેલી પડદાની પ્રથા વગેરે સામાજિક ઘટનાઓને લીધે સ્ત્રીનો દરજ્જો ઉતરતો ગયો. અઢારમી સદીના અંતે સ્ત્રીનું સ્થાન ઘરની ચાર દીવાલો પૂરતું માર્યાદિત થઇ ગયું. આમ, મધ્ય અને વર્તમાન કાળની અપેક્ષાએ પ્રાચીન ભારતના પ્રારંભિક તબક્કામાં કે પ્રાચીન યુગમાં સ્ત્રીઓની સ્થિતિ ઉચ્ચત્તમ હતી.

"ગુજરાતમાં નારી ચેતના" માં શિરિન મહેતા જણાવે છે કે સ્ત્રીઓના માન અને મોભાના ધોવાણની

શરૂઆત પાશ્ચાત વેદકાળનાં અંત સમયે થઇ ગઈ હતી. મધ્યયુગમા અને આધુનિક યુગમા નારીની અવદશા જોવા મળે છે તે હિંદુ સમાજનું સ્મૃતિકાળથી ચાલી આવતું સાતત્ય છે.

# સ્ત્રી એક ઓલરાઉન્ડર


## શિવાંગી ત્રિવેદી,

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,


વાત જયારે સ્ત્રીની આવે ત્યારે દરેક વ્યાખ્યાઓ તથા શબ્દો નાના પડે! નાનપણથી 'માં' પાસે સાંભળ્યું હતું, કે ભગવાન જયારે બધે પહોંચી શક્યા નહિ, ત્યારે તેઓએ સ્ત્રી બનાવી, નારી બનાવી. એક સ્ત્રી જન્મથી જ પોતાનામાં પ્રેમ, સમર્પણની ભાવના ધરાવે છે. બસ વાત છે એને સમજવાની એની માત્ર છુપી શક્તિઓને બહાર નથી લાવવાની!, પણ એ શક્તિઓને ખીલવવાની, કેળવવાની અને તેને પ્રદર્શિત કરવાની હિંમત લાવવાની. વૈદિક યુગમાં મહિલા આદર્શની વાત કરવામાં આવે તો પૂર્વ સમયગાળાના સીતા, સાવિત્રી, દ્રૌપદી, કુંતી, ઝાંસીના મહારાણી લક્ષ્મીબાઈ, રાણી પદ્માવતી, જેવી મહિલાઓને હાલના યુગમાં પણ આદર્શ ગણવામાં આવે છે. પરંતુ તે સમયમાં પણ સીતાએ અગ્નિ-પરીક્ષા આપવા છતાં પણ અયોધ્યા છોડવી પડી, દ્રૌપદીએ અપમાન સહન કર્યું, પણ ક્યારેય સમાજએ એ વિચારનો સ્વીકાર કર્યો નહિ, કે એની રજૂવાત થઇ નહિ કે, જો સીતા એ ત્યારે એ અન્યાય સહન ન કરતા પોતાના હક અને સ્વમાનનું રક્ષણ કેમ ના કર્યું?

કેમ અગ્નિ-પરીક્ષા આપતા વખતે એ સવાલ ના કર્યો કે માત્ર અગ્નિ પરીક્ષા એમના માટે જ કેમ?, કેમ દ્રૌપદીના સન્માન માટે કૃષ્ણએ આવવું પડ્યું? કેમ દ્રૌપદી તેના સન્માન સાચવવા માટે સક્ષમ બને તેવો પ્રયત્ન ન કર્યો?. કેમ પુરુષને નાનપણથી જ એ કહેવામાં આવે કે, "मर्द को दर्द नहीं होता" કેમ એ નથી કહેવાતું કે "मर्द कभी दर्द नहीं देता". વૈદિક થી આજ સુધી હાલમાં પણ સમાજ અને તેની વ્યવસ્થાઓ એ બાબતને સ્વીકાર્ય કરી શકી નથી. સ્ત્રી સરંક્ષણ અને સ્ત્રીઓને ન્યાય આપવાની બાબતમાં ક્યારેય એ વાતને ધ્યાનમાં લેવાઈ જ નથી કે શિક્ષણ, સુરક્ષા અને સરંક્ષણની નીતિઓ અને નિયમોને ઘડવા કરતા આ બાબતે કેટલું અમલ થયું છે?. આ બાબતે કેટલા હેતુઓ સિદ્ધ થયા છે? તેના પર વધારે ભાર મુકવામાં આવે. આજના આ એકવીસમી સદીના ઝડપી યુગમાં હાલ પણ મહિલાઓ સમાજમાં પુરુષને સમકક્ષ દરજ્જો પ્રાપ્ત કરવામાં ક્યાંક પાછળ રહી ગઈ છે. વર્ષ 2011 ના ભણતર ના આંકડાઓ **(Literacy rates)** અનુસાર પુરુષોનું ભણતરની ટકાવારીની **82.14%** ની સામે સ્ત્રીઓના ભણતરની ટકાવારી **65.46%** હતી. હાલમાં **The Educational Statistics report released by MHRD in 2018:** ના પ્રમાણે લેવામાં આવેલ છેલ્લા આંકડાઓ અનુસાર ભારત દેશમાં ગ્રામ્ય ક્ષેત્રે **72.3%** પુરુષો સામે **56.8%** મહિલાઓ શિક્ષિત છે. તથા શહેરી

વિસ્તારમાં **83.7%** પુરુષો સામે **74.8%** મહિલાઓ શિક્ષિત છે. જેનો સંયુક્ત દર 79.5% છે. જે દર્શાવે છે કે, સ્ત્રીઓના વિકાસમાં ભારત આજે પણ ક્યાક પાછળ છે. વર્ષ 2016-17 દરમ્યાન ભારત સરકાર દ્વારા સરેરાશ **19,283,075** જેટલા લોકોને સાક્ષર ભારત અભિયાનમાં જોડેલ હતા. જેમાં પુરુષો કરતા વધારે પ્રમાણમાં સ્ત્રીઓનો સમાવેશ કરેલ હતો. સર્વ શિક્ષા અભિયાન જેવી શિક્ષણને પ્રોત્સાહિત કરતી યોજનાઓ, શિક્ષણમાં સમાનતા, અસ્પૃશ્યતા, સ્વતંત્રતા જેવી નીતિઓ હોવા છતાં પણ આજે ક્યાંક ને ક્યાંક ભારત દેશમાં મહિલાઓ શિક્ષણ પ્રાપ્ત કરવાના આંકડાઓમાં વિશ્વના ઘણા દેશો કરતા પાછળ છે. ઉપરાંત સ્રીઓની સાથે થતા અન્યાય તથા દુર્વ્યવહાર માટે **Criminal Law (Amendment) Act 2013, Article 326 (A),(B)** અને **Article 354 (A),(B),(C),(D)** જેવા ઘણા laws ભારતીય ન્યાયતંત્રમાં હોવા છતાંપણ ભારતીય ન્યાયતંત્ર **“Quick Decisions”** લેવામાં હજુ પણ ક્યાંક પાછળ છે. વશ્વિક સ્તરથી લઈને ભારતીય સ્તર સુધી, મહિલાના સામાજિક, સંસ્કૃતિક, આર્થિક, શૈક્ષણિક તથા શારીરિક, વિકાસમાં વિશ્વના ઘણા એવા દેશ શામેલ છે, જે મહિલાઓને ઘણું નોંધપાત્ર પ્રશિક્ષણ આપે છે, જે ધ્યાનમાં લેવું જરૂરી છે. વિશ્વના ઘણા દેશોમાં મહિલાઓને શીખવવામાં આવે છે, કે **Air-port** તથા **Railway Station** પર કોઈ મુશ્કેલી કે ટ્રેપમાં ફસાયેલા છો, એ બાબત કોઈને

કહી શકે એ માટે તેમના કપડામાં કોઈ લોખંડની વસ્તુ રાખવાની જણાવવામાં આવે છે. જેથી **Air-port** તથા **Railway Station** પર મુકેલા પરીક્ષણના મશીનોમાં તે વસ્તુ ડીટેકટ થાય, જેથી ત્યાના સિક્યોરીટી ને તેઓ આ બાબતની જાણ કરી શકે. વિશ્વના ઘણા એવા દેશો છે, જેમાં ચોથા ધોરણ થી **"Sex Education"** આપવામાં આવે છે. પણ અરે રે, આ મેં શું કહ્યું?! ભારત જેવા ઘણા દેશમાં **"Sex Education"** પર વાત કરવું પણ ખોટું ગણવામાં આવે છે. સાંભળવામાં નાની લગતી આવી ઘણી જ વાતો કોઈ મહિલાને મુશ્કેલીથી બચવામાં કઈ રીતે ઉપયોગી થઇ શકે છે, તેને શિક્ષણનો એક ભાગ બનાવવો જરૂરી છે. શિક્ષણ થકી જે સમજણશક્તિની અપેક્ષા લોકો પાસે રાખવામાં આવે છે, તે પ્રમાણે હજુ પણ ઘણું કાર્ય કરવાનું બાકી છે. સ્ત્રીઓનું માત્ર શિક્ષિત હોવું જ જરૂરી નથી. પરંતુ હાલના સમયની જરૂરિયાતોને જોતા સ્રીઓનું પ્રશિક્ષિત હોવું જરૂરી છે. વિશ્વમાં પ્રસિદ્ધ હોય, વીરાંગના હોય, અને સ્ત્રીઓની લાગણી, ભાવનાઓ, વિકાસને લઈને ઘણા લેખો લખાયેલા છે. જેથી મારા આટલા શબ્દો પણ તેમાં ઓછા પડે એમ છે. આ લેખનો ઉદેશ્ય કોઈ દેશની સમીક્ષા કરવાનું કે, ભાવનાઓને ઠેસ પોચાડવાનું નથી. પરંતુ નાની-નાની એવી બાબતોનો સમાવિષ્ટ કરવાનો છે, કે જેનાથી સ્ત્રી કે જે પોતાની જાતને, પોતાના અસ્તિત્વને, તથા પોતાની અંદર રહેલ એ અંદરોની શક્તિને ખીલવે કે

જે ખરેખર ખોટા આડંબરો પાછળ દબાઈને રહી જાય છે.
બાકી કહેવત છે ને કે " સમજદારને ઈશારો જ કાફી છે "

# મુસ્લિમ સમુદાયમાં સ્ત્રી સશક્તિકરણ


**સાહિસ્તા એસ. મલેક**

**Research Scholar (MLIS)**



**સારાંશ :**

આજનો યુગ એ પ્રગતિશીલ યુગ છે. આ યુગમાં નીત – નવીન વિચારોની પ્રગતિ પણ આપણને જોવા મળે છે. આ નિત્યનૂતન વિચારોની સાથે જોઈએ તો સ્ત્રી – અને પુરુષ વચ્ચે આજે પણ ભેદભાવ જોવા મળે છે. જ્યારે આ સ્ત્રીઓ ઘર, વ્યવસાય અને સંસાર , સમાજ, રાષ્ટ્રની તમામ જવાબદારી સ્વીકારવા સક્ષમ હોય છે. તેનામાં એટલી શક્તિઓ તૃપ્ત રીતે રહેલી છે. સ્ત્રીઓ ઘરની, સામાજિક, રાષ્ટ્રીય , આર્થિક, રાજકીય જવાબદારીઓ ઉપાડવા સક્ષમ હોય છે. મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓને એટલી પણ સ્વતંત્રતા પ્રાપ્ત થયેલ નથી. તેમને અનેક કઠીન પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. મુસ્લિમ સમાજમાં પુરુષોની સરખામણીએ સ્ત્રીઓને એટલાં અધિકાર પ્રાપ્ત થતા નથી. સ્ત્રીઓને આ બધાથી જાગૃત કરવા માટે સ્ત્રી સશક્તિકરણ કરવું અતિ આવશ્યક બનતું જાય છે. પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓને સમાન તક મળી રહે તે માટે જાગૃતિ અભિયાન, ફી નાબુદી, છોકરીઓ માટે અલગ સ્કૂલો , ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે ઓપન સ્કૂલ – યુનિવર્સિટીમાં અભ્યાસ જેવી અનેક યોજનાઓ પર

ભાર મુકવો જોઈએ. જેથી સમાજના લોકો તેમજ સ્ત્રીઓનો સક્ષમ વિકાસ થઇ શકે. મુસ્લિમ સમાજની સ્ત્રીઓને આગળ લાવવામાં અવાર નવાર પ્રયત્નો કરતા રહેવું જોઈએ. જેથી મુસ્લિમ સ્ત્રીઓ પોતાના અધિકારોથી વંચિત ન રહી જાય.

ચાવીરૂપ શબ્દો : સામાજિક , આર્થિક, રાજકીય, રાષ્ટ્રીય , અધિકાર, સશક્તિકરણ,

પ્રસ્તાવના :

આજનો યુગ એ પ્રગતિશીલ યુગ છે. આ યુગમાં નીત – નવીન વિચારોની પ્રગતિ પણ આપણને જોવા મળે છે. આ નીત – નવીન વિચારોની સાથે જોઈએ તો સ્ત્રી – અને પુરુષ વચ્ચે આજે પણ ભેદભાવ જોવા મળે છે. આવી પરિસ્થિતિને જોવા સાબિત થાય છે કે આપણો દેશ આજે પણ એટલો સ્વતંત્ર થયો નથી. દર 1000 પુરુષોની સંખ્યાને સરખામણીએ સ્ત્રીઓની સંખ્યા 938 જોવા મળે છે. તેમાં પરીસ્થિતિમાં તેમજ લોકોના વિચારોમાં પરિવર્તન લાવવું એટલું જ શક્ય છે. તેથી સ્ત્રી સશક્તિકરણ અત્યંત જરૂરી બન્યું છે.

સૌથી પહેલાં આપણે જોઈએ તો ,

સ્ત્રી એટલે “ ઘર, પતિ, બાળકો, સમાજ, માતા – પિતા દરેકની જવાબદારી સચોટ રીતે પૂરી કરે તે વ્યક્તિ.”

સ્ત્રી એટલે “ પોતાનું સ્વમાન ભૂલીને બીજાની ખુશીઓનું ધ્યાન રાખવાવાળી.”

ઉપરોક્ત વ્યાખ્યા ઉપરથી સ્પષ્ટ થાય છે કે સ્ત્રીનું વર્ચસ્વ એટલે સુધી જ સિમિત છે. પરંતુ ,ના સ્ત્રીઓ ધારે તો પથ્થરને પણ પાણી બનાવી શકે છે. ઉદાહરણ રૂપે જોઈએ તો એવી કેટલીક સ્ત્રીઓ છે જે પોતાના સપના સાકાર કરી શકી છે. જેમ કે , રાણી લક્ષ્મીબાઈ, કલ્પના ચાવલા, વિનય, કસ્તુરબા, વિલિયમ્સ, વગેરે . આવી સ્ત્રીઓ દ્વારા અનેક સમાજની સ્ત્રીઓને પ્રેરણા મળી છે. જેથી સ્ત્રીઓ પોતાનું વર્ચસ્વ સ્થાપી શકે છે. આજના અમુક સમાજો પણ સ્ત્રીઓને અમુક એટલી સ્વતંત્રતા તેમજ અધિકારો પ્રાપ્ત થયેલ નથી. જ્યારે આ સ્ત્રીઓ ઘર, વ્યવસાય અને સંસાર , સમાજ, રાષ્ટ્રની તમામ જવાબદારી સ્વીકારવા સક્ષમ હોય છે. તેનામાં એટલી શક્તિઓ તૃપ્ત રીતે રહેલી છે. સ્ત્રીઓ ઘરની, સામાજિક, રાષ્ટ્રીય , આર્થિક, રાજકીય જવાબદારીઓ ઉપાડવા સક્ષમ હોય છે. મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓને એટલી પણ સ્વતંત્રતા પ્રાપ્ત થયેલ નથી. તેમને અનેક કઠીન પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. તેમને નિમ્ન પ્રકારની જ ગણવામાં આવે છે. તેમને સામાજિક, આર્થિક, કૌટુંબિક અધિકારોથી વંચિત રાખવામાં આવે છે. મુસ્લિમ સમાજમાં પુરુષોની સરખામણીએ સ્ત્રીઓને એટલાં અધિકાર પ્રાપ્ત થતા નથી. સ્ત્રીઓને આ બધાથી જાગૃત કરવા માટે સ્ત્રી સશક્તિકરણ કરવું અતિ આવશ્યક બનતું જાય છે.

“સ્ત્રી સશક્તિકરણ એટલે સ્ત્રીને શારીરિક , ધાર્મિક, આર્થિક, કૌટુંબિક, સામાજિક ,રાજકીય , રાષ્ટ્રીય વગેરેમાં શક્તિશાળી તેમજ આગળ વધારવા માટે થતી પ્રક્રિયાઓ.”

સ્ત્રી સશક્તિકરણનું મહત્વ એ છે કે એક સ્ત્રી ઘર, કુટુંબ ,સમાજ અને રાષ્ટ્રને શિક્ષિત બનાવી છે.

ઉપરોક્ત વ્યાખ્યાને આધારે સ્પષ્ટ છે કે તે દેશના ઘડતરમાં અતિ આવશ્યક ફાળો છે. મુસ્લિમ સમુદાયમાં ,પછાત સ્ત્રીઓ તેમજ તેમના સમાજમાં સ્ત્રીઓને આગળ વધારવા તેમને જાતીયતા સમાનતા વિષે વિસ્તૃત સમજ કેળવવી જોઈએ. આર્થિક , રાજકીય તેમજ રાજકીય ક્ષેત્રે તેમને ભાગીદાર થવા માટે જ્ઞાન આપવું. જેથી રાષ્ટ્ર વિકસિત થઇ શકે.

સ્ત્રી સશક્તિકરણના અવરોધક પરિબળો

સ્વતંત્ર ભારતમાં અનેક સમાજોને જોતાં મુસ્લિમ સમાજ આજની પરિસ્થિતિમાં પણ રૂઢી ચુસ્તજોવા મળે છે. જેમાં નીચેના પરિબળો જવાબદાર છે.:

- સ્ત્રીઓને નાનપણથી એવું જ કહેવામાં આવે છે કે સ્ત્રીઓનો જન્મ ઘર સાચવવા, ચૂલો ફુંકવા માટે , બધા ને ખુશ રાખવા માટે થયો છે.
- મુસ્લિમ સમુદાયમાં સ્ત્રીઓને માનસિક રીતે એવું કહેવામાં ઓછુ શિક્ષણ પ્રાપ્ત કરવાવાળી સ્ત્રીઓ જ ઘર સચોટ રીતે સાચવી શકે છે.

- મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓને બુરખા પ્રથા રાખવામાં આવે છે. જેથી પર પુરુષ તેમને જોઈ ન શકે અને તેમને બહાર નીકળવાના પ્રયત્નો ઓછા થાય.
- ઘરના રૂઢિચુસ્ત વલણથી મુસ્લિમ સમાજની સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકતી નથી.
- સ્ત્રીઓને એવું કહેવામાં આવે છે કે તે પારકું ધન છે. તેથી તેમને શિક્ષણ પણ ઓછુ આપવામાં આવે છે. તેમને નાના મોટા કામોમાં કુશળતા પ્રાપ્ત કરે તેવું શિક્ષણ આપવામાં આવે છે. તેથી સ્ત્રીઓને કૌટુંબિક રીતે કોઈ પણ અધિકારો પ્રાપ્ત થતા નથી. સાસરીમાં જાય ત્યારે એવું કહેવામાં આવે છે કે વહુઓ તેમજ સ્ત્રીઓને સમાજિક , કૌટુંબિક રીતે કોઇપણ રીતે બોલવાના અધિકારો પ્રાપ્ત નથી.
- ગામ કે શહેરમાં મોટા ભાગની શાળાઓ મિશ્ર હોવાથી મુસ્લિમ સમાજના લોકો આ પસંદ કરતા નથી. તેથી મુસ્લિમ સમાજની સ્ત્રીઓ પુરતું શિક્ષણ પ્રાપ્ત કરી શકતી નથી.
- લગ્ન પછી સ્ત્રીઓને એવું સમજવામાં આવે છે કે જે સ્ત્રી ઘરનું કામકાજ સંભાળે, સાસુ – સસરા તથા બાળકોને સાચવે, પતિને ખુશ રાખે એ સારી સ્ત્રી છે.
- સ્ત્રીઓને લગ્ન પછી આજની સ્થિતિમાં પણ માનસિક ત્રાસ આપવામાં આવે છે. અને પિયર પક્ષેથી વસ્તુઓ તેમજ પૈસાની માંગણીઓ કરવામાં આવે છે. તેમની માંગણીઓ

પૂરી ન થતા તેમને મારી માનસિક ત્રાસ આપી મારી નાખવામાં આવે છે.

- જો કોઈ સ્ત્રી સમાજમાં આગળ પ્રયત્નો કરે તો સમાજના લોકોનો વિચાર તેમજ સામાજિક રીત – રીવાજો બતાવીને તેમને અટકાવવામાં આવે છે.
- નિરક્ષરતા એ સૌથી મોટું અવરોધક પરિબળ ગણવામાં આવે છે. મુસ્લીમ સમાજમાં એવું કહેવામાં આવે છે કે સ્ત્રીઓને નોકરી કરવા જવાનું નથી. તેથી તેમને શિક્ષણ પ્રાપ્ત કરવું એટલું આવશ્યક નથી.
- સ્ત્રીઓનો પહેરવેશ માટે પણ અટકાયત કરવામાં આવે છે. તેમજ વિધવા વિવાહ પણ એક અપરાધ માનવામાં આવે છે. સ્ત્રીઓ સ્વતંત્ર રીતે હરીફરી શકતી નથી.
- મુસ્લિમ સમાજમાં જો સ્ત્રીઓ નોકરી કરે તો લોકો તે સ્ત્રીની ટીકા – ટિપ્પણ કરે છે જેથી પુરુષોના અહંકાર ગુમાવવાનો વારો આવતાં સ્ત્રીઓને નોકરી પણ કરવા દેવામાં આવતી નથી.
- કુટુંબમાં  ઝાઝાં સભ્યો હોવાથી તેમજ કૌટુંબિક ગરીબીના કારણે પણ સ્ત્રીઓની ઈચ્છા હોવા છતાં આગળ શિક્ષણ પ્રાપ્ત કરી શક્તિ નથી.
- મુસ્લિમ સમુદાયમાં સ્ત્રીઓને બંધ બારણે રેહવું એ જ એનું જીવન છે. બંધ બારણે જ સ્રીઓનું જીવન સચવાય છે. બહાર સ્ત્રીઓની કોઈ સલામતી નથી તેવું મુસ્લિમ સમાજના લોકોને માનસિક રીતે દૃઢ થયેલું છે.

ટૂંકમાં રૂઢિચુસ્ત વિચારો, નિરક્ષરતા, કૌટુંબિક પ્રશ્નો, સામાજિક પ્રશ્નો, શૈક્ષણિક પ્રશ્નો , ગરીબી,શિક્ષણ વ્યવસ્થાનો અભાવ, ખર્ચાળ શિક્ષણ વગેરે અવરોધક પરિબળોના કારણે સ્ત્રીઓને આગળ આવવા માટે મુશ્કેલરૂપ રહ્યું છે. હવે આપણે મુસ્લિમ સમુદાયની સ્ત્રીઓની પરિસ્થિતિમાં સુધારો લાવવામાં માટે કેટલાંક ઉપાયો જોઈએ.

ઉપાયો

- સમાજમાં થતા બાળ લગ્નને નાબુદ કરવા માટે સમાજિક જાગૃતિ લાવી, બાળ લગ્નો અટકાવી શકાય.
- મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓનો મહત્વ સમજાવી, અનેક ઝુંબેશ ચલાવવી જોઈએ. જેથી સ્ત્રીઓ પોતાના અધિકારોથી પરિચિત થાય .
- કન્યા શિક્ષણ માટે સ્ત્રીઓનો વિકાસ સાધવા માટે અનેક સ્ત્રીઓના ઉદાહરણો આપી તેમને પ્રેરિત કરવા જોઈએ.
- સ્ત્રીઓને તમામ સામાજિક , આર્થિક, કૌટુંબિક, રાષ્ટ્રીય અધિકારો પ્રાપ્ત થાય તે માટે અનેક કાર્યક્રમો કરવા જોઈએ જેથી તેમને દરેક અધિકારો પ્રાપ્ત થાય.
- લગ્ન વિષયક તેમજ લગ્ન પછીના તમામ અધિકારોથી સ્ત્રીઓને પરિચિત કરવા જોઈએ જેથી તેમના પર થતા માનસિક ત્રાસ , દૂરાચારોથી મુક્ત રહી શકે.
- મોટી ઉંમરની તેમજ નિરક્ષર સ્ત્રીઓને શિક્ષણ આપવા માટે ઘરની આસપાસ જ શૈક્ષણિક વ્યવસ્થા, શૈક્ષણિક કાર્યક્રમો પૂરા પાડવા જોઈએ.

- શિક્ષણમાં શિક્ષિકાઓનું પ્રમાણ વધારવું જોઈએ. જેથી સ્ત્રીઓને શિક્ષણ વ્યવસ્થા પૂરી પાડી શકે.શાળા કક્ષાએ સ્ત્રીઓની પસંદગી પ્રથમ લેવલે કરવી જોઈએ.
- રાજ્ય કક્ષાએ અને કેન્દ્ર કક્ષાએ સ્ત્રીઓના સામાજિક , રાજકીય પ્રશ્નો ઉકેલી તેમના આધારે સ્ત્રીઓના પ્રશ્નોનો ઉકેલ આપી શકાય છે.
- નોકરી કરતી સ્ત્રીઓને તેમના અધિકારો તેમના રક્ષણ માટેના કેટલાંક કાર્યક્રમો કરવા જોઈએ. જેથી સ્ત્રીઓ પોતાનું રક્ષણ કરી સમાજ તેમજ ઘરનું સ્થાન ઉચ્ચ કક્ષાએ લાવી શકે.
- ભરત – ગુંથણ , સિલાઈકામ ,નાના મોટા ઉદ્યોગો દ્વારા ઘરે  બેસી સ્ત્રીઓ પોતાનું ગુજરાન ચલાવી શકે તેવી તાલીમ આપવી જોઈએ.
- સ્ત્રીઓને જાગૃત કરવા માટે અનેક સંગઠનો હાથ ધરવા જોઈએ. જેથી સ્ત્રીઓ પોતાનો ઉચ્ચ વિકાસ સાધી શકે.
- સ્ત્રીઓ પોતાનો અભ્યાસ અધૂરું પડતું ન મુકે તે માટે દેશમાં કેટલીક ઓપન સ્કૂલો તેમજ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. જેથી સ્ત્રીઓ ઘરે બેસી ઉચ્ચ શિક્ષણ પૂરું કરી શકે.
- સમાજના લોકોને સ્ત્રીઓના અધિકારો વિષે જાગૃત કરી સમાજમાં સ્ત્રીઓને લગતા તમામ અધિકારો અપાવવા જોઈએ.

- મુસ્લિમ સમાજના પ્રણેતા મોહંમદ સલ્લેલહો અલયહિ વસ્સલમે જે સ્ત્રીઓને સમાજમાં યોગ્ય સ્થાન મળી રહે તે માટે અનેક કાર્યક્રમો તેમજ આંદોલનો કર્યા છે. જે એ સમાજના લોકો સમક્ષ પહોંચાડી સ્ત્રીઓને માન – સન્માન તેમજ અધિકારો આપવા જોઈએ.
- અમલીકરણ કાર્યક્રમ તથા સ્ત્રીઓના સમાનતા શિક્ષણ માટે વિષયક માર્ગદર્શક સિદ્ધાંતો પરિચિત કરવા તથા શિક્ષિત કાર્યક્રમો હાથ ધરી સમાજના લોકોને સ્ત્રીઓના વિકાસ , સ્ત્રીઓની વિષે સભાન થાય તે માટે કાર્યક્રમો હાથ ધરવા જોઈએ.

ટૂંકમાં પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓને સમાન તક મળી રહે તે માટે જાગૃતિ અભિયાન, ફી નાબુદી, છોકરીઓ માટે અલગ સ્કૂલો , ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે ઓપન સ્કૂલ – યુનિવર્સિટીમાં અભ્યાસ જેવી અનેક યોજનાઓ પર ભાર મુકવો જોઈએ. જેથી સમાજના લોકો તેમજ સ્ત્રીઓનો સક્ષમ વિકાસ થઇ શકે.

ઉપસંહાર

આપણો દેશ એ પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થા સાથે જીવે છે. તેના કારણે રાજકીય અને આર્થિક સેવાનું કેન્દ્ર પુરુષોના હાથમાં જ રહ્યું છે. વૈશ્વિકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણના લીધે યુગમાં સ્ત્રીઓના સશક્તિકરણ અને ગરીબી, સામાજિક પ્રથાઓના કારણે મુસ્લિમ સમાજની સ્ત્રીઓનો જેટલો વિકાસ સાધવો જોઈએ તેટલું શક્ય બન્યું

નથી, મુસ્લિમ સમાજની સ્ત્રીઓને આગળ લાવવામાં અવાર નવાર પ્રયત્નો કરતા રહેવું જોઈએ.

ટૂંકમાં, આદર્શ સમાજની રચના કરવી હોય તો મહિલા સશક્તિકરણ કરવું એ યોગ્ય છે.

# અરીસો

## ડૉ. સોનલ પટેલ

ટ્રાફિક સિગ્નલની લાઈટ્સનું ગ્રીન ઈન્ડીકેશન મળ્યું નથી કે પૂરપાટ વાહનો ભાગ્ય નથી. – મેં પણ મારું ટુ-વ્હીલર થોડી વધારે સ્પીકથી `સ્પીડથી જવા દીધું , કારણ ઓફીસની  ડ્યૂટી પૂરી કરી પણ હજી ઘર- પરિવાર માટેની ડયૂટી સાયકલ બાકી છે !! પરંતુ ત્યાં એક કારથી હું આગળ નીકળી ગઈ કાર ચાલક પુરુષ હતો, એને ક્યાંય અહંકાર ઘવાયાની લાગણી અનુભવાઈ, પહેલાં પાછળથી હોર્ન પર હોર્ન મારવાનું શરૂ કર્યું, પછી ગમે તેમ મારાથી આગળ નીકળી ગયો, થોડેક આગળ જતા એક ચા ની કીટલી પાસે ગાડી ઊભી રહી અને હું મારા રસ્તે આગળ નીકળી ગઈ -

શું આ માત્ર એક કહાની છે ?  ના ? પણ આજના દિવસમાં પણ બનતી સામાન્ય ઘટનાઓ લીંગ ભેદનો પર્દાફાશ કરે છે ! ક્યાંક તમને પણ આવો જે બીજો જ અનુભવ થયો જ હશે !

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે ખબર પત્રિકાઓમાં આવતા સમાચાર પ્રમાણે લગભગ તમામ ક્ષેત્રોમાં મહિલાઓ કાર્યરત છે – માત્ર એટલું જ નહીં ઉચ્ચતમ કક્ષાઓ, પદવી અને ગર્વ – આત્મસન્માન મેળવી ચૂકી છે. પણ શું

સચ્ચાઈ અહીંથી “અરીસા” ની પાછળના લેયર જેવી નથી લાગતી ?

એક ખબરપત્રીમાં હતું મહિલાઓ ગુજરાતમાં રૂપિયા ચોવીસ કરોડનો બિઝનેસ કરે છે, ક્રિકેટ ક્ષેત્રમાં દુનિયામાં ભારતની ‘શક્તિ’ જોશે, ઓલિમ્પિકમાં પહેલીવાર મહિલાઓ પુરુષોની સમકક્ષ, ઉચ્ચ શિક્ષણમાં આગળ નીકળી ગઈ, મહેસાણાના શકુબેન ૧૦૦ કિલો લોખંડનો પાઈપ ૧૦ કિલોમીટર ચાલીને મૂકી આવે છે દાહોદ મહિલા પોલીસ જસ્વીની ચૌધરી પોતાના ગામે દૂધ ભરવા જવા બાઈક શીખી હતી અને અત્યારે દિલધડક ચાલુ બાઈકે તલવાર બાજી બહુ જ સ્વાભાવિક રીતે કરે છે – આતો ઉદાહરણ  આપ્યા કેટલીક મહિલાઓના જે સમાજનું આખા ભારત દેશનું ગૌરવ છે -

પણ ઘણી બધી સચ્ચાઈ પાછળ સંતાઈ જતી નથી લાગતી ? જે સમાચાર પત્રોની વિગતો આપી એની જ સામે બીજી ઘણી નેગેટિવ માહિતી પણ મળતી જ રહે છે – (ઉદાહરણ:  રાજકોટની ઢેબચડા ગામની ભાગોળથી એક બાળકી કૂતરાના મોઢામાંથી બચાવાઈ- પોલીસ અધિકારીઓએ – “અંબે “ નામ રાખ્યું !! હજી પણ આ બાળકી જન્મ- મરણના ઝોલા ખાય છે !! બાળકીને તરછોડાઈ કે બીજા કારણ ......

મૂળ બાબત સમજી શકાય તેમ છે , દરેક ક્ષેત્રમાં જ્યાં પણ સ્ત્રીઓ કાર્યરત છે , ત્યાં આજે પણ ક્ષત્રિય સતામણીના કેસીસ મળે છે.

શિક્ષણ દીકરીઓમાં જરૂર વધ્યું છે પણ સામાન્ય પરિવારો કે ગ્રામીણ પરિવારોમાં આજે પણ દીકરીઓ માટે પ્રશ્નો ઠેરના ઠેર છે –

જ્યાં બહેનો કાર્યરત છે, હોઈ શકે તેમના માટે આ બાબતોને સમજાવી ગળે ઉતારવી અઘરી લાગે પણ સચ્ચાઈ આ છે જ આ કરવું – આ ના કરવું ઘરની બાર નીકળવું – ના નીકળવું આવી બાબતો આજે પણ અંતરિયાળ વિસ્તરોમાં અને પુરુષ આધિપત્ય  સમાજમાં પ્રવર્તે છે.

મોટા શહેરોમાં જ્યાં સ્ત્રીઓને તમામ સગવડ મળે છે ત્યાં શિક્ષણ, સંસ્કૃતિની સાથો સાથો પોતાની કારકિર્દી ને ઘડવા અને પ્રગતિ માટેનાં ઘણા સાધનો પણ છે પરંતુ આટલી અદ્યતન ટેકનોલોજીની સાથે કંઇક  બીજા જ પ્રકારના પ્રશ્નો ઊભા થતા નજરે પડે છે. ઉદાહરણ: ‘નિર્ભયા કેસ’ – આજે પણ ન્યાય નથી મળ્યો- !!

એ સિવાય નવજાત શિશુ બાળકી ...... જેને હજી કેટલાક જ મહિના થયા  હોય તેવી બાળકી હોય કે દીકરીઓ ......માનસિક વિકૃત્તિ ધરાવતા ઘરના જ સભ્ય કેમ ના હોય કે પિતા જ કેમ ના હોય .... ના બનવાની ઘટનાઓ ઘટિત થતી રોજના જાણે કેટલાક કિસ્સાઓ

કાનોમાં આજે પણ અથડાય છે, જેનાથી હ્રદય દ્રવી તો ઊઠે જ છે પણ રોશ ભભૂકવાની તૈયારીમાં આવી જાય તેવી પરીસ્થિતિ ઊભી થઇ જાય છે. !

અહીં જયારે "મહિલા વિશેષ" જ લખાઈ રહ્યું છે- તેના અધિકારોની સ્વાસ્થ્યની, સમાનતાની કે પછી તેની શારીરિક માનસિક કે આર્થિક આઝાદીની વાત લખાઈ રહી છે ત્યાં એક ઊંધું પાસું લખવાનું પણ મન છે. –

TV સીરીયલ્સમાં આવતી કથાવાર્તાઓમાં મુખ્ય કથાવસ્તુ રૂપે સમાજને ઊંધાં દ્રષ્ટાંતો સમાજને બતાવી રહ્યાં છે – જેમકે ઊંચા ઊંચા બંગલાઓના પરિવાર, ફેશન પરેડ, અતિ લાડ બોલ્ડનેસ, પરિવારના વેર- ઝેર- ઈર્ષાના ઝઘડાઓ અને એમાંથી ઊભા થતાં ક્રાઈમ-

જ્યાં પ્રસાર માધ્યમ એક સક્ષમ બળ છે કે જે જોઇને સમાજ તેનું અનુકરણ કરવાનું છે- ત્યાં શું આવી શ્રેણીઓ મહિલાઓ માટે સમજવાની બાબત છે !

આ તમામ બાબતો કહેવાનું તાત્પર્ય સમાજ, ખાસ કરીને ઘરમાં, રહેતી મહિલાઓ કે જેનો વિશ્રામ સમય છે, પૂરતો સમય છે- એ બધા જ આવી TV શ્રેણીઓ ખૂબ રસપૂર્વક જોતા હોય છે અને હા ચોક્કસ કહેવું ઘટે કે આવી નેગેટીવ બાબતોનો જન્મ પણ ત્યાંથી જ થાય છે ખૂબ દુઃખપૂર્વક કહેવું રહ્યું કારણ શો માટે ચાલતી શ્રેણીઓમાં વેર- ઝેર ઈર્ષાનું પ્રમાણ પણ સ્ત્રીઓની વચ્ચે જ બતાવવામાં આવતું હોય છે.

આના માટે ચોક્કસ નિયમ બનવા જ જોઈએ. (દીકરીઓના બળાત્કારના કિસ્સાઓમાં તો
+સૌથી ૩૫૩અને તુરંત પગલા લેવાય તેવી જોગવાઈ માંગ "સમાજ" ની હોવી જ જોઈએ)

"સ્ત્રી" આ જગતનું ઘરેણું છે, આ ઘરેણું છે, આ સમાજને જન્મ આપનારી એક દીકરી જ છે- એનાં સમણાં એનાં જેવા જ નાજુક, સંવેદનશીલ અને સુંદર છે પરંતુ, જ્યાં તેને જેવાં ઘાટ આપવામાં આવશે – તેવી જ તે ઘડાશે !! "સ્ત્રી" વિનાની સૃષ્ટિની કલ્પના કરવી અશક્ય છે.

"માં જગદંબા " શકિત છે , સ્ત્રી છે દર્પણ કદી ખોટું ના બોલે, એ જ રીતે સમાજમાં પ્રવર્તતી આ – "સચ્ચાઈ" છે , "અરીઓ" છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષ્યમાં માત્ર વાહ વાહ કરતાં સમાચારોને માત્ર ઉજાગર કરીએ અને એકબીજાને શુભેચ્છાઓ પાઠવતા રહીએ તો એ કદાચ યોગ્ય નથી.

પણ આપણી હજી ઘણી પહેલ બાકી છે ..........

# શિક્ષિત સ્ત્રી : સ્વસ્થ સમાજનો સ્તંભ

ડૉ. હેતલ ગાંધી,
આસિસ્ટન્ટ પ્રોફેસર, (ગુજરાતી)
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

મનુષ્યની વૃત્તિ સહજ રીતે આસપાસને તથા સમાજને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ઘડતી હોય છે. વૃત્તિ પાયો છે, આપણી ઇચ્છા-એષણા-આશયનો. આ વૃત્તિ જો પરમાર્થની હોય તો આદર-સત્કાર-પરોપકારને પામવામાં સહાયભૂત થાય; પરંતુ, આજ મનોવૃત્તિઓમાં નકાર-ઈર્ષ્યા-ધૃણા પ્રવેશે તો વિનાશને આવાહન આપે છે.

સ્ત્રી પાસે સાહજિક રીતે વહેંચવાની વૃત્તિ રહેલી છે એટલે જ તો ઘરમાં ભોજન બનાવીને તે એકલી જ જમતી નથી; પણ, સૌને જમાડે છે, સૌને વહેંચે છે, સૌને તૃપ્ત કરવા હરસંભવ કાર્યરત રહે છે. આ વૃત્તિમાં રહેલી તૃપ્તિની ભાવના જ એક સ્ત્રીને પરિવાર સાથે બાંધી રાખે છે અને એ જ સ્ત્રીના આ પ્રકારના ત્યાગ-સદભાવ-સમભાવથી આપણું મકાન ઘર બને છે અને ઘરના સભ્યો વચ્ચેનું જોડાણ મજબૂત થાય છે. આમ, સ્ત્રી માત્ર ઘરની એક સદસ્યા જ નહીં; પણ, સંબંધોને જોડતી – સંબંધોનું રક્ષણ કરતી – સંબંધોને મજબૂતાઈ આપતી એક વિશેષ કડીનું કાર્ય તે બખૂબી નિભાવે છે.

જે નિર્જીવ મકાનમાં પ્રાણ પૂરી તેને ઘર બનાવવાની ક્ષમતા ધરાવતી હોય એ સ્ત્રી પોતાના શક્તિ-સામર્થ્ય-સૂઝ દ્વારા ઉત્કૃષ્ટ સમાજની ધૂરીનું મહત્ત્વનું કાર્ય કેમ ન કરી શકે ? આ પ્રશ્નનો ઉત્તર કદાચ સૌ વિચારશીલ વ્યક્તિ પાસે મળી રહે, એ છે શિક્ષણ.

આ ભૂમિકામાં કહું તો બાળકને જન્મ આપનારી અને સિંચન કરનારી માતા, હરસંભવ માતાની જેમ કાળજી લેનારી બહેન, પિતા અને પરિવારજનોથી કદાચ દૂર હોવા છતાં ચિંતા કરનારી પુત્રી વગેરે સંબંધોને નિભાવી જાણનારી સ્ત્રી ઘર-કુટુંબ-સમાજનું મધ્યબિંદુ છે, જ્યાંથી ચારેદિશાઓ ખૂલે છે અને વિસ્તરણ પણ પામે છે. આ દિશાઓના વિસ્તરણમાં મદદરૂપ થાય છે શિક્ષણ.

શિક્ષણનો મૂળ ઉદ્દેશ વ્યક્તિને ફક્ત સાક્ષર કરવાનો નથી જ; પરંતુ, એક સમાજનું લાગણી-હૂંફ-સમર્પણ ભાવથી સિંચન કરવાનું છે. જે કુટુંબભાવના આપણા કુટુંબમાં આદર-સન્માન-આનંદની લાગણીનો સંચાર અને વિસ્તાર કરી શકે છે, એ જ કુટુંબની ભાવના સમાજ-રાષ્ટ્ર-વિશ્વમાં સૌને એકબીજાની નજીક અને એકબીજાને પડખે રાખી શકે છે. ખરેખર તો, શિક્ષણ છે બુદ્ધિ-તર્ક-ક્ષમતાના વિસ્તારની ચાવી.

બાળકના અસ્તિત્વ સાથે શરૂઆતથી જોડાયેલી, બાળકની અકથ્ય લાગણીઓને સમજતી, મનની સંવેદનાઓને વાચી શકતી ‘મા’ – ગળથૂંથીમાંથી તેને

શિક્ષણ આપી શકે છે; જો એ ‘મા’ પોતે સાક્ષર, વિચારશીલ તથા બુદ્ધિક્ષમ હોય. આ ક્ષમતાઓ સાથે આત્મવિશ્વાસનો સામાન્ય ગુણ તો અનિવાર્ય છે. વાચન અને શિક્ષણ આત્મવિશ્વાસમાં વધારો કરવા જરૂરી છે. શિક્ષણ દ્વારા માતાનો માનસિક વિકાસ થાય તો બાળકોને શરૂઆતથી જ નિયમિતતા-શાલીનતા-સંસ્કારનું સિંચન સરળતા અને સહજતાથી કરી શકે. કુટુંબમાં ભીડ પડી હોય ત્યાં એક સદ્ધરતાનો વિશ્વાસ આપી શકે અને એક ભણેલી માતા બાળકોના ઉત્સુકતા ભર્યા માસૂમ સવાલોના જવાબ પણ આપી શકે અને માતાની આ બુદ્ધિમત્તાને કારણે માતા-પિતા તરફનું બાળકોનું આદરભર્યું વલણ સહજતાથી સ્ફૂટ થાય.

એક સક્ષમ માતાના સાનિધ્યમાં બાળકોનો ઉછેર થવાથી તે સમાજના વડીલો તેમજ અન્ય સ્ત્રીઓનો પણ આદર કરવા સમર્થ બને છે. શિક્ષિત-આત્મવિશ્વાસ-કુશળ સ્ત્રી માનવસમાજને સફળ નેતૃત્વ પ્રદાન કરવા સાથે સમાજ અને રાષ્ટ્રના ભવિષ્યની ઉન્નતિ માટેના સમર્થ સ્તંભનું નિર્માણ કરે છે.

સ્વસ્થ સમાજનો સ્તંભ બનતી શિક્ષિત સ્ત્રીનું ઉદાહરણ આપણા ભારતીય સમાજમાં ઉપલબ્ધ છે, સુધા મૂર્તિ. તેઓ ઇજનેરી શાખાના શિક્ષકની સાથે બાહોશ સમાજ સેવિકા તથા હકારાત્મક વિચારોને પ્રદર્શિત કરનારી ઉત્કૃષ્ટ લેખિકા પણ છે. તેમના આ પરિચય સિવાય પણ

એક પરિચય છે અર્ધાંગીની-ગૃહિણી-પ્રેમાળ માતાનો અને આત્મવિશ્વાસની ભરપૂર મહિલાનો. આ શ્રેણીમાં બીજું ઉદાહરણ જોઈએ તો, સુષ્મા સ્વરાજનું. જેઓએ પોતાના પરિવાર સાથે તાલમેલ કરી પોતાની બુદ્ધિક્ષમતા-કુશળતા-જ્ઞાન દ્વારા દેશના વિકાસમાં પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો.

આમ કહી શકાય કે, જયારે સમાજમાં અડધોઅડધ સંખ્યામાં સ્ત્રીઓ વિદ્યમાન હોય તો સમાજે પણ કોઈ પણ પ્રકારના ભેદભાવ ભૂલી તેમના શિક્ષણમાં રસ લઈ, તેમને પોતાના અસ્તિત્વની ઓળખ મેળવવામાં સાથ આપી, આગળ વધવામાં પ્રોત્સાહક બનવું જોઈએ. આપણી સંસ્કૃતિના સ્તંભને મજબૂત કરવા અને નવી પેઢીના વિકાસ માટે સૌના સહિયારા પ્રયાસ અને તે તરફ ધ્યાન કેન્દ્રિત કરવું સૌ માટે હિતવર્ધક છે.

બીજાની સાથે થતા અન્યાય કે અત્યાચાર પ્રત્યેના સમાજના લોકોનાં વલણ દર્શાવતી એક સ્વરચિત કવિતા અહીં પ્રસ્તુત કરું છું. આ કવિતા સંદર્ભે આપણે સ્થિતિને જાતે પારખવાની રહે.

**: અવાજ :**

દૂરથી અવાજ આવે છે ?
અહીં દીવાલ પાછળથી જ આવે છે...
જુઓ તો ખરા, મામલો શું થાય છે ?

એક બોલ્યો :
સફાળો જાગી જાય છે.
અવાજ તો બહુ તીવ્ર છે !
મદદ માંગતો લાગે છે, દર્દ-પીડા-ભયનો લાગે છે...
ઊઠો, ઊઠો, જવું જોઈએ...થોડી મદદ કરવી જોઈએ...
દરવાજે એકલો ચાલતો જાય છે.
બીજો બોલ્યો :
હં... હં... (અડધો ઊંઘમાં)
અવાજ તો મને પણ સંભળાય છે,
કોણ પડે ? કોણ જાગે ? કોણ ઊંઘ બગાડે છે ?
બારી બહાર ડોકિયા કાઢી,
બેઠો થયેલો સૂઈ જાય છે.
ત્રીજો બોલ્યો :
અલ્યા, બહુ અવાજ ન કરો, સૂવા દો...
શું, બહારથી અવાજ આવે છે ?
કોનો અવાજ ? કેવો અવાજ ? ક્યાં છે અવાજ ?
વ્હેમ છે, તમારો... લાવ, તને થપથપાવી દઉં.
પાછો જલદી સૂઈ જાય છે.
ચોથો :
ઘરર્...ઘરર્...ઘરર્...
ઘસઘસાટ ઊંઘતો જાય છે.

# સ્ત્રી અને સમાજ

ડો. હિના અંકુયા, આસિસ્ટન્ટ પ્રોફેસર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

આજની મારી વાર્તા એના વિષે છે જેના વગર આ દુનિયા સંભવ જ નથી. નારી, સ્ત્રી શબ્દ જેટલો નાનો છે તેની શક્તિ તેનાથી તદ્દન જુદી જ છે. એક સ્ત્રી આ દુનિયાને પૂર્ણ કરે છે. આમ, કહેવા જઈએ તો સ્ત્રી તેના બાળપણથી માંડીને વૃધાવસ્થા જીવન દરમ્યાન અનેક પાત્રો ભજવતી હોય છે. આજના જમાનામાં સ્ત્રી સશક્તિકરણ વિષે વાતો થાય છે. પરંતુ જ્યારે એક સ્ત્રી જ બીજી સ્ત્રીની ઈર્ષા કરે ત્યારે કપરી પરિસ્થિતિ ઉભી થાય છે.

આજના યુગમાં ઉચ્ચ ગુણવત્તા એટલે કે વધારે ભણેલી સ્ત્રી હોય તેને સમાજ કે કુટુંબ સ્વીકારી શકતું નથી. એમાં પણ જો પુરુષ કરતા સ્ત્રી વધારે ભણેલી હોય તો તેને સ્વીકાર(સહન) પુરુષો કરી શકતા નથી. તેઓ એજ્યુકેશન શું છે? અને આટલું એજ્યુકેશન કઈ રીતે મેળવ્યું હશે તેની તેઓને કલ્પના જ નથી હોતી. આ એજ્યુકેશનથી સ્ત્રી શું કરવા માંગે છે તે તેઓ ક્યારેય વિચારી કે સમજી શકતા જ નથી. તેઓ ફક્ત તેમનો સ્વાર્થ જ વિચારતા હોય છે.

કે તેને ઘર માટે શું કર્યું ? તેના પતિ માટે શું કર્યું ? આ જ બધી બાબતો એ લોકો માટે મહત્વ ધરાવતી હોય છે. જ્યારે એ સ્ત્રી એવું વિચારતી હોય છે કે તે ભણીને આગળ વધશે તો તેના સંતાનોને સારું શિક્ષણ તથા સારું ઘડતર આપી શકશે, તેમનું સારું કેરિયર બનાવી શકે. તે સ્ત્રી તેના પતિ સાથે કદમ થી કદમ મિલાવીને ચાલતી હોય છે કે જેથી તેના પતિને ફાઈનાન્સિયલી સપોર્ટ મળી રહે અને પોતાનું ઘર આર્થિક રીતે પણ ખૂબ આગળ વધે પરંતુ કુટુંબ/સમાજ આ વાત સમજી શકતા નથી.

ઘણીવાર આ બધી બાબતો પુરુષપ્રધાન સમાજને સમજાવવી ઘણી અઘરી પડતી હોય છે સ્ત્રી માટે અને જો આ વાત તેઓ સમજી જાય તો તે સ્ત્રીનો બેડો પાર થઇ જાય અને જો ના સમજે તો આખી જિંદગી બંને બાજુ પીસાતી જાય છે. ઘણીવાર સ્ત્રી ને પગભર થવા માટે પણ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. આ બધી પરિસ્થિતિનો સામનો કરવામાં સ્ત્રી અટવાઈ જતી હોય છે કે તે તેની કારકીર્દીમાં ધ્યાન આપવું કે ફક્ત પરિવારમાં જ ધ્યાન આપવું. સ્ત્રી રકીર્દી સાથે પરિવારનું ધ્યાન તો રાખી જ શકે છે પરંતુ આ વાત સમાજ સ્વીકારવા માંગતો જ નથી. આ બધી બાબતોથી સ્ત્રી એવી અસમંજસમાં જીવતી હોય છે. કે મધદરિયે તેની નાવ ડોલા ખાતી હોય તેવું તે પોતે અનુભવે છે. આપણા

સમાજની આ હકીકત છે કે આપણો આ સમાજ એવું વિચારે છે કે સ્ત્રી સમકક્ષ છે પરંતુ ઘણીબધી સ્ત્રીઓ જે આજે આગળ ભણીને કારકિર્દી બનાવે છે તેઓને આ જગ્યાએ પહોંચતા કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે એ વાત તો માત્ર સ્ત્રી જ જાણે છે. ઘણીવાર સ્ત્રી જ સ્ત્રીની ઈર્ષા કરતી હોય છે. આપણા સમાજમાં જો એક સ્ત્રી બીજી સ્ત્રીને સપોર્ટ કરતી હશે તો આખો સમાજ સપોર્ટ કરતો થશે પરંતુ એક સ્ત્રી જ બીજી સ્ત્રીને સપોર્ટ કરતી નથી.

અંતમાં બસ એટલું જ કહીશ કે, જો સ્ત્રીઓ પોતાની શક્તિનો ઉપયોગ બીજી સ્ત્રીઓની તુલના, દેખાદેખી અને ઈર્ષા માટે ના કરતા તે પોતાના માટે કરે તો એ પણ ચોક્કસ સફળ થાય જ છે. બીજી વાત, તમામ સ્ત્રીઓને કહેવા માંગુ છું કે પોતાને ગમતી એક્ટીવીટી કરો, પોતાની જાતને ખુશી, આપો ખુશ રહો કારણ કે જિંદગી એક જ વાર મળે છે અને સમાજના અમુક લોકો સ્ત્રીના મહત્વને સમજતા જ નથી તો એનો મતલબ એવો નથી કે સ્ત્રીનું મહત્વ ઓછુ થઇ જાય છે. સ્ત્રીનું મહત્વ હતું, સ્ત્રીનું મહત્વ છે અને સ્ત્રી નું મહત્વ દુનિયાના અંત સુધી રહેવાનું જ છે.

# સશકત સ્ત્રીની આકાશી વાત

હેતલ કે. જાદવ,
ડેટા એન્ટ્રી ઓપરેટર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.

આજે સ્ત્રી સશકિતકરણની વાતો કરવામાં આવે છે એ પણ કેવા સમયમાં ? આધુનિક કાળ છે. બધા જ ક્ષેત્રોમાં વૈજ્ઞાનિક અભિગમથી વિકાસ થઇ રહ્યો છે જો ખરેખર નારીજીવનના ઉત્કર્ષ બાબતે પુરુષસમાજ સજાગ હોય તો તેમણે સ્ત્રીસશકિત કરણ એટલે શું ? એની કેટલીક લાક્ષણિકતાઓ સમજી લેવી જોઇએઃ

- સ્ત્રી સશકિતકરણમાં પ્રથમ છે સ્ત્રીનો આદર સાથે, સન્માનપૂર્વક એનો સ્વીકાર કરવો.
- નારીમાં રહેલી શકિતઓને મંચ આપવામાં સમાજે અગ્રેસર રહેવું.
- સ્ત્રી-પુરુષમાં,દીકરી-દીકરામાં ભેદ ઊભા કરવા નહિ.
- શિક્ષણ આપવામાં કદી પણ સમાજે દીકરી-દીકરાઓમાં જવું નહીં.
- વિવેકપૂર્વક સ્ત્રી સાથે વર્તન કરવું જોઇએ.

- ક્યારેય ઘરમાં કે જાહેરમાં એને ઊતારી પાડવી નહીં.
- બને ત્યાં સુધી સ્ત્રી સાથે કટાક્ષમાં બોલવું જ નહીં.
- સ્ત્રીને કદી અબળા ન સમજવી.
- સ્ત્રીને પુરુષ સમોવડી નથી થવું એ તો એથી વિશેષ છે.કારણ કે એ બાળકની જનની છે. નારી જન્મજાત સર્જક છે.એ દરેક પુરુષે સમજી લેવું જોઇએ.
- એક મંત્ર હંમેશા દરેકને સમજી લેવો પડશે કેઃ

  'યા દેવી સર્વેભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતા, શકિતરૂપેણ સંસ્થિતા.

સ્ત્રી એ તો શકિત સ્વરૂપ છે. આજે આપણા દેશમાં જ એવી કેટલીયે સફળ મહિલાઓ છે જેમની આકાશી સફળતા આપણી સામે જ છે.ગીત,ગાયકીક્ષેત્રના ભારતીય બેમિસાલ નામ એટલે લત્તામંગેશકર,આશાભોંસલે,કવિતા ક્રિષ્નામૂર્તિ,ચિત્રાસિંઘ, રેખા ભારદ્વાજ શ્રેયાઘોસાલ. લેખન ક્ષેત્રે મહાશ્વેતા દેવી, અમૃતા પ્રીતમ,શોભા ડે,સૂધામૂર્તિ, મન્નુ, ભંડારી,કુંદનિકા કાપડિયા,ધીરુબહેન પટેલ હિમાંશી શેલત આપણી સામે જ છે. ચિત્રકળાક્ષેત્રે અમૃતા શેરગીલે ભારતનો વિશ્વમાં ડંકો વગાડેલો છે. અભિનયક્ષેત્રે સ્ત્રીની

ગેરહાજરી કલ્પી શકાતી નથી.વૈજંતીમાલા, માલાસિંહા,સાધના, નરગિશ,કામિની કૌશલ,આશાપારેખથી ઐશ્વર્યારાય સુધીની પ્રતિભાઓ આપણે જોઇ ચૂકયા છીએ. રમતક્ષેત્રે આજે વિશ્વસ્તરે કેટલાંક નામો નજર ખેંચે છે તેમાં પી.ટી. ઉષા અને હિના દાસ (દોડ) કરનામ મલ્લેશ્વરી (વેઇટ લિફટીંગ),મેરીકોમ (બોકસિંગ),સાનિયા મિરઝા (ટેનીસ) અંજુબોબી જયોર્જ (લાંબી કૂદ),દીપા કરમારકર (જીમનાસ્ટીક),સાક્ષી મલિક (કુસ્તી),સાયના નેહવાલ (બેંડમિંટન) પી.વી. સિંધુ (બેંડમિંટન), આજે દરેક રમતોમાં મહિલાઓની ટીમ ભાગ લઇ અગ્રેસર રહે છે.

રાજકારણક્ષેત્રે પણ આ સદીમાં અને આજના સમયમાં હયાત નામો ગણાવું તો આપણે સ્ત્રીની શકિતઓ વિશે અહોભાવ થશે જ એવા કેટલાક નામોમાં, પ્રતિભા પાટીલ (ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ) નિર્મલા સિતારમણ, સુષ્મા સ્વરાજ, મમતા બેનરજી,જયલલિતાના નામોની સાથે સરકાર ચલાવવામાં અતિ ઉપયોગી સનદી અધિકારીઓ અને ઓફિસરોની ટીમમાં આજે મહિલાઓ અધિક સક્રિય ભૂમિકા નિભાવી રહી છે. કેટલાક અડગ ઊર્જાવાન ભારતીય ગરીમાવાન નામોમાં અરુણિમા સિંહા અપંગ હોવા છતાં હિમાલય સર કરનારી અડગ મનની યુવતી આજે અનેક લોકોને પ્રેરણા આપે છે. ઈન્દ્રાનૂયી પેપ્સિ -કોની

ચેરમેન હવે નિવૃત, ઈન્દ્રાનૂયીએ પોતાની બુદ્ધિ-પ્રતિભાથી કંપનીને વૈશ્વિક સ્તરે લાવી આપી છે.મેગેસાસ એવોર્ડ વિનર ઈલાબેન ભટ્ટ(સેવક)અમદાવાદ. કે કિરણબેદી જેમણે તિહાર જેલને અતિ સુવ્યવસ્થિત કરી આપી હતી. નારી કેવી રીતે પડકારો ઝીલી શકે એની કોઇએ ખરી વાતો જાણવી હોય તો કિરણબેદીની આત્મકથાનો ગુજરાતી અનુવાદ નામ છેઃ 'પડકાર'પુસ્તક વાંચવું જોઇએ.

આજે દરેક ઓફિસોમાં સ્ત્રી કર્મચારીઓની હાજરી વધી રહી છે.ફિલ્ડના ક્ષેત્રોમાં પોલીસ અને લશ્કરમાં પણ હવે એ જઇ રહી છે.બસમાં કંડકટરથી લઇને વાહનો ચલાવવા સુધીની મજલ એ કાપતી જાય છે.

જમાનો બદલાતો જાય છે એવા સમયે દરેક માણસે વિવેકપૂર્વક એ પરિવર્તનો પ્રમાણે ફેરફાર કરવા પડશે. સ્ત્રીએ પોતાની જાત પર વિશ્વાસ રાખી સંકલ્પથી કાર્ય કરતા રહી સમાજને સંદેશ આપવા પડશે કે ન નારી અબળા નહીં સબળા છે.

સ્ત્રી શિક્ષણ અને સમાજ

“દીકરીને શિક્ષિત કરવી એ માત્ર એના પોતાના માટે નહી એની આવનારી પેઢીઓ માટે પણ એટલું જ જરૂરી છે. “

કે ગોટલો વાવીએ તો આંબો થયે પણ ફળે નહી તો શું કામનો કે દીકરી આપણે શું વળતર આપવાની ભાઈ એમાં

શિક્ષણ અને ગુણ સંસ્કારની કલમ તો કરી જોયા પછી ખબર પડશે એમાં ફળની મીઠાશ કેટલી છે. એના ફળની સુવાસ કેટલી છે....

"બાળકેળવણી સ્ત્રીઓના જ હાથમાં હોવી જોઈએ જે પ્રેમ અને ધીરજ

સ્ત્રી બતાવી શકે એ સામાન્ય રીતે આજ લગી. પુરુષ નથી બતાવી શક્યો."

"એકવાર એક અભાગ માતાને તેનું  બાળક પૂછે છે કે 'મા' મને આ નથી સમજાતું સમજાવને દરણું દરતા-દરતા 'મા' કહે છે. હા બેટા હમણાં જ સમજાવું છું તું અહીયા મારી પાસે બેસ અને એકવાર વાંચી જો બાળક એકવાર વાંચે છે, અને કહે છે. માં થોડું થોડું જ સમજાય છે. સમજાવને માતા કહે છે કે એક કામ કર હજી એકવાર વાચી જા બાળક ફરીથી વાંચે છે. અને કહે છે. હા 'માં' મને સમજાય ગયું અને શાળામાં શિક્ષક પૂછે છે કે તને બધા જ સવાલ ના જવાબ આટલા સરસ કેવી રીતે આવડ્યા કોને શીખવાડ્યું બાળકે કહ્યું મારી 'મા' એ એટલે તો કાળ સામે છુંઅડીખમ આજ પણ બાજીઓ હારી હશે હિમંત હજી હારી નથી. આ દ્રષ્ટાંત દ્વારા વાત એ સમજવાની છે. કે જો બાળકમાં રીત રાખતી એક અભાગ માતા જો આટલું કરતી હોય તો શિક્ષિત માતા શું ન કરી શકે. આમ નિર્ભરતા આર્થિક સ્વાતંત્ર એ પણ આજે નારી શકિત સામે એક પડકાર છે.

“બાળ કેળવણી સ્ત્રીઓના જ હાથમાં હોવી જોઈએ જે પ્રેમ અને ધીરજ સ્ત્રી બતાવી શકે એ સમાન્ય રીતે આજ લગી પુરુષ નથી બતાવી શક્યો.

“આ અસ્ત  વ્યસ્ત થઈ ગયેલા જીવનમાં સ્ત્રી- શિક્ષિણ એ કદાચ ન મળી શકે. પુરુષો મારફતે જ બાળશિક્ષણ હાલ સંભવે એમ ભલે હોય તો પુરુષ શિક્ષકે માતાનું મહાનપદ મેળવું પડશે અને છેવટે તો માતાએ તૈયાર થવું પડશે.

“જે સ્ત્રીઓને માટે શિક્ષણની યોજના તૈયાર કરવાની છે તેઓને જો માતૃભાષા દ્વારા  ઉચ્ચશિક્ષણ મળશે તો  તેઓ પોતાના ઘરસંસારને સોનાના કરશે. એટલું જ નહી પણ તેઓ પોતાની  અશિક્ષિત  બહેનો પર  પોતાના ચરિત્ર્યની છાપ  પાડી તેમની  અનેક  પ્રકારે સેવા કરી શકશે.

“ઘરનાં  આંગણે ઊભે ત્યારે  તુલસી”
દેશને  રોશન કરે ત્યારે  લીડર  કહેવાતી"
“જવાબદારીની ચૂંદડી પહેરે ત્યારથી
વિશ્વને હુફાળે તેવી વિરાંગના કહેવાતી”

સ્ત્રી કેળવણીને આપણે  માત્ર કન્યાકેળવણીથી જ પહોંચી વળવાના નથી. હજારો કન્યા બાર વર્ષની ઉમરે બાળલગ્નનો ભોગ થઈ આપણી નજરોથી અલોપ થઈ જાય છે. તેઓ ગૃહિણી બને છે ! આ પાપી રીવાજ જ્યાં સુધી આપણામાંથી નહીં જાય ત્યાં સુધી પુરુષોને સ્ત્રીશિક્ષણ

બનતા શીખવું પડશે તેઓની આ વિષયની કેળવણીમાં આશાઓ છુપાયેલી પડી છે.

સ્ત્રીઓનું જ્ઞાન પહેલાના જમાનામાં પડદાપ્રથા હતી અને તેમાં સ્ત્રીઓ શિક્ષિત ન હતી અને તેમાં સ્ત્રીઓને કોઈ પણ કાર્ય સમાજનું હોય તો તેમાં બોલવાનો હક ન હતો પરંતુ તેમને અત્યારે જોવામાં આવતો સ્ત્રીઓ અને પુરુષો એક સિક્કાની બે બાજુ સમાન છે. અત્યારના જમાનામાં સ્ત્રીઓ શિક્ષિત હોવાથી તેમના બાળકોને શિક્ષિત કરી શકે છે. અને હાલમાં જોવા મળે તો સ્ત્રીઓ બધાજ કાર્યમાં આગળ પડતી જોવા મળે છે. સ્ત્રીઓ શિક્ષિત હશે તો એ કુળ તારવશે કારણકે પહેલાતો તેનું પિયર અને પછી તેની સાસરી એમ એ બે ઘરને શિક્ષિત કરે છે. અને સમાજમાં જાગૃત્તિ લાવી શકાય છે. સમાજમાં સ્ત્રીઓને શિક્ષિત કરવાની સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધારી શકાય છે. અત્યારે તો સ્ત્રીઓ માટે અમુક યોજનાઓ બહાર પાડવામાં આવી છે. જેથી જે કુટુંબમાં સ્ત્રીઓને ભણાવવામાં ન આવતી હોય તેઓ ને ભણાવવા માટે અમુક સ્કોલરશીપ રૂપે પૈસા આપવામાં આવે છે.

# સ્ત્રી એક શક્તિ

**હેમંત એ. શાહ,**
**ડેટા એન્ટ્રી ઓપરેટર,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ**

સમાજમાં સ્ત્રી અને પુરુષ એમ બે પાત્રો આવેલા હોય છે. જેમાં બંને પાત્રોનું મહત્વ સમાજમાં રહેલું હોય છે. પરંતુ આમ છતાં સ્ત્રીનું મહત્વ સમાજમાં આગવું છે. સ્ત્રી એક જ સ્વરૂપમાં અનેક પાત્રોનાં રોલ ભજવતી હોય છે. જેમ કે ક્યારેક માતા, ક્યારેક પત્ની, ક્યારેક બહેન તો ક્યારેક સર્વસ્વ બની રહે છે.

સાચું કહીએ તો પુરુષની તુલનામાં સ્ત્રી એક શક્તિ છે. કેમ કે તે પોતાના કુટુંબની સેવા માટે અવિરત પ્રયત્નશીલ રહે છે, છતાં તે કોઈ દિવસ થાક કે કંટાળાનો અનુભવ સમાજ કે કુટુંબને થવા દેતી નથી. જેમ કે કુટુંબમાં સ્ત્રીઓ સવારે વહેલા પાંચ વાગ્યા થી રાતના બાર વાગ્યા સુધી છેતર્યા વગર કામ કરે છે. છતાં કોઈ વળતરની આશા હોતી નથી. છતાં સમાજમાં આ કામની કોઈ જ ગણતરી હોતી નથી. જ્યારે તેની તુલનામાં પુરુષ માત્ર આઠ થી બાર કલાક જ કામ કરે જેનું તેને વળતર મળી પણ રહે છે. જે સમાજ તેને ગણતરીમાં લે છે. આ ઉપરાંત કુટુંબ સિવાય પણ જો અન્ય જગ્યાએ ફરજ

બજાવવાની હોય તો નિસ્વાર્થ ભાવે અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે છે.

ઘણી વખત એવું બને છે કે સ્ત્રી પુરુષ ઉપર હાથ ઉપાડવામાં આવે છે. આવા પુરુષને નર્કમાં પણ સ્થાન મળતું નથી. તે મોટું પાપ છે. તે સમાજ કે ઘરમાં ક્યારેય લક્ષ્મીનો વાસ થતો નથી.

ખરેખર સમાજમાં સ્ત્રીઓનું સન્માન થવું જોઈએ. સમાજમાં સ્ત્રીઓ પ્રત્યે આદરભાવ હોવા જોઈએ જે સમાજમાં સ્ત્રીઓ પ્રત્યે આદરભાવ કે સન્માન હોતું નથી. તે સમાજ ક્યારેય સુખ અને શાંતિની અનુભૂતિ કરી શકતો નથી. શાસ્ત્રોમાં પણ કહેવાયું છે કે.,

'यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ...

અર્થાત જ્યાં નારીઓની પુંજા થાય છે. ત્યાં દેવતાઓ વાસ કરે છે.

## સ્ત્રીઓની વ્યથા

**અર્ચના મકવાણા, (MLIS Student) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

ભારતીય સમાજમાં સદીઓથી સ્ત્રીઓનું સ્થાન પુરુષો  કરતા નીચું રહેવા પામ્યું છે. સ્ત્રીના સ્થાન વિશેની પરિસ્થિતિને સમજવા માટે જે તે સમયની રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પરિસ્થિતિને ઐતિહાસિક રીતે જોવી પડે. જેના માટે આજ સુધીમાં ઘણું કાર્ય થયું છે. સ્વતંત્રતા પહેલા ધાર્મિક સંતો, સમાજ સુધારકો અને અંગ્રેજો દ્વારા સ્ત્રીની સ્થિતિમાં સુધાર લાવવા માટેના અનેક પ્રયત્નો થયા છે, સ્વંતંત્રતા પછી પણ સરકાર , સ્વચ્છીક સંગઠનો અને સ્વાયત્ત મહિલા જૂથો દ્વારા આ માટેના સક્રિય પ્રયત્નો થયા છે છતાં પણ સ્ત્રી શોષણ અને દમન તેના સ્વરૂપો બદલી અસ્તિત્વમાં રહ્યું છે. આજે પણ વિકાસની પક્રિયામાં સ્ત્રીઓને સામેલ કરવાના આટઆટલા પ્રયત્નો કરવા છતાં અશિક્ષિત સ્ત્રીઓની સંખ્યા વધારે છે.

મહિલા માટે આવો સુંદર શબ્દ વિશ્વની એક પણ ભાષા પાસે નથી

“ગૃહિણી”

સાવ સરળ લાગતા આ શબ્દનો અર્થ છે

‘આખું ગૃહ (ઘર) જેનું ઋણી છે’.

હવે આપણે એવી સ્ત્રીઓ વિષે વાત કરીએ કે જેઓ ઘરમાં જ રહે છે એમની હાલત “પાંજરામાં રહેલા પક્ષી” જેવી છે. આવી સ્ત્રીઓ કુંડામાં વાવેલા છોડ જેવી હોય છે અને આવી સ્ત્રીઓ નિર્બળ, શક્તિહીન, તેમને કોઈપણ નિર્ણય લેવાનો હક નથી હોતો, સ્વતંત્રતા નથી મળતી કે નથી શિક્ષણ માટે કોઈ તક આપવામાં આવતી અને શિક્ષણ ના મળે એટલે સમાજના ચાલતા કુરિવાજો, ભેદભાવયુક્ત વર્તન સહન કરે છે એમની સાથે જે ભેદભાવ થાય છે એ ચુપચાપ સહન કરે રાખે છે. આવી ઉદારમત સ્ત્રીઓ માટે સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયની માંગણી કરે છે. ઉદારમત સ્ત્રીઓને પુરુષ સમાન શૈક્ષણિક તકો આપવી જોઈએ.

લોકો કહે છે સ્ત્રી વિનાનું કોઈ ઘર નથી હોતું,
પણ વ્હાલા હકીકત તો એ છે કે,
કોઈ સ્ત્રી વિનાનું ઘર ઘર નથી હોતું

ભારતમાં રહેલી સ્ત્રીઓની વ્યથાની વાત કરીએ તો સમાજ એનો પુરેપુરો જવાબદાર છે. હું મારી જ વાત કરું તો, હું ૧૦માં ધોરણની બોર્ડની પરિક્ષા આપીને સાયકલ પર પછી ઘરે આવતી હતી ત્યારે રસ્તામાં મારી મિત્ર મનીષા મળી જે છોકરાની જેમ જ રહેતી, કપડા પણ છોકરા જેવા જ પહેરે, એની હેર સ્ટાઇલ  પણ છોકરા જેવી જ, એમ કહું કે એને જોઇને કોઈને પણ એમ ના લાગે કે એ છોકરી છે . વાત જાણે એમ છે કે રસ્તામાં એ મળી

અને હું એની સાથે વાત કરતી હતી, ત્યાં મારા પપ્પા સ્કુટર લઈને નીકળ્યા અને મને એની સાથે જોઇને સ્કુટર સીધું જ મારી તરફ વાળ્યું, અને મને પૂછ્યું 'આ કોણ છે ?' હું પેહલા તો ડરી ગઈ પણ પછી પપ્પા ને કહ્યું કે 'પપ્પા આ એક છોકરી છે ' અને આજ દસ વર્ષ પછી, હું કોઈ છોકરા સાથે રસ્તામાં વાત કરું તો પણ કઈ નથી કહેતા.

અહિયાં વાત સમાજની છે, સમાજના લોકો શું કહેશે એ ડરથી માતા-પિતા પોતાની દીકરીઓને કોઈ પણ ક્ષેત્રમા મોકલતા પેહલા ૧૦૦ વાર વિચારે છે. સમાજ નવરો છે વાતો કરવા માટે, અત્યરે સ્ત્રી કોઈપણ સાથે વાતો કરે કે કોઈ સ્ત્રી FB, WHATSP, Instagram પર followers હોય તો પણ સમાજ વાતો કરે અને અત્યારે કોઈના લાડકવાયાના લગ્ન માટે છોકરી જોવા જાય તો ત્યારે મેચ્યોર, ભણેલી-ગણેલી છોકરી જોઈએ. અત્યારે લગ્ન પહેલા માતા-પિતાની આજ્ઞા માનવાની, મમ્મી તો કાંઈ ના કહે પણ આજુ-બાજુ વાળા માસીઓ આવીને પંચાત કરે, કે છોકરીઓને વધારે હસવું ના જોઈયે,છોકરાઓ સાથે ખૂબ વાતો નહીં કરવાની, આપને આપનું કામ પતાવીને ઊંધું મોઢું કરી ફટાફટ ઘરે આવી જવાનું, અરે.... ભાઈ મેં કાંઈ ચોરી તો કરી નથી તો શું કરવા મોઢું નીચું કરીને આવું.

બુદ્ધિથી વિચારો તો સમજ બહારનું વ્યક્તિત્વ,
અને પ્રેમ થી વિચારો તો સાવ સરળ અસ્તિત્વ.

હવે લગ્ન પછીની વાત કરીએ તો પણ સ્ત્રી પોતાનું ઘર, પોતાના કુટુંબને, સમાજને, બધાને છોડીને તમારી જીવનશૈલી અને તમારી અટક અપનાવી લે છે, પ્રથમ દિવસથી જ એ રસોઈમાં પારંગત હોવાનું ધારી લઈને, નવી પરિસ્થિતિ, વાતાવરણ અને રસોડાની અંદરની એની કપરી વ્યથા વિશે અજાણ રહી, બધા આરામ ફરમાવે છે. આ સ્ત્રી જેની પાસે અપેક્ષા રખાય છે કે સવારે પહેલું કામ એ ચા બનાવવાનું કરે ને દિવસને અંતે રાંધી પણ સકે,થાકેલી હોય પણ અને છતાય એક રસોયણ, એક માં, એક પત્ની, એક બહેન- બધા જ પાત્રો ભજવવા સામે એ ફરિયાદ ના કરે એવી આશા રખાય છે.

એક સ્ત્રીને પોતાનું મિત્ર-વર્તુળ હોય છે, જેમાં છોકરાઓ પણ છે, છતાં એ સૌને એ પછની બાજુ રાખવા ઈચ્છે છે, જેથી તમારી અંદર છુપાયેલી અસલામતી ચન્છેદય નહિ અને એ પણ બધાની જેમ તેના મિત્રો વચ્ચે નાચી-ગાઈ શકે છે, પણ તે એમ કરશે નહિ- અને કોઈ એને કહેશે પણ નહિ, કેમ કે સમાજને એ ગમશે નહિ.
બહુ બોલવાથી બેશરમ, ચૂપ રહેવાથી મૂંગી!!
તૈયાર થઈને ફરું તો ફેશનેબલ, સીધીસાદી હું ગમાર!!

ઘરના કામ કરું તો કામવાળી, બહાર કામ કરવાથી અભિમાની!

રડી પડું તો નિર્બળ, હમેશા જાણે કરતી નાટક!!

હસતી રહું તો કહેવું અલ્લડ, મારા સ્મિતની જાણે લાગતી કરોડોની કીમત!!

આજે કહેવાતી હું એડવાન્સ, પણ, મોર્ડન સમાજ છતાં પણ જતાવે મુજ પર અહેસાન!!

પરિવારની પ્રણેતા અને બલિદાનોની હું અવિરત ગાથા!!

દીકરી, વહુ, પત્ની,માતા, છતાં પણ છે આ વ્યથા!!

બલિદાનોની પરાકાષ્ઠા અને સહજતાની સહજ પરિભાષા!!

મારી નથી આ પ્રાર્થના, સમાજને મારી આ પ્રસ્તાવના!!

માન આપી મહેકાવો દેશનાં સન્માનની આ સંભાવના !!

## "તું હી આદિ હૈ, તું અનાદિ હૈ, સૃષ્ટિ કા સાર હૈ, સત્ય મૈ હૈ તું, તથ્ય મૈ હૈ તું, તુજસે સંસાર હૈ."

પ્રા. ઉર્વિકા એસ. પટેલ,
આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

સ્ત્રીની બદલાતી ભૂમિકાનો સ્વીકાર હકારાત્મક અભિગમ દ્વારા ઓછો અને નકારાત્મક અભિગમ દ્વારા વધુ થાય છે. અનાદિકાળથી સ્ત્રીશક્તિનો સ્વીકાર કરનારા આપણે આપણી સંસ્કૃતિ – પરંપરાને વીસારી રહ્યાં છીએ. પરંપરાગત મૂલ્યોનું અનુકરણ વિશેષતઃ કથનમાં છે, વર્તનમાં – આચરણમાં નહિ. પરંપરાગત દૃષ્ટિકોણ બદલાતા ભાવજગતનો સ્વીકાર કરવા પ્રેરે છે પરંતુ એ સ્વીકારનો અમલ કરતાં દ્વિધા અનુભવે છે. આ દ્વિધા આપણા દૃષ્ટિકોણને ઉજાગર કરે છે. આ દ્વિધા શિક્ષણ દ્વારા ટાળી શકાય.

સમયના બદલાતા પ્રવાહમાં આપણે આધુનિકતાનો સ્વીકાર તો કર્યો પરંતુ એ સ્વીકારને અપનાવી શકીએ એટલા આધુનિક થયા નથી. આપણે સ્વ-ઓળખ પ્રાપ્ત કરવા ઇચ્છતી સ્ત્રીને સહકાર મળે અને અન્યને માટે પ્રેરણારૂપ બને એવા વાતાવરણનું સર્જન

કરવાનું છે. આ વાતાવરણ બાહ્ય અને આંતરિક એમ બન્ને દૃષ્ટિએ સર્જવાનું છે. આ સર્જન શિક્ષણ દ્વારા જ કરી શકાય. આ શિક્ષણ આપણી માનસિકતાને ઘડે છે. શિક્ષણ આપણી કુરૂઢિ અને મલિન માનસિકતાને દૂર કરી નવીન તરાહોને સ્વીકારવા – અપનાવવા પ્રેરે છે.

શ્રીમદ દેવીભાગવત અનુસાર સૃષ્ટિના આરંભે દુષ્ટોથી સૃષ્ટિનું રક્ષણ શક્તિ(સ્ત્રી) એ જ કર્યું હતું. શક્તિએ કરેલ આ રક્ષણ જ એની સક્ષમતા, સામર્થ્યને ઉજાગર કરે છે. આ સક્ષમતા અને સામર્થ્ય સાથે કરુણા, લાગણી, પ્રેમ, ધૈર્ય, સહનશીલતા જેવા ગુણો પણ જેની ઓળખ છે એ સ્ત્રી – શક્તિ પરાપૂર્વથી – અનાદિકાળથી સશક્ત છે.

વર્તમાન – સાંપ્રત સમયમાં આપણે સંકુલ પરિસ્થિતિમાં જીવી રહ્યાં છીએ. એક તરફ આધુનિકતાના માર્ગે પ્રયાણ કરીએ છીએ તો બીજી તરફ એટલા જ સંકુચિત બનતા જઈએ છીએ. આધુનિકતાનો આ સરંજામ શહેરથી લઈ ગામડાં સુધી પહોંચ્યો હોવા છતાં જ્યારે સ્ત્રી સ્વતંત્ર રીતે પોતાની ઇચ્છાનુસાર માર્ગ પસંદગીની વાત કરે ત્યારે એ સમાજ વધુને વધુ સંકુચિત થતો હોય એવું લાગે છે. વિચારોની આ લડત સ્ત્રીએ સ્વયં લડવાની રહેશે. ‘સ્વ’ને નવેસરથી ઓળખવા – ઓળખાવવાની રહેશે. એકથી વધુ પડકારો ઝીલવાનું સામર્થ્ય પણ સ્ત્રીમાં જ છે. સ્ત્રીએ માત્ર બાહ્ય દેખાવ કે આધુનિકતા નથી સેવવાની પરંતુ, વિશાળ મનવાળો, ખુલ્લા મનવાળો સમાજ તૈયાર

કરવાનો છે અને સમાજને એ માર્ગે દોરવાનો પણ છે. હજી સમાજ એટલો પુખ્ત નથી થયો કે સ્ત્રી સ્વતંત્ર રીતે વર્તી શકે, નિર્ણય લઈ શકે, કારણ કે, સમાજ જુદી જુદી રીતે સ્ત્રી સામે આક્રમણો કરતો રહ્યો છે. ટૂંકમાં, સમાજના આવા બેવડા ધોરણને અનાવૃત્ત કરવાની જરૂર નથી લાગતી? મધ્ય યુગ હોય કે સાંપ્રત સમય હોય, સહન તો સ્ત્રીએ જ કરવું પડે છે. વર્તમાનપત્રમાં આપણે વાંચીએ છીએ કે આંતરજ્ઞાતિ લગ્ન જ્યારે થાય ત્યારે સમાજના મોભીઓ એવું કહે કે યુવતીના પરિવાર સાથે સંપર્ક ન રાખવા પ્રતિબંધ મૂકે છે, જ્યારે યુવકના પરિવાર માટે આવો કોઈ પ્રતિબંધ મૂકવામાં આવતો નથી. સ્ત્રીની સુરક્ષિતતાના પ્રશ્નો ઉદભવે. આ માટે સ્ત્રીએ શારીરિક અને માનસિક - બન્ને રીતે સશકત, સક્ષમ થવું જોઈએ. સ્ત્રીની આ સશક્તતા પુરુષની આક્રમકતાનો સામનો કરવા માટે સક્ષમ છે.

"સમાનતા ખરા અર્થમાં હોવી જોઈએ, સર્વોપરિતા ન હોવી જોઈએ."








Talent Hunt 2019


School of Education


"Tej Trusha - Season 2"
Sports Event





# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.
અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.
સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.
સંસ્કારોની સુગંધ મહેકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ ભવ્ય રાષ્ટ્ર નિર્માણ ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ... ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...

9 788194 479932